
કુમાર


આવતી કાલનાં નાગરિકો ઘડતું માસિક

શ્રાવણ ૧૯૮૯



અંક ૧૧૬ મા

તંત્રી - રવિશંકર રાવળ



મુદ્રક : બચુભાઇ પોપટભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક : રવિશંકર મહાશંકર રાવળ; કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

વાર્ષિક લવાજમ, રૂા. ૬ (પરદેશના ૧૨ શિ.) ગ્રાહકો વર્ષની શરૂઆતથી (જાન્યુઆરીથી) જ નોંધાય છે.

મુંબાઈના એજન્ટ : સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨
સુરતના એજન્ટ : વનરાજ બ્રધર્સ : લીમડા ચોક : સુરત
જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ
મેસર્સ રાવળ બ્રધર્સ, મૂળજી જેઠા બિલ્ડિંગ, પ્રિન્સેસ સ્ટ્રીટ.



કુરાનનું વાચન

ચિત્રકાર · યુસુફઅલી વાલા

કુમાર
આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માસિકઃ શ્રાવણઃ સંવત ૧૯૮૯

દશા મનુજચિત્તની

(પૃથ્વી)

પ્રભો! ન અનુભૂતિ આ સુખતણી સહી જાય રે!
વધે અકથ બોજ, અંતરતટો ય તૂટી પડે,
મહાદ્રુતિ ઉછાળ શા પ્રબળ ઊર્મિઆવેગ ના
ચડી જ મદમસ્ત જીવનજળો ડખોળી જતા.

રહે ન સુધબુધ કૈં તરલ ચિત્ત ડોલાય હા!
રગેરગ, દમેદમે વિષમ વ્યાપતી મૂર્છના
પ્રસુપ્ત કરણો વિષે વિચલ વાયરાઓ વહે
સનાતન સ્થિરત્વનાં ય પટ તોડી-ફોડી દમે.

સડે દુખઃદગર્તમાં મનુજ ક્ષુદ્ર વાંછે તદા
સુખાનુભવ, ને રડે ત્વરિત એહને પામવા;
પરંતુ સુખ જ્યાં મળે વિવશ આત્મ એનો બને,
લગીર જીરવી શકે નહિ જ ઓઘ આનન્દનો.

વ્યથા નવ સહાય, ના સુખઘડી ય સ્હેવાય, એ
દશા મનુજચિત્તની અજબ શા વિરોધે ભરી?

રામપ્રસાદ શુકલ

'પ્રભુ! આ દુ:ખ હવે ખમાતું નથી; એમાંથી સત્વર મુકત કર' એવાં આક્રંદ તો સામાન્ય છે. પરંતુ જાગૃત આત્માઓને અનુભવ હશે કે સુખને વખતે પણ ઘણીવાર તેની પાછળ તીણું ધીમું દર્દ થયા કરે છે, અને એ આનંદ જીરવી શકાતો નથી. ચિત્તવૃત્તિનું આ સૂક્ષ્મ લક્ષણ પકડીને તેને વ્યકત કર્યું છે એ આ કાવ્યનું નવું અને અસમાન્ય તત્વ છે અને તે જ તેને મૂલ્ય અર્પે છે. પોતાનું કથન અત્યંત સરળ વાણીમાં વિશદતાથી કહેવાની શ્રી રામપ્રસાદની લાક્ષણિક ઢબ એમનાં કાવ્યોને અર્થપ્રવાહની જે સચોટતા અર્પે છે તે આમાં પણ છે, એટલે વાચનની સાથોસાથ જ તે અંતરમાં ઊતરતું જાય છે. પહેલી જ કડીમાં વાણીનું એમનું સ્વાભાવિક વહન, જોડણીનો જરાપણ ભંગ થવા દીધા વિના કેવી ઔચિતપૂર્વકની શબ્દરચના સાધી રહે છે! અને અંતરમાંથી વેદનાપૂર્વક નીકળતી એ પ્રાર્થના લીટીની શરૂઆતથી માંડીને શબ્દેશબ્દની સાથે વેહેતી આવતી અંતરમાં 'સહી જાય રે'ની સાથે તીવ્ર અસર ઉપજાવે છે. શબ્દસ્થાનનું એ જ ઔચિત્ય એ પછીની ત્રણે લીટીઓમાં છે; એકાદ અપવાદ સિવાય લગભગ આખા કાવ્યમાં છે, એ એનો ગુણ છે. કાવ્યાર્થ તો અતિ સરળ છે. સુખાનુભવ સહ્યો જતો નથી એનું વર્ણન પહેલી આઠ લીટીમાં કરીને નવમી લીટીથી તે પર મનન કરે છે કે ક્ષુદ્ર મનુજ કેવો વિચિત્ર છે! દુ:ખમાં હોય ત્યારે સુખને માટે ઝંખે છે અને સુખ મળે ત્યારે તે આનંદનો ઓઘ જીરવી શકતો નથી ને વિવશ બને છે. અને પછી છેલ્લી બે લીટીમાં આવી વિરોધ ભરી 'દશા મનુજચિત્તની' નો કોયડો વાચકના વિચારને માટે રજુ કરી દીધો છે.—બ. ક.

સામયિક ચિંતન

આશાવાદ એટલે અંધશ્રદ્ધા

(૧)

એક મિત્ર ઈજનેરી તાલીમ લેતો હતો. તેની સાથે એક દિવસ મારે નીચે પ્રમાણે વાતચીત થઈ:

'કેટલામા વરસમાં છો?'

'ફાઈનલમાં.'

'પછી માટે કાંઈ નક્કી કરી રાખ્યું છે?'

'અમારે તે વળી નક્કી કરી રાખવાનું શું હોય? અમારી લાઈનમાં જોઈએ એટલા ચાન્સ છે.'

'એ સાચું પણ...'

'ભાઈસાહેબ, મારી સાથે વાત કરવી હોય તો "પણ" ન વાપરતા.'

'માર્ડન વાંચતા હશો.'

'હા જી. એ તો ઠીક છે કે તમે મિત્ર છો. નહિતર બીજા નિરાશાવાદીઓ સાથે તો હું વાત પણ કરતો નથી.'

'સારી વાત. પણ હું નિરાશાવાદી નથી.'

'તો આવી શંકાશીલ વાતો કરવાનું પ્રયોજન?'

'તટસ્થ બુદ્ધિથી વસ્તુસ્થિતિનું અવલોકન તો કરવું જ જોઈએ.'

'એમાં અવલોકન શું કરવું હતું? જુઓ, હજુ હિંદમાં ઇલેક્ટ્રિકનો જમાનો ચાલ્યો આવે છે. અને એક દિવસ એવો પણ આવશે કે જેમ અત્યારે ગામડે ગામડે એક ડૉક્ટર, એક શિક્ષક, એક વકીલ અને એક પોલીસ અવશ્ય હોય છે તેમ જ એક ઇલેક્ટ્રિક એન્જીનીઅર પણ જોઈશે.'

'I see. So you want to add yourself up to the list of parasites no? (હં હં, સમજ્યો; તમે પણ બીજા પામર જંતુઓમાં તમારો વધારો કરવા ઇચ્છો છો, નહિ?)'

'તમારી દૃષ્ટિ જ વિકૃત થએલી છે એટલે તમને બધું એવું જ લાગે છે. ખરી વાત તો એ છે કે તમે જગતની પ્રગતિ તરફ નિરાશાવાદી છો, અને તેથી આવા સુંદર જમાનાની કલ્પનાથી તમે ડરી જાઓ છો.'

'તમારી ભૂલ છે. મનુષ્યની શક્તિ માટે મને માન છે, અને ગામડે ગામડે વીજળીક શક્તિની જરૂર ઊભી થાય એવી સ્થિતિના સંભવમાં હું માની શકું છું.'

'હં?'

'પણ સાથોસાથ મારો આશાવાદ મને બીજું કાંઈક શીખવે છે.'

'નિરાશાવાદ કહેતા જાઓ.'

'તમે એમ સમજજો. પણ મારો આશાવાદ તો એટલે સુધી જાય છે કે જે દિવસે હિંદને ગામડે ગામડે વીજળીક બળની જરૂર ઊભી થશે તે દિવસે વિજ્ઞાને એટલી બધી પ્રગતિ કરી હશે કે એક જ મધ્યસ્થ કારખાનું સારા યે હિંદને એ શક્તિ પૂરી પાડી શકશે. અને તેથી અનેક ઈજનેરો બેકાર પડતાં તમારૂં મગજ ચક્કીઓ ચલાવવા માટેના કે પાણી ખેંચવા માટેના યંત્રના ડ્રાઈવર તરીકે જ તમે વાપરી શકશો. પછી માણસો તમને "ઇજિનેર સાહેબ" નહિ પણ "ડરાઈવર" એ નામે સંબોધશે.'

'Impossible! You seem to be a cynic (અશક્ય! તમે કોઈ વક્રભાવી લાગો છો.)'

'પણ આ તો લપોડશંખના જેવી વાત છે ને? કયાં લેવું છે કે કયાં દેવું છે? જેવી તમારી એવી મારી કલ્પના.'

'નહિ, પણ તમારી કલ્પનામાં નિરાશાવાદ છે. સાહેબજી.'

(૨)

ઉપરની વાતચીતે મને વિચાર માટે ઘણો ખોરાક આપ્યો. પહેલું તો એ કે new thought સંબંધેનું થોડુંઘણું પરચુરણસાહિત્ય વાંચીને પોતાને આશાવાદી તરીકે ઓળખાવનારા કેટલા યે લાલા 'આશાવાદ'નો અર્થ 'પોતાની કલ્પનાને સુખમય લાગતી વિચારશ્રેણીને વળગી રહેવું' એવો જ કરતા હોય છે. જગતમાં કડવાશનું અસ્તિત્વ જ નથી એમ પોતાની કલ્પનાને મનાવવા એ લોકો તનતોડ મહેનત કરી રહ્યા હોય છે. અને કદાચ તેઓની નજર જીવનનાં કડવાં સત્યો તરફ દોરવામાં આવે તો તેઓ તેને નિરાશાવાદ

કહે છે. તેઓની મોટામાં મોટી દલીલ એ હોય છે કે 'એવા નિરાશા-સૂચક વિચારોથી ફાયદો શો ?'

અને આ આશાવાદનો અતિરેક જુદાજુદા સંજોગોમાં જુદું-જુદું પરિણામ ઉપજાવે છે. કોઈ સ્થાને આપણને આવા આશાવાદથી છલકાતા યુવાનો ભેટે છે જેઓ પોતાને સંબંધે બધાં દુઃખને કલ્પિત માને છે. જોકે વાત આટલેથી જ અટકતી હોય તો બહુ સારૂં કહેવાય; પણ તેઓ તો આખી માનવજાતને એ સૂત્ર લાગુ પાડી, દુઃખમાં સબડતી માનવતા તરફ સહાનુભૂતિ બતાવવાને બદલે પોતાના આશાવાદના શિખર પર ઊભા રહી, કાં તો તિરસ્કારભરી દૃષ્ટિ કરી રહ્યા હોય છે, અથવા તો એ તિરસ્કારથી પણ ખરાબ દયાનાં બેત્રણ બુંદ ફેંકી રહ્યા હોય છે. ત્યારે બીજી બાજુ, જીવનના અનુભવોથી ઘડાએલા કોઈ વૃદ્ધ વિચારકો એ જ આશાવાદના પૂરમાં આખી માનવજાતને એવી ભલી માની બેસે છે કે કોઈના પણ અનુદાર આશયની શંકા લાવવી એ પણ એમને મન પાપ લાગે છે. અને આ બે છેડાઓ વચ્ચે આ કહેવાતો આશાવાદ અનેક સ્વરૂપો ધારણ કરે છે.

પણ આ બધા આશાવાદના મૂળમાં ઊંડા ઊતરવા આપણે પ્રયત્ન કરીશું તો જણાશે કે પ્રાર્થના કરવાની વૃત્તિમાંથી જ તે જન્મે છે. વસ્તુતઃ પોતાને નવા વિચારનો કહેવડાવતો હોવાથી તેના જૂના રૂપમાં પ્રાર્થના કરતાં શરમાતો આજનો માનવ એ જ પ્રાર્થનાને જુદું રૂપ આપી આશાવાદી બન્યો છે. સૈકા પહેલાંનો મનુષ્ય 'ન્યાયી', 'દયાળુ' 'સર્વજ્ઞ' એવાં બધાં ઉપનામોથી પ્રભુની ખુશામત કર્યા પછી પ્રાર્થના કરતો કે 'હે પ્રભુ ! મારા શત્રુઓનો સંહાર કરજે.' આવાઓ માટે એક મહાન વિચારકના વિચારો (God The Invisible King By H. G. Wells. P. 46) એના પોતાના જ શબ્દોમાં આપવાની લાલચ રોકી શકાતી નથી. તે કહે છેઃ

God does not guide our feet. He is no sedulous governess restraining and correcting the wayward steps of men. If you would fly into the air, there is no God to bank your aeroplane correctly for you or keep an ill-tended engine going; if you would cross a glacier, no God nor angel guides your steps amidst the slippery places. He will not even mind your innocent children for you if you leave them before an unguarded fire. Cherish no delusions; for yourself and others you challenge danger and chance on your own strength; no talisman, no God, can help you or those you care for. Nothing of such things will God do; it is an idle dream.

(ઈશ્વર આપણા પગને દોરશે નહિ. મનુષ્ય ભૂલો કરતો ફરે તે સુધાર્યા કરવાને તે નવરો નથી. તમે હવામાં ઊડશો ત્યારે તમારા વિમાનને સાચી દિશામાં લઈ જવાની કે ખોટકાઈ પડેલા યંત્રને સારૂં કરી દેવાની તેને પડી નથી. કે તમે બરફમાં મુસાફરી કરતા હો ત્યારે તમને ખાડામાં લપસી પડતા બચાવવા કોઈ પ્રભુ નહિ આવે. અરે ! તમારાં નિર્દોષ બાળકોને તમે અગ્નિ પાસે છુટ્ટાં મૂકી દેશો તો એ બિચારાંઓની નિર્દોષતા ખાતર પણ તે તેનો બચાવ કરવા નહિ આવે. આવા બધા ભ્રમ જવા દેજો. એક વાત ખાસ યાદ રાખી લેજો કે તમે જોખમો અને કિસ્મત સાથે યુદ્ધ કરો ત્યારે તમારે જ હિસાબે અને જોખમે તે તમારે કરવાનું છે, પછી તે તમારા સ્વાર્થને માટે હોય કે બીજા કોઈને માટે. કોઈ યે દૈવી શક્તિ તમને કે તમારાં પ્રિયજનોને મદદ કરવા આવનારી નથી. ઈશ્વરને એ બધું કરવાની ફુરસદ નથી. એ બધા સ્વપ્નશિલ્પીઓના હવાઈ કિલ્લા જ માત્ર છે.)

જોઈ શકાશે કે અત્યારના કહેવાતા આપણા આ આશાવાદી બંધુનું માનસ પણ આ જુગજૂના ભકતના જેવી જ કાંઈક રમત રમી રહ્યું છે. તેના પોતાના દૃષ્ટિબિંદુથી ઠીક ન લાગતાં બધાં દસ્યો તરફ તે દુર્લક્ષ કરે

છે, અને કોઈ વસ્તુ તરફ દુર્લક્ષ કરવું કે તેનો નાશ ઇચ્છવો એ બન્ને માનસશાસ્ત્રીઓને મન એકસરખું જ છે. આથી ઉપર જે વિચારકના શબ્દો આપેલા છે તેમાં 'ઇશ્વર' ને બદલે 'આશાવાદ' મૂકી દેતાં તે આવા આશાવાદીઓને પણ લાગુ પડી શકશે.

માટે આવા આશાવાદીઓએ જાણવું જરૂરનું છે કે આશાવાદ એટલે જીવનનાં નગ્ન સત્યો સામે આંખમીચામણાં નહિ. આપણી કલ્પનાને અપ્રિય હોય એવી પરિસ્થિતિ જગતમાં અસ્તિત્વ જ નથી ધરાવતી એમ માની બેસવાથી તેનું અસ્તિત્વ નાબુદ નહિ થાય. અને આવી જાતની કલ્પનાઓમાં મસ્ત રહેનાર પોતાને આખી માનવજાતથી ઉચ્ચ માનસવાળો માનવાના ભ્રમમાં મોજ માણતો હોય તોપણ, પોતાના શત્રુને સંહારવા માટે દયાળુ અને ન્યાયી પરમેશ્વરને સલાહ આપનાર 'ભક્ત' થી ઉચ્ચતર તેનું ભેજું નથી જ એમ મારા જેવા નિરાશાવાદીઓ તો કહેવાના જ.

હવે પ્રશ્ન એ થશે કે સાચો આશાવાદ કેવો હોય ? આ સંબંધમાં પણ ઉપરના જ વિચારકના શબ્દો આપણે લઈએ. તે ઉપરના વિચારોના અનુસંધાનમાં જણાવે છે કે

But God will be with you nevertheless. In the reeting aeroplane or the dark ice-cave God will be your courage. Though you suffer or are killed, it is not an end. He will be with you as you face death; he will die with you as he has died already countless myriads of brave deaths. He will come so close to you that at the last you will not know whether it is you or he who dies and the present death will be swallowed up in his victory.

(અને તેમ છતાં ઇશ્વર તમારો જીવનનો સંગાથી હશે. વિમાન સાથેના જીવસટોસટના ખેલમાં કે અંધારી હિમગુહાઓમાં ઇશ્વર તમારી હિંમત બની રહેશે, અને તમને દુ:ખ પડે કે તમે ખતમ થઈ જાઓ છતાં તમારી ધીરજ તે ટકાવી રાખશે. તમે મૃત્યુને ભેટશો ત્યારે પણ તે તમારી સાથે જ રહેશે, અને આજ દિન પહેલાં તે જેમ અનંત કરોડો વખતે મરી ચૂકયો છે તેમ તમારી સાથે પણ હિંમતથી મરશે. તે તમારા જીવનમાં એવો વણાઈ જશે કે છેલ્લી ઘડીએ, મરનાર કોણ તમે કે તે, એ જ કોયડો તમારાથી નહિ ઉકલે. અને તેથી જે મૃત્યુ તમે મરશો તે મૃત્યુનો ડંખ એ વિજયના આહ્લાદમાં ઓગળી જશે.)

ઉપરના બધા વિવેચનથી જોઈ શકાશે કે આશાવાદ એટલે જીવનની કાળી બાજુ તરફ દુર્લક્ષ કે તેના અસ્તિત્વનો ઇન્કાર કરી મનને આનંદમાં રાખવાની કોઈ કરામત નહિ; પણ આશાવાદ એટલે જીવનનાં જે ભયંકર દશ્યોથી બીજાં મનુષ્યો ડરીને ભાગતાં હોય તેની સામે હિંમતથી થઈને તેને ભેટવાની તત્પરતા.

આથી એ સહજ સમજાશે કે જે માણસ એમ કહે કે 'જીવનનાં બધાં દુ:ખો કલ્પિત છે' તે તેના મનના ઊંડાણમાં દુ:ખથી ડરતો હોવાથી તે દુ:ખ સામે જોઇ શકતો નથી, અને તેથી તેની સામે આંખો બંધ કરી એ ભયંકર દશ્યથી બચવા માગે છે. ત્યારે બીજી બાજુ જે એમ કહે કે 'જીવનનાં બધાં કડવાં સત્યોને ભેટવા હું તૈયાર છું.' તે એવાં દુ:ખોનું અસ્તિત્વ કબૂલ કરવા કરતાં તેને ભેટવાની શક્તિથી સજ્જ થએલો છે. અને આમ દુ:ખની હયાતીનો ઇન્કાર કરનાર કરતાં દુ:ખોને આહ્વાન આપનારો વધુ મોટો આશાવાદી છે. આ જ પ્રમાણે 'બધાં મનુષ્યોમાં ઈશ્વરી અંશ છે' એમ કહેનારા સંતજનો કરતાં 'માણસમાત્ર સેતાનનાં પૂતળાં છે, પણ કુછ ફિકર નહી' એમ કહેનારનો આશાવાદ વધુ નક્કર છે.

અને આ બધી દલીલો છતાં પોતાના આશાવાદ માટે ગર્વ લઈ કાળા રંગને ભ્રમ માનનારા બધા આશાવાદીઓ કાળા રંગ સંબંધેની મારી આ મીમાંસા તરફ તિરસ્કારભરી નજરે હસી રહ્યા હશે, અને જીવનમાં 'એ રંગ પણ છે' એમ કલ્પવાના મારા ભ્રમ તરફ દયા પણ ફેંકી રહ્યા હશે. પણ મને તેની પરવા નથી.

હરિકૃષ્ણ વ્યાસ

પોતાના જન્મ વડે યુરોપને બડભાગી બનાવનાર
ખ્રિસ્તી ધર્મસમાજના દારિદ્રયદીક્ષિત સંત પુરુષ

સંત ફ્રાન્સિસ

ઇસુની બારમી સદીના અંતિમ દિવસોમાં એ સંતના નામ સાથે યુકત 'અસીસી' નગરમાં આ વિરલ સંતનો જન્મ થયો હતો. જે નગરમાં દીનબંધુ સાધુ ફ્રાન્સિસે પ્રથમ જગતનો પ્રકાશ ભાળ્યો એ ઇટલીના ઊનિયા પ્રાંતમાં આવેલું છે. એ મહાભાગી નગર આજે પણ ઇતિહાસના પાને એ સંતના નામ સાથે મશહૂર થયું છે. સંત ફ્રાન્સિસ કહેવાય જ છે 'અસીસીના સંત ફ્રાન્સિસ.'



એક વખતની પરાધીન એવી અસીસીની પ્રજાએ ભગીરથ પ્રયાસના પરિણામે પોતાના નગરની સ્વાધીનતા સંપાદન કરી. એટલામાં એની સમીપના પેરૂગીઆ રાજ્યની શત્રુતા વળી પાછી એને શિરે ઝઝૂમવા માંડી. અસીસીના નાગરિકોમાં નવું ચેતન સ્ફુર્યું અને એમણે અત્યંત ઉત્સાહભેર પોતાની શક્તિ સંગઠિત કરવા માંડી. શહેરની ચારે બાજુ ફરતો મજબૂત કિલ્લો ચણાયો. આસપાસનાં ગામડાંઓના સ્વેચ્છાચારી જમીનદારોને કાબૂમાં લાવવાના પ્રયાસ થવા માંડ્યા. કેટલા યે જમીનદારોએ નાસીને પેરૂગીઆમાં આશ્રય શોધ્યો. શત્રુને તો આવો પ્રસંગ પ્રતિપક્ષીને હીણપત લગાડવાનું ઉત્તમ સાધન હોય છે. પેરૂગીઆએ એ પ્રસંગનો બરાબર લાભ ઉઠાવ્યો. યુદ્ધનાં દુંદુભિ વાગવા માંડ્યા. તુમુલ યુદ્ધ મચ્યું. અસીસીના નાગરિકોએ મરણીઆ થઇ બાથ ભીડી અને પોતાના શૌર્યનો પરચો શત્રુઓને કરાવ્યો. પરંતુ અંતે તો એમનો પરાજય જ થયો. એના કંઇ કેટલા યે સેનાનાયકો અને અસંખ્ય સૈનિકો કેદ પકડાયા. એમાં અસીસીના વૈભવશાળી વ્યાપારી પાઇટ્રો બર્નાર્ડોનનો પુત્ર ફ્રાન્સિસ પણ હતો. પેરૂગીઆનો આ કેદી તે વિશ્વની તવારીખને પાને પોતાની અમર પગલીઓ પાડનાર—વિશ્વને પોતાના મનુષ્યજન્મ વડે બડભાગી બનાવનાર એ અસીસીનો સંત ફ્રાન્સિસ! અનેક મહાન આત્માઓના બલિ વિના કદી જગત ઉન્નત બન્યું છે ખરૂં? એવાઓની ભસ્મમાંથી જ જગતોદ્ધારના અંકુરો ફૂટ્યા છે એમાં શક નહિ; પરંતુ એમને લલાટે તો ફાંસીનો માંચડો (cross) કે ઝેરનો પ્યાલો જ લખાયો હોય છે!

ફ્રાન્સિસનો જન્મ ઈ. સ. ૧૧૮૨માં થયો હતો. આ વેળા એની ઉમર આશરે વીસેક વર્ષની હશે. એ અસીસીના નૌજવાનોનો પ્રિય નાયક હતો. એ ભારે હિંમતવાળો અને સ્વતંત્ર ખવાસનો હતો. છતાં એટલો જ મીલનસાર પણ હતો. એ રહેતો એક રાજકુમારના દબદબાથી! સારાં વસ્ત્રાભુષણો પહેરવાં, ખૂબ ખર્ચ કરવો અને ગાનતાનમાં દિલ બહલાવવું એ એનો શોખ! વિદ્યા તરફ એને ખાસ રૂચિ નહોતી. ધનિક પિતા તો એટલું જ ઇચ્છતો કે નગરમાં એ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરે અને લોકપ્રિય નીવડે. એ કારણે એ ફ્રાન્સિસના ઉડાઉપણાને તથા એની ખર્ચાળ રહેણીકરણીને કદી રોકતો નહિ.

પ્રેમપંથી કવિઓનો આદર્શવાદ

આ પરિસ્થિતિમાં જો કદી ફ્રાન્સિસ પણ અનેક નવયુવકોની પેઠે વિષયભોગનો દાસ બનીને પથભ્રષ્ટ થાય તો એમાં આશ્ચર્ય નહોતું. પરંતુ બચપણથી જ એના સ્વભાવમાં કોઈ અસ્પષ્ટ આદર્શ પ્રતિ આદરભાવ હતો. ભોગવિલાસના ઉત્સવોમાં એ ઉત્સાહભેર સહર્ષ ભાગ લેતો; પરંતુ એના સાથીઓ જ્યાં આગળ

*ખ્રિસ્તી સંસારમાં ચાર મહાપુરુષો સંત ફ્રાંસિસના નામે મશહૂર છે આ ચરિત્ર નાયક St. Francis of Assisi છે, જે એ ચારે સંતોમાં અધિક મહાન અને વિખ્યાત છે.

વધતા ત્યાં એ રોકાઈ જતો, અને આચારભ્રષ્ટ થતાં બચતો. એ સમયે દક્ષિણ ફ્રાંસમાં રહસ્યવાદી કવિઓનો એક સંપ્રદાય* હતો. એમાંના કેટલાક લોકો છેક ઇટાલીમાં પણ ગાતા ગાતા ઘૂમતા. એ હતા તો પ્રેમપંથી કવિ, પણ એમનો પ્રેમ હતો કોઈ અલૌકિક, કાલ્પનિક અથવા પરોક્ષ પ્રેમિકામાં આરૂઢ ! એ મધુર ગીતો દ્વારા તેઓ યૌવનનાં સુખદુઃખના યશ ગાતા, ત્યાગ અને ઉપાસનાના ભાવમિશ્રિત પાવન પ્રેમનો મહિમા ગાતા, અને કોઈ ઉચ્ચ આદર્શ માટે સાહસ વડે યુદ્ધ કરતાં કે હસતાં હસતાં કઠિન કષ્ટ સહન કરી શકે કે મોંઘું આત્મ બલિદાન કરી શકે એવી ઔદાર્યપૂર્ણ વીરતાનાં યશોગાન કરતા. એમના મહાન સંગીતનો પ્રભાવ ફ્રાન્સિસ પર પણ પડ્યો. પરિણામે એ એના વિચારોની અધોગતિમાંથી ઊગર્યો. 'હું પણ એમની માફક કવિ બનું, હું પણ કોઈ મહાન ધ્યેયને માટે યુદ્ધ કરૂં અને સાચો વીર બનું" એવા ભાવો એના દિલમાં ઊગવા લાગ્યા. ડહાપણની સાથે એનામાં સમતા, દયા અને સહનશીલતા પણ હતાં જ. એ અપવ્યયી હતો છતાં દાતા હતો. પરંતુ આ સર્વ છતાં એને એ વેળા એના જીવનકાર્ય કે ધ્યેયનું ખાસ ભાન નહોતું. સમાજમાં પ્રતિષ્ઠા અને યુદ્ધમાં વિજયપ્રાપ્તિ એ એનું લક્ષ્ય, એ એની મહત્ત્વાકાંક્ષા ! એની માતાએ તો પુત્રને એથી પણ વધુ સારી રીતે ઓળખી લીધો હતો. પડોશીઓએ એક દિવસ એને કહ્યું કે તારો પુત્ર તો રાજકુમારની માફક રહેવા ઇચ્છે છે. કિંતુ માતાને તો પુત્રની એ વિલાસપ્રિયતાના ભીતરમાં દયા, ભક્તિ, અને વિનયશીલતાનાં દર્શન થયાં હતાં, એટલે એણે તો બેધડક ઉત્તર દીધો કે 'નહિ, મારો પુત્ર તો ઇશ્વરપુત્ર થશે.'

નવજીવનનો પ્રારંભ

લગભગ એક વર્ષ ફ્રાન્સિસ કેદમાં રહ્યો. એ પોતે તો ખૂબ આનંદમાં રહેતો, પણ સાથેસાથે અન્યોને પણ એટલા જ પ્રસન્ન રાખવાનો પ્રયાસ કરતો. એનો એક સાથી હતો, જેના તરફ સર્વ કોઈને અભાવ હતો. એ એક પ્રકારે બહિષ્કૃત હતો એમ કહી શકાય. ફ્રાન્સિસ કોઈની પણ પરવા ન કરતાં એની સાથે મિત્રવત્ વર્તન રાખતો અને એને પ્રસન્નચિત્ત તથા ખુશ રાખવાની ખાસ ચેષ્ટા કરતો. અંતમાં બધાઓએ એની સાથે મેળ જમાવી લીધો.

જેલમાંથી છૂટીને એ અસીસી પહોંચ્યો. ત્યાં જતાંવેંત એ જ્વરનો ભોગ થઈ પડ્યો અને મહિનાઓ સુધી એ બિછાનામાંથી ઊઠી શકવા જેટલો પણ તાકાદવાન ન રહ્યો. આ બધો સમય એને વિચાર-ચિંતનનો મોકો મળ્યો. એનામાં ગંભીરતાએ પ્રવેશ કર્યો. ક્રમશઃ એ સારો તો થવા લાગ્યો, પણ રોગે જિંદગીભર એનો કેડો ન છોડ્યો. યૌવનની સ્ફુર્તિ અને આકાંક્ષા એક વખત પુનઃ કાર્યક્ષેત્ર શોધવા લાગ્યાં. ખ્રિસ્તી સંપ્રદાયનો મુખ્યાધિપતિ પોપ એ વેળા જર્મન સમ્રાટ સાથે યુદ્ધ ખેલી રહ્યો હતો. પોપના ધર્મધ્વજ હેઠળ દૂરદૂરથી વીરગણ આવી રહ્યા હતા. ફ્રાન્સિસની પણ યશપિપાસા જાગી ઊઠી. હથિયાર સજીને તથા તેજી ઘોડાપર સવાર થઈને એ યુદ્ધ માટે ચાલી નીકળ્યો. એનું મહત્ત્વાકાંક્ષી હૃદય નવીન આશાઓથી ભરેલું હતું. જતી વખત એણે ભવિષ્ય ભાખ્યું કે 'હું એક પ્રસિદ્ધ પુરુષ થઇને પાછો ફરીશ.' પરંતુ અદૃશ્યે તો એને કોઈ અનેરા જ યુદ્ધ માટે નિયત કર્યો હતો!

બીજે દિવસે સાંજે એણે સ્પોલેટો શહેરમાં પડાવ નાખ્યો. એ રાત્રિએ અર્ધ-જાગૃત અવસ્થામાં એણે આ અદૃષ્ટ વાણી સાંભળી કે 'સેવકની સેવા કરતાં પ્રભુની સેવા શ્રેષ્ઠકર છે. જા, જન્મભૂમિમાં પાછો ફર; ત્યાં તને ભાન થશે કે તારે શું કરવાનું છે.' એણે તો બીજે દિવસે પ્રાતઃકાળે પોતાના વતન તરફ પગલાં માંડ્યાં. લોકોને આશ્ચર્ય થયું. કૈંકે કહ્યું પણ હશે કે 'ડરી ગયો.' પણ ફ્રાન્સિસના તો નવજીવનનો પ્રારંભ થઈ ચૂકયો હતો. એ પાછો મિત્રમંડળને મળ્યો. પણ હવે તો આધ્યાત્મિક ક્રાંતિની અચૂક છાપ એના મુખ ઉપર દેખાતી. લોકોએ તો કહ્યું કે 'એ કોઈ સુંદરીના પ્રેમમાં ફસ્યો છે!'

જ્યારે એ પોતાની આસપાસ ફેલાએલાં રોગ, દીનતા, અને દરિદ્રતા સાથે પોતાના જીવનની તુલના કરતો ત્યારે એનો આત્મા વ્યાકુળ થતો—કકળી ઊઠતો. મિત્રમંડળથી નિરાળો પડી એ ઘણુંખરૂં એક પ્રાચીન નીરવ સમાધિ પર વિચાર, ચિંતન અને પ્રાર્થના કર્યા કરતો. આધ્યાત્મિક આશ્વાસનને માટે

*The Ironbadowis of Province



પક્ષીઓને પ્રબોધતા સંત ફ્રાન્સિસ

જીવનમાં સ્વેચ્છિત દારિદ્રની આ પહેલી ઝલક હતી !

બાલ્યાવસ્થાથી જ એને કોઢપીડિતો તરફ ભારે અણગમો હતો. એક દિવસ એ બહારથી ઘૂમીને ઘેર પાછો ફરતો હતો, એવામાં રસ્તે એને એક કોઢિયા ભિખારીનો ભેટો થયો. એનું આખું શરીર એ ઘૃણિત રોગથી ગલિત અને કુરૂપ બની ગયું હતું. એણે ફ્રાન્સિસ પાસે ભિક્ષા માગી. એને જોઈ ને જ ફ્રાન્સિસના હૃદયમાં કમકમાં આવ્યાં છતાં તત્ક્ષણ એનું આધ્યાત્મિક સાહસ જાગૃત થયું. એને તરત જ વિચાર આવ્યો કે એ હતી એના આત્માની પરીક્ષા. આ આત્મયુદ્ધ સાધારણ યુદ્ધો કરતાં અધિક કઠણ હતું. એ તરત જ ઘોડા પરથી ઊતરી પડ્યો તથા દોડીને એ કોઢિયાને છાતી સરસો ચાંપ્યો અને પછી પાસે જે કંઈ હતું એ એને આપી દઈ પાછો ફર્યો. થોડે દૂર જઈ એણે પાછા વળી જોયું, પણ એ કોઢિયાનો ક્યાં યે પત્તો જ નહોતો !

સામાજિક મહત્ત્વાકાંક્ષા ફ્રાન્સિસના હૃદયમાંથી નિર્મૂળ થઈ હતી, કિન્તુ એને હજી સુધી કોઈ નવીન પથ દૃષ્ટિગત નહોતો થયો. એને હરહમેશ એવો ભાસ થયા કરતો કે કોઈ અદૃષ્ટ શક્તિ એને માર્ગ દેખાડશે. નગર બહાર 'સંત ડામિયન'નું એક જીર્ણ મંદિર હતું. એક દિવસ ફ્રાન્સિસ ત્યાં ઘૂંટણીએ પડીને પ્રાર્થના કરવામાં લીન હતો એ વેળા એને 'ક્રૉસ'માંથી સહસા

એણે ખ્રિસ્તીઓના મુખ્ય યાત્રાધામ—કેન્દ્રસ્થાન—રોમની યાત્રા કરી. ત્યાં ઈસુના શિષ્યોની સમાધિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી. યાત્રાનાં ધામો સર્વ સ્થળે અને સર્વદા ભિક્ષુકોથી ઊભરાતાં હોય છે. રોમ એ સામાન્ય નિયમનો અપવાદ નહોતું. અહીં પણ ભિક્ષુકોનાં જૂથ ફ્રાન્સિસે ભાળ્યાં અને એને પણ ભિક્ષુજીવનનો આસ્વાદ લેવાનું મન થયું. એક ભિક્ષુકને થોડા પૈસા આપી એણે એનાં વસ્ત્રો માગી લીધાં અને એ પહેરીને આખો દિવસ એણે સામાન્ય ભિક્ષુકની માફક ભીખ માગવામાં ગુમાવ્યો. ફ્રાન્સિસના

નીકળતી વાણી સંભળાઇ કે 'ફ્રાન્સિસ, તું દેખતો નથી? આ મારૂં મંદિર તૂટી ગયું છે, એનો જીર્ણોદ્ધાર કરાવ.' ફ્રાન્સિસે તો આ આજ્ઞાનો શબ્દાર્થ ગ્રહણ કર્યો. નવીન ઉત્સાહથી ઓતપ્રોત થઈ એ એના પાલનના કાર્યમાં મંડી પડ્યો.

ગૃહત્યાગ

એ જીર્ણ મંદિરની મરામત માટે ધનની જરૂર હતી. ફ્રાન્સિસે પોતાનો ઘોડો અને પોતાના પિતાની દુકાનમાંનાં કિંમતી કપડાં ચોરીછૂપીથી વેચી નાખ્યાં. એ સમાચાર મળતાં જ એના પિતા ક્રોધાયમાન થયા. પિતાના ક્રોધથી અને લોકલાજથી બચવા લગભગ એક માસ સુધી કોઇક ગુફામાં એ ભરાઈ રહ્યો. એ અજ્ઞાત એકાંતવાસમાં એને પ્રાર્થના અને આત્મ-ચિંતનનો સુયોગ પ્રાપ્ત થયો. ઇશ્વરે એના આત્માને બળ સમર્પ્યું. 'જ્યારે મેં પરમાત્માની સેવામાં જ સર્વ કંઈ સમર્પિત કરવા નિરધાર કર્યો છે તો પછી મારે કોઈથી ડરવાની જરૂર જ શી છે?' એવો એને વિચાર આવ્યો અને એ ગુફા છોડી એ અસીસી પાછો આવ્યો. કષ્ટસહન, ઉપવાસ અને અંતર્દ્વંદ્વથી એનું શરીર કૃશ થઈ ગયું હતું. એ પાગલની માફક રસ્તા પર ધૂમવા લાગ્યો. લોકો હાંસી કરતા, કોઈકોઈ એને મ્હેણાં દેતા, પણ એ તો સર્વ કંઈ ચૂપચાપ ગળી જતો. એનાથી પીટર બર્નાર્ડોનની ઈજ્જતને ધક્કો પહોંચ્યો. એણે પુત્ર ઉપર આશાની જે ઈમારત ચણેલી તે મિટ્ટીમાં મળતી દેખાઈ. એ ફ્રાન્સિસને પકડીને ઘેર લઈ આવ્યો, એને થોડોઘણો પીટ્યો પણ ખરો અને ઓરડામાં પૂર્યો. એના હાથે હાથકડી અને પગોમાં બેડીઓ પડી. એ નાખી પિતા વ્યવસાયાર્થે બહાર ચાલ્યો ગયો!

પણ માતા તો પુત્રના વિચારો—સદ્ભાવો ઝીલતી હતી; જોકે એ પણ એવું તો નહોતી જ ઇચ્છતી કે ફ્રાન્સિસ ઘરબાર તથા સર્વકોઇનો ત્યાગ કરે. એણે પુત્રને સમજાવવાનો પ્રયત્ન કર્યો. ફ્રાન્સિસને તો નવીન જ્યોતિનાં દર્શન થયાં હતાં. માતાનો પ્રયત્ન વિફળ ગયો. પણ એણે ફ્રાન્સિસને બંધનમુક્ત તો કર્યો જ. બર્નાર્ડોન ઘેર ફર્યો ત્યારે એણે ફ્રાન્સિસને ન ભાળ્યો. માતાએ પુત્રને આશીષ દઈ વિદાય કરી દીધો હતો!

બળપ્રયોગથી પુત્રની સાન ઠેકાણે લાવવામાં વિફળ નીવડેલા પિતાએ ક્રોધને વશ થઇ એને ભવિષ્યના સઘળા પિતૃક અધિકારોથી ચ્યૂત કરવાનો નિશ્ચય કર્યો, એટલું જ નહિ પણ ફ્રાન્સિસ પર એણે વેચેલાં કપડાંની કિંમતનો દાવો માંડ્યો. લાટ–પાદરીની કચેરીમાં ઉપસ્થિત મેદની સામે ફ્રાન્સિસે કહ્યું :

'આજસુધી હું મારી જાતને પીટર બર્નાર્ડોનનો પુત્ર કહેતો હતો. આજથી સ્વર્ગસ્થિત પરમાત્મા એક જ મારા પિતા છે. કેવળ એનું ધન જ નહિ, પરંતુ એણે દીધેલાં આ કપડાં સુદ્ધાં એને હું પાછાં આપું છું.' આ કહેતાંવેંત એણે પોતાનાં સર્વ કપડાં ઉતારી દઈ દીધાં. લોકોએ જોયું કે એણે કપડાં નીચે કેવળ કામળાનું એક પહેરણ જ પહેર્યું હતું. પોતે દીન અને દલિતોનો કુટુંબીજન બની સ્વતંત્રતાપૂર્વક એમની સેવા કરી શકે એટલા માટે એણે માતપિતા, અને ધનસંપત્તિ સર્વકંઇનો પરિત્યાગ કર્યો. એ દિવસ એ એના સ્વેચ્છિત દારિદ્રની દીક્ષાનો દિવસ હતો. એ હમેશાં કહેતો કે 'એ દિવસે દરિદ્રતાદેવી સાથે મારો વિવાહ થયો.'

ન તો એની પાસે કંઈ દ્રવ્ય હતું કે ન તો હતાં કમાણીનાં કોઈ સાધનો; નહોતું એને ઘર કે નહોતાં હવે માતાપિતા અગર બંધુ! કકડતી ઠંડી પડી રહી હતી. બહાર બરફ વરસતો હતો. કોઈ પણ પ્રકારના રક્ષણ વિના, એક કામળી કેવળ ઓઢીને એ વૈરાગ્ય–બદ્ધ યુવકે વિસ્તૃત સંસારમાં ઝુકાવ્યું. બહાર આવતાં વેંત એના મુખમાંથી સહસા 'પ્રેમપંથી' કવિઓના ગીતની નીચેની લીટી સરી પડી :


'ઉપાસનામંદિરોનો જીર્ણોદ્ધાર'

અસીસીની ગલીઓમાં ગીત લલકારતો લલકારતો એ ઇંટ, પથ્થર તથા ચુનાની ભીખ ટહેલતો અને જે કંઈ મળે એ પોતે ઊચકી મંદિર સુધી લઈ જતો તથા જાતે મરામત કરતો. કયારેક કયારેક કોઈ ગરીબ ખેડૂઓ આવીને એને સહાય કરતા. વટેમાર્ગુઓને આ પુણ્યકાર્યમાં મદદ કરવા એ આગ્રહ કરતો. એ સિવાય એ રક્તપીતીઆઓની ઇસ્પિતાલમાં અને એમના રહેઠાણ પર જઈ એમની સેવામાં આલ્હાદ લેતો. ભિક્ષામાં એમને જે ઉચ્છિષ્ટ અન્ન મળતું તેમાંથી લુખો–સુકો હિસ્સો એ ભારે આનંદ સાથે ગ્રહણ કરતો. લોકો એની હાંસી કરતા, એનું અપમાન કરતા, પરંતુ ફ્રાન્સિસ તો પોતાની ફકીરીમાં મસ્ત હતો. તે એ સર્વથી નિર્લેપ રહી શકતો.



સાંતાલ બહેનો

ચિત્રકાર • કૃષ્ણલાલ ભટ્ટ



ગોવર્દ્ધન (મથુરા)માં ભરતપુરના મહારાજાએ બંધાવેલી છત્રી
ફોટો · પંચાણભાઇ ધારા · જામનગર

સંત ડામિયનના મંદિરનો જીર્ણોદ્ધાર થયો. સમય જતાં એ જ મંદિરને ફ્રાન્સિસે સ્થાપેલા ભિક્ષુણી-સંઘનું કેન્દ્ર બનાવવામાં આવ્યું. એ પછી એણે પોરજિયુનકુલેના મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો. એ પવિત્ર સ્થળ પર ફ્રાન્સિસી ભિક્ષુ-સંઘના શ્રીગણેશ મંડાયા.

ફ્રાન્સિસનું વ્યક્તિત્વ

આ વેળા ફ્રાન્સિસની વય કેવળ પચીસ વર્ષની હતી. એનું શરીર દૂબળું અને કદ સામાન્ય હતું. જીવનભર રોગનું આક્રમણ એના પર ચાલુ જ રહ્યું, તોપણ એની સ્ફૂર્તિ અને સહનશીલતા અદ્ભુત હતાં. સહૃદયતા અને આંતરિક એકનિષ્ઠા તથા સ્વાભાવિક વિનયશીલતા વડે એનું વ્યક્તિત્વ શાંતિ અને માધુર્ય-થી ઊભરાતું. એનાં નેત્રોમાં એક વિચિત્ર જ્યોતિ સદાસર્વદા નાચતી રહેતી. એને પ્રકૃતિ તરફ પ્રીતિ હતી. એ પ્રત્યેક વસ્તુને સજીવ ઈશ્વરી અંશથી અનુપ્રાણિત માનતો વૃક્ષ, પુષ્પ, પશુપક્ષી, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, જળ આદિને એ ભાઈબહેન કહીને સંબોધતો. બાલ્યાવસ્થાથી જ એનું વલણ કવિતા તરફ ઢળતું. પરંતુ એ અન્ય કવિઓથી નિરાળો હતો. એનું આખું જીવન જ એક કાવ્ય હતું! એના લેખો કરતાં કંઈક વધારે એના ઉપદેશથી, એનાં વચનો કરતાં કંઈક અધિક એનાં કાર્યોથી એની કવિકલ્પના સ્ફુરતી. એ કેવળ નાટ્યકાર જ નહોતો, સ્વયં નટ પણ હતો! એણે પોતાના જીવનને ગીત તો બનાવ્યું પણ સાથે સાથે એ ગાયું પણ ખરું!

પયગમ્બર ઈસુએ મનુષ્યમાત્રનાં પાપોનું પ્રાયશ્ચિત્ત પોતાના પ્રાણનો બલિ દઈને કર્યું. 'ક્રૉસ' એના એ મહા બલિદાનની પ્રતિમા છે. એ મહાત્માની ઉપાસના અને પૂજા ઈસાઈ સંસાર અગિયાર સૈકાઓથી કરી રહેલો હતો, પરંતુ ફ્રાન્સિસના ઉદય સાથે તેમાં એક નવીન ભક્તિભાવનાના ઉદયની ઝાંખી થઈ. એ છે ઈસુના ત્યાગમય—બલિદાનમય જીવનનું અનુસરણ. સંસારને પાપમુક્ત કરવાના મહાયજ્ઞમાં એને સાથ દેવો—ક્રૉસની પૂજા માત્ર નહિ કરતાં એનો ભાર પોતે વહેવો.

ભિક્ષુસંઘની સ્થાપના

દેવસ્થાનોની મરામત તથા રોગી અને કોઢિયાઓની સુશ્રૂષા એ ફ્રાન્સિસના જીવનનો મહત્ત્વનો કાર્યક્રમ બની ગયો. એ તો દેવવાણીનો શબ્દાર્થ પણ સમજ્યો અને ભાવાર્થ પણ. કેવળ ઈંટ તથા પથ્થરોથી ઉપાસના-મંદિરોનું પુનર્નિર્માણ નથી થતું. એને માટે આવશ્યકતા છે ધર્મ-ભાવનાના પુનર્જીવનની! ભિક્ષા માગતો એ અસીસીના રસ્તાઓ પર રખડતો અને નમ્રભાવે લોકોને વીનવતો કે પરમાત્મા ખાતર શાંતિપૂર્વક રહો અને પુણ્યાચરણ કરો. એ કોઈ દિવસ નહોતો દેતો વ્યાખ્યાન કે નહોતો આપતો ઉપદેશ. એ તો જે કોઈ મળે એને વ્યક્તિગત પ્રાર્થના કરતો. લોકોના તિરસ્કારની પરવા કર્યા વિના એ લગની સાથે પોતાનું કાર્ય કર્યે જતો. કામળાનો એક લાંબો બેડોળ ઝભ્ભો એ પહેરતો. લૂખુંસૂકું ઉચ્છિષ્ટ અન્ન ખાવાવાળા એ પ્રસન્નચિત્ત વૈરાગીનાં પવિત્ર વચનો હવે લોકોના આત્માને આંદોલિત કરવા લાગ્યાં. ઘણાને પોતાના અપવિત્ર-પાપી જીવન તરફ ઘૃણા પેદા થવા લાગી. કેકના હૃદયમાં એ વૈરાગીના અનુકરણની ઇચ્છા જાગી. પણ એ કામ સરળ નહોતું. પરિણામે ફ્રાન્સિસના અનુયાયીઓની સંખ્યા બહુ જ ધીમી વધી. એનો પ્રથમ શિષ્ય બર્નાર્ડ એક ધનિક વ્યાપારી હતો; બીજો શિષ્ય પીટર એક વકીલ હતો. ફ્રાન્સિસના કહેવાથી એણે પોતાની સારી મિલકત વેચીને ગરીબોમાં વહેંચી દીધી. હવે તો એ પ્રથમ માફક એકલો અટૂલો નહોતો. એ પોતાના સાથીઓ સાથે પોરજિયુનકુલેના ઉપાસનામંદિરમાં રહેવા લાગ્યો. જ્યારે એમની સંખ્યા બારની થઈ ત્યારે ફ્રાન્સિસે એના સંગઠનનો નિશ્ચય કર્યો.

નવીન ભિક્ષુ-સંઘની સ્થાપના કરવાના હેતુથી ઈસાઈ જગતના ધર્માચાર્ય પોપની અનુમતિ મેળવવા એ અને એના સાથીઓ રોમ ગયા. પ્રથમ તો આ ગામડીઆ વેશધારી વિચિત્ર ફકીરને પોપ ઇન્નોસેંટ ત્રીજા (Innocent III) એ ધુતકારી કાઢ્યો. પણ કહેવાય છે કે રાત્રે એને સ્વપ્નમાં દર્શન થયું કે 'એ ઘેલો ફકીર તો વિશાળ ધર્મમંદિરને પતનથી રક્ષી રહ્યો છે.' બીજે દિવસે પોપે એની દરખાસ્ત સાંભળી. પોપની સભામાં સંઘની નિયમાવલિ પર વિચાર ચાલ્યો. કેટલાક સભ્યોએ શંકા ઉઠાવી કે આવા કઠોર નિયમોનું પાલન અશક્ય છે. પોપે ફ્રાન્સિસને કહ્યું કે

'તું તારું કાર્ય આગળ ધપાવ. જો સંઘ ઉન્નતિ કરશે તો એને વિધિપૂર્વક સ્વીકૃત કરવામાં આવશે. એ પ્રકારે ઈ. સ. ૧૨૧૯માં ફ્રાન્સિસના ભિક્ષુ-સંઘની સ્થાપના થઇ, જે સંઘ આજે પણ વિદ્યમાન છે.

સંઘના નિયમો

'ઇસુના ઉપદેશોનું પાલન અને એના જીવનનું અનુકરણ' એ ધ્યેય ફ્રાન્સિસે પોતાના સંઘ સન્મુખ ધર્યું. સ્વેચ્છાએ સ્વીકારેલું દારિદ્ર, બ્રહ્મચર્ય અને પરોપકાર એના નિયમો હતા પ્રત્યેક ભિક્ષુએ ઘરબારનો, ધનસંપત્તિનો તથા બંધુબાંધવનો ત્યાગ કરવો પડતો. એ કિંમતી વસ્ત્ર પહેરી નહિ શકતો; ટાટનો કામળો જ માત્ર એનું વસ્ત્ર હોઇ શકે. સંઘનું ચણતર સ્વાભાવિકરીતે બંધુ-ભાવ પર રચાયું. ફ્રાન્સિસ કહેતો કે જે બીજાથી મોટો થવા ઇચ્છે એને છાજે છે કે એની સેવા એનાથી અધિક હોય. મોટાઈ માપવાનું ફ્રાન્સિસનું કાટલું હતું: ' સેવા.' પ્રત્યેક ભિક્ષુને માટે એ આવશ્યક હતું કે એ સ્વપરિશ્રમ વડે પોતાનો નિર્વાહ કરે. જે કામ ન કરે એ ભોજન પણ ન કરે. જે કામને માટે જે લાયક હોય તે એ કામ કરે અને પોતાનું પેટ ભરે. નગદ રૂપિયા લેવાની સર્વને મનાઈ હતી. જેને કામ ન મળે એ ભિક્ષા માગી શકતો.

કોઈપણ પોતાની સાથે રોટી, રૂપિયા, પૈસા, પુસ્તક કે ડાંગ રાખી શકતો નહિ. જે મળે તે ખાઈ લો. કોઈ એક ગાલ પર તમાચો મારે તો એની સામે બીજો ધરી દ્યો. તમારી પાસે જે કાંઇ હોય તે કોઈ માગે તો તેને હવાલે કરી દો. બુરાઇનો બદલો ભલાઇથી વાળો. કોઇનું બૂરૂં ન કરો. માંહોમાંહે કે અન્ય સાથે મોટાઇનો ઘમંડ ન રાખતાં સદા એમ જ સમજો કે તમે પોતે નમ્રમાં નમ્ર સેવક છો. એ ભાવના વડે દીન, દલિત, રંક, તિરસ્કૃત, રોગી, કોઢિયા સર્વની સહર્ષ સેવા કરો. પોતાનાં પાપોનો સ્વીકાર કરો, બીજાનાં પાપોની ક્ષમા આપો. તપસ્યા કરો, પાપથી સદૈવ બચો અને સત્ય પંથ પર ચાલો. આ એના નિયમો હતા.

સંઘમાં કેવળ ખ્રિસ્તીઓ જ દાખલ થઈ શકતા. સંઘનો એક નિયમ હતો કે જે કોઇ ઇસુના ધર્મ અને સિદ્ધાંતો વિરૂદ્ધ ચાલશે એને સંઘમાંથી પદચ્યુત કરવામાં આવશે.

સાંસારિકતાનો પૂર્ણ ત્યાગ કરીને સંસારમાં જઇ સંસારની સેવા કરો. સાધના જ સિદ્ધિનું અંગ છે, એટલા માટે બીજા કોઇ પુરસ્કારની—ફળની આશા ન રાખો! કેવો ભવ્ય આદર્શ! ગીતાના कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन। એ સૂત્રનું કેટલું સુંદર અનુકરણ! આ ભાવનાઓથી પ્રેરિત કરીને ફ્રાન્સિસે સૌ ભિક્ષુકોને વિવિધ સ્થળોએ ઉપદેશ કરવા મોકલી દીધા. ઇટલીમાં ધાર્મિક નવજીવનનો પ્રારંભ થયો. ફ્રાંસિસ પોતે અન્ય ભિક્ષુઓની માફક સાર્વજનિક સ્થળોએ અને પ્રાર્થનામંદિરોમાં જઇને ઉપદેશ આપવા લાગ્યો. એનામાં બાહ્ય આકર્ષણ બીલકુલ નહોતું. નાનું કદ, દુર્બળ દેહ, પહોળાં બેડોળ વસ્ત્ર! પરંતુ બોલતી વખતે એનું આખું શરીર કોઇ આધ્યાત્મિક શકિતથી ઓતપ્રોત થઇ જતું. એની ભાષા સરળ હતી. એ લોકોની ભાષામાં જ બોલતો. એનો અવાજ સૂરીલો હતો અને ભાવ પ્રમાણે એ સ્વરમાં જોમ આવતું. એના શબ્દો શ્રોતાઓના હૃદય સુધી પહોંચી જતા અને સીધા એમના આત્માને સ્પર્શતા. ભાષણ આપતી વેળા એ એટલો તો તલ્લીન રહેતે કે એને એનું જરાપણ ભાન ન રહેતું કે શ્રોતાઓની સંખ્યા મોટી છે કે માત્ર બેચારની.

પ્રથમ ફ્રાન્સિસનો ઇરાદો ભિક્ષુઓને રહેવાનું કોઇ સ્થાન બનાવવાનો નહોતો. એના જીવનનો આદર્શ આખા સંસારમાં ઘૂમીઘૂમીને ધર્મનો પ્રચાર કરતા રહેવાનો હતો. પછી એમને નિવાસસ્થાનની આવશ્યકતા જ કયાં? પણ જયારે ભિક્ષુઓની સંખ્યા વધવા માંડી અને ફ્રાન્સિસને લાગવા માંડ્યું કે એમને બહાર મોકલતાં પહેલાં સ્વેચ્છિત દારિદ્ર અને આત્મ-સંયમ આદિના જીવનથી પરિચિત કરાવવા આવશ્યક છે, ત્યારે એને આશ્રમનો પ્રબંધ કરવો પડયો. જંગલની વચમાં પોતાના પરિચિત પોરજિયુનકુલેની નજદીકમાં નાની નાની ઝૂંપડીઓ બનાવીને ભિક્ષુઓ રહેવા લાગ્યા. પ્રચારકાર્ય ઉપરાંત ફ્રાન્સિસ નવદીક્ષિત ભિક્ષુઓ પર દેખરેખ પણ રાખતો. એનો એ આશ્રમ કેવળ ઇશ્વરભજન, આત્મચિંતન અને કઠોર આત્મસંયમનું જ કેન્દ્ર નહિ, પણ ઉદ્યોગ-

મંદિર પણ હતો. ત્યાં આળસને ક્યાં યે સ્થાન નહોતું. અવકાશના સમયે ભિક્ષુઓ કંઇ ઉદ્યોગ-ધંધો કરતા. ભોજનને માટે એ મજૂરી કરતા; એ ન મળે તો ભીખ માગતા. એ રીતે જે કંઈ મળે એ બધા સાથે મળીને ખાઈ લેતા.

ધર્મપ્રચાર કરતો એ ભિક્ષુગણ અલગ અલગ ગ્રામો અને પ્રાંતોમાં ઘૂમતો, પરંતુ સાલભરમાં એકવાર સંઘના સમસ્ત ભિક્ષુઓ કોઇ એક નિર્દિષ્ટ સ્થાન પર સમ્મીલિત થતા. એથી એમને આપસમાં મળવાનો અને સંપ્રદાય-સંઘ-પ્રવૃત્તિ સંબંધી પ્રશ્નોની ચર્ચા કરવાનો અવસર મળતો.

ફ્રાન્સિસનું જીવન તો ઇસુ પ્રભુના રંગમાં રંગાયું હતું. સારા જગતને એ એ જ ભાવનાથી જોતો. કોઢિયા કે દુઃખિતોને જોઇને સંસારના દુઃખમોચનને માટે પ્રભુ ઇસુએ કેવાંકેવાં કષ્ટો સહન કર્યાં હતાં એનું એને સ્મરણ થતું. એ કદી પણ વૃક્ષોનું ઉન્મૂલન ન કરતો. એ કોઇનો તિરસ્કાર ન કરતો. કોઇ ભિક્ષુએ એક વેળા કહ્યું કે 'ચોર તથા ડાકુ તો તદ્દન નકામા માણસો છે; એમના પર ધર્મનો પ્રભાવ જ નથી પડી શકતો.' ત્યારે ફ્રાન્સિસે તરત જ પ્રત્યુતર વાળ્યો હતો કે 'પહેલાં એને સાદર આશ્રમમાં બોલાવો, પ્રેમપૂર્વક અને પેટભર ભોજન કરાવો, એમની સાથે ભાઈ સમાન વર્તાવ કરો, પછી એને પવિત્ર ઉપદેશ સંભળાવો, અને વીનવો કે પોતાનું પ્રાયશ્ચિત્ત કરે.' ભિક્ષુઓએ આ અખતરો અજમાવ્યો, અને કેટલા યે ચોરડાકુઓનું ધર્મશીલ પુરુષોમાં પરિવર્તન નિહાળ્યું.

ભિક્ષુણી-સંઘ

ફ્રાન્સિસી ભિક્ષુણી-સંઘની સ્થાપના એક મહાન રસમય દિવ્ય પ્રેમથી સંબદ્ધ છે. દેવી ક્લેયર અસીસીના એક ઉચ્ચ કુળની અઢાર વર્ષની કુમારિકા હતી. એ કાળે જે શિક્ષણ સ્ત્રીઓને પ્રાપ્ય હતું એ એને મળ્યું હતું. એને સાહિત્ય, સંગીત તથા પ્રકૃતિ સાથે પ્રીતિ હતી. ધર્મ પ્રતિ એને ભક્તિ હતી. એના પિતા વિવાહ માટે આગ્રહ રાખતા, પરંતુ ક્લેયરનો આત્મા સ્વતંત્ર કાર્યક્ષેત્ર શોધી રહ્યો હતો. ફ્રાન્સિસની કીર્તિ એના કાન સુધી પહોંચી. એણે એનો ઉપદેશ સાંભળ્યો અને સમજી કે એ જ પથપ્રદર્શકને માટે એનો આત્મા આજ પર્યંત વ્યગ્ર હતો. એ તો સ્પષ્ટ હતું કે ક્લેયર સંન્યાસિની બનવાની વાત કાઢે તો એના સંબંધીઓ એનો સખ્ત વિરોધ કર્યા વિના ન જ રહે. ફ્રાન્સિસે ક્લેયરની સ્થિતિ સંબંધી ખબર સાંભળી અને એને મળ્યો. પછી એ પોતાની એક કાકીની સાથે ગુપ્ત વેશે ફ્રાન્સિસ પાસે આવતી રહી. ફ્રાન્સિસના આત્માએ ક્લેયરને જીતી લીધી. ઈ. સ. ૧૨૧૨ ના માર્ચ માસની અઢારમી તારીખે રાત્રે એ કુમારીએ ચોર દરવાજાથી પોતાના ગૃહનો ત્યાગ કર્યો. પોરજિયુનકુલેમાં ફ્રાન્સિસ અને એના સાથીઓએ એનું સ્વાગત કર્યું. એ રાત્રિએ ક્લેયરે ભિક્ષુણીનું વ્રત લીધું અને ફ્રાન્સિસે ખુદ પોતાના હાથે એના સુંદર કેશ કાપ્યા. પ્રાતઃકાળે એને ભિક્ષુણીઓના એક મઠમાં મોકલી દેવામાં આવી. ધનિક અને કુટુંબગૌરવમાં મસ્ત એના કુટુંબીઓએ એને ઘેર પાછી લાવવા ભારે પ્રયત્ન કર્યા, પરંતુ એ દેવી દઢ રહી. ધીમે ધીમે અસીસીની અનેક મહિલાઓએ ભિક્ષુણી-વ્રત ગ્રહણ કર્યું. સંત ડામિયનના મંદિરને મળતા એક મકાનમાં એમને માટે આશ્રમ સ્થાપવામાં આવ્યો. પૂર્ણ સ્વેચ્છિત દારિદ્ર સિવાય ભિક્ષુણી સંઘ માટે ફ્રાન્સિસે અન્ય કોઈ નિયમ ન બનાવ્યા; કિન્તુ ફ્રાન્સિસ અને ભિક્ષુઓના ઉદાહરણથી ક્લેયરે ભિક્ષુણીઓનું શું કર્તવ્ય છે એ સમજી લીધું હતું. આશ્રમના સાન્નિધ્યમાં શાકભાજીનો એક બગીચો હતો. એની ઉપજમાંથી તથા ભિક્ષુઓ દ્વારા આવતા અન્નમાંથી ભિક્ષુણીઓનો નિર્વાહ ચાલતો. ફ્રાન્સિસના સિદ્ધાંતાનુસાર ક્લેયરે ભિક્ષુણીસંઘના નિયમો ઘડ્યા અને વિરોધીઓને પરામર્શ કરી પોપની અનુમતિ મેળવી. ભિક્ષુ-સંઘ અને ભિક્ષુણી-સંઘ એ ફ્રાન્સિસી કુટુંબની બે શાખાઓ છે. કઠોર ત્યાગ અને તપના એ જીવનનમાં એમને એકબીજા તરફથી શાંતિ અને આશ્વાસન મળતાં. ક્લેયરે સમાજમાં ક્રાન્તિ મચાવી દીધી. કેટલી યે કુમારીઓએ પોતાના જીવનને ઇસુ પ્રભુની સેવામાં સમર્પિત કર્યું અને વિવાહિત સ્ત્રીઓએ સંયમનું શિક્ષણ લીધું.

(ચાલુ) રંગીલદાસ મ. કાપડીઆ

રેકોર્ડ



બધી શક્તિને પગમાં મોકલી છેલ્લું જોર કરીને કેસરી દોડ્યો.

ધમ...પિસ્તોલનો અવાજ થયો અને પ્રાંતીય અખાડા સમિતિ તરફથી એક માઈલ દોડવાની શરત શરૂ થઈ. શરતના મેદાનમાં હજારો માણસો જાણે આ શરત ઉપર જ દુનિયાનો આધાર હોય એમ તે આતુરતાથી જોતા હતા. દુનિયાનો તો નહિ પણ દોડનારાઓનો આધાર તો જરૂર આના ઉપર જ હતો. હિંદ તરફથી ઑલિમ્પિક્સમાં મોકલવાની ટીમમાં જવાનું આ શરતમાં પહેલા આવવા ઉપર અવલંબતું હતું, અને દરેક જુદા જુદા જિલ્લામાંથી અહીં પહેલા નંબરને જ મોકલેલો એટલે હરીફાઈ પણ સારી હતી.

સોરઠ તરફથી કેસરીસિંહ ઊતર્યો હતો. આ પહેલાં પણ કેસરીના ચપળ પગે અનેક શરતો જીતી હતી એટલે લોકોનો તેના તરફ પક્ષપાત હતો. લાંબું સોટા જેવું એનું શરીર બધામાંથી ઊંચું દેખાઈ આવતું હતું અને તેની દોડવાની રીત પણ બધાથી નિરાળી જ હતી.

શરતનાં ત્રણ ચક્કર પૂરાં થયાં. લોકોમાં હવે ધીરે ધીરે કોણ સંભવિત છે એનો ગણગણાટ ચાલુ થઈ ગયો. આ પહેલો કોણ? વડોદરાનો દેવળકર. ઠીક, એ તો હમેશાં પહેલાં ત્રણ ચક્કરમાં પહેલો હોય જ છે. બીજો રામ અને ત્રીજો કેસરી—એના કેસરી રંગના જર્સી અને ચડ્ડીમાં, અને એ ઉપર લાલ ભરેલું હનુમાનનું ચિત્ર. ચોથો તદ્દન નવો જ છે. પહેલી વાર જ ઊતર્યો હોય એમ લાગે છે. બહુ ઊંચો પણ નહિ અને બહુ નીચો પણ નહિ. માથે નાના ફટકા બાંધેલા અને આછી ઊગતી દાઢી ઉપરથી શીખ લાગે છે. ચારે જણા

એકબીજાથી અંતર વધવા ઘટવા દેતા નથી. કોણ પહેલો આવશે એ નક્કી કહેવું મુશ્કેલ હતું. પાંચમા ચક્કરની શરૂઆત થઈ ગઇ હતી અને અરધે ગયા ત્યાં એકદમ ઝડપ મારીને શીખ કેસરીની હારોહાર થઈ ગયો. કેસરીએ પગ જરા તેજ કર્યો, પણ શીખ સહેલાઇથી આગળ થવા દે એવું ન લાગ્યું ચક્કર પૂરું થાય ત્યાં તો શીખ આગળ થઇ ગયો. છઠું અને છેલ્લું ચક્કર શરૂ થયું. કોણ પહેલું આવશે એ જોવા લોકોમાં આતૂરતા વધી ગઈ. કેસરી! કેસરી! એવી બૂમો પડવા માંડી પણ શીખના હરણિયા જેવા પગની તેજી જોઈ જાણે કેસરીનું તેજ હરાઈ ગયું ન હોય એમ એ પાછળ પડતો જતો હતો.

નવું જોર આવતું હોય એમ શીખ આગળ ધપ્યો ને પોતાના બીજા નંબરથી યે પંદરેક ફૂટ આગળ દોરીને અડકીને સ્વયંસેવકોના હાથમાં ફસડાઈ પડચો. શરતમાં શીખ કરતારસિંહ પહેલો આવ્યો અને કેસરી બિચારો પાંચમો!

કેસરીના ઉત્સાહનું બધું પૂર ઓસરી ગયું અને બીજી કોઈપણ શરતમાં ઊતર્યા વગર એ બીજે જ દિવસે પોતાને ગામ ઊપડી ગયો. ગામમાં કોઈ મિત્ર અભિનંદન આપવા આવે એવું નહોતું કે નહોતો પગમાં પહેલાંનો છડ. આ હારે કેસરીનું બધું સત્ત્વ ખેંચી લીધું, પિતા પોલીસમાં ફોજદાર હતા. એમણે કેસરીને જરા સાંત્વન આપ્યું, પણ કેસરીએ તો હવે કોઇ પણ દિવસ શરતમાં ઊતરવાના સોગન ખાધા હતા. જાણે એ એક જ કેમ શરતમાં ઊતર્યો હોય અને હાર્યો હોય એમ દરેક વર્તમાનપત્રમાં પણ કેસરીની થએલી આ હારનાં જ વર્ણન આવતાં. કરતારસિંહની ઝડપ, એની દોડવાની ખાસ રીત એનાં વખાણ આવતાં અને એ સર્વ પછી કેસરીને ફરી વખત હિમ્મત ન હારતાં શરતમાં ઊતરવા સલાહ આપતાં. આ બધાના પરિણામે કેસરીનું વલણ તરત બદલાઈ ગયું. એની નિશાળનો ઉસ્તાદ ખેટકર આવ્યો અને કરતારની ઝડપ કરતાં કેસરીની નાહિમ્મતે જ તેને હરાવ્યો છે, એમ જ્યારે તેણે કહ્યું ત્યારે તો કેસરીને એવું થઈ આવ્યું કે એ ત્યાં ને ત્યાં ઉસ્તાદજીને એક લપડાક અડાવી દે.

કેસરીને હવે કૉલેજમાં જવામાં પણ રસ ન રહ્યો અને બાપાને નાસિકની પોલીસ સ્કુલમાં ક્યાંક વગ લગાડી પોતાને દાખલ કરાવી આપવાને કહ્યું. બાપાને આ વાત ખૂબ વિચિત્ર લાગી. કૉલેજમાં ભણવાને આતૂર છોકરો એકદમ પોલીસ જેવી નોકરી પસંદ કરી લેશે એનો એને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. બાપાએ વગ લગાડવા મહેનત કરવા માંડી, પણ કંઈ સફળ ન થયા અને કેસરી ઘેર બગાસાં ખાતો બેસી રહ્યો. કેસરીને ઘેર કંઈજ કામ ન હતું અને ધારત તો એને શરતમાં ઊતરવા માટે તૈયારી કરવાનો પુષ્કળ વખત હતો; પણ એ તો હવે ઊતરવા જ માગતો ન હતો.

નવા આવેલા 'ખેલાડી' નામના રમતના પત્રમાં કેસરી કરતારની વધતી જતી ઝડપનું વિવરણ વાંચતો હતો. રમત છોડી હતી, પણ રસ હજુ નહોતો છૂટચો. 'હં! ૪—૨૨માં કરતાર પૂરું કરે છે?' તેનાથી બોલી જવાયું!

'અને તું ધારે તો ૪–૧૨માં પૂરું કરે, કેસરી!' કેસરીના કાકા કેસરીસિંહે કહ્યું. કેસરીના કાકાનું નામ પણ કેસરીસિંહ હતું અને ભાવનગર લાન્સર્સના તે ઉપરી હતા. વાંચવાની તલ્લીનતામાં કેસરીને ખબર નહિ કે કાકા ત્યાં આવી પહોંચ્યા છે. કેસરી આરામખુરશી પરથી ઊતરીને બીજી ખુરશી પર બેઠો અને કાકાએ આરામ ખુરશી પર શરીર લંબાવ્યું.

'ઓહો! ઓચિંતા આવી પહોંચ્યા?'

'આ ગઈ શરતમાં તું ન ઊતર્યો ને હવે તો મારે લાન્સર્સમાંથી રજા લેવાનો વખત આવ્યો.' કાકાની જીભ કોઇ દિવસ સીધી વાત કરતી જ નહિ.

'એમાં હું ન સમજ્યો. હું શરતમાં ન ઊતર્યો એમાં તમારે કઈ મુશ્કેલી આવી પડી કે રજા લેવી પડશે?'

'તું ક્યાંથી સમજે? તારી ફઇબા તેજાંબાને મેં તો પહેલેથી કહ્યું હતું કે મારું નામ તે તારું ન પાડે. પણ એ કોઈ દિ' સમજે છે તે ત્યારે સમજે? અને હવે મારે નીચું જોવાનો પ્રસંગ આવ્યો. આ છાપાઓ તો તું વાંચતો જ હોઇશ. 'કેસરીસિંહ ભાવનગરના' કમાન્ડન્ટ કેસરીસિંહનો ભત્રીજો એક વાર શરતમાં નાસિપાસ થવાથી આ શરતમાં નહિ ઊતરે અને કરતાર આંતરપ્રાંતીય શરતમાં ઊતરશે એટલે શરતમાં કંઇ ખાસ ચેતન નહિ હોય. કેસરી આજથી ત્રીજી સાલ ઊતરેલો અને કરતાર એમાં પહેલો આવેલો.' બોલ, આ આજકાલનાં પતાકડાં આમ લખે અને મારું નામ બગડે

એ કેમ પોસાય? કાં તો તું નામ ફેરવ ને કાં હું ફેરવું. અને હું ફેરવું તો જ ઠીક પડે. એટલે મારે રજા તો લેવી જ પડે. જે આવે તે પૂછે છે કે પહેલા આવતા તે કેસરીસિંહ તમારા ભત્રીજા ને? સારું દોડતા હતા, હો.'

કેસરી કંઇ બોલ્યો નહિં. એને છાપાં કાળ જેવાં લાગ્યાં. ત્રણ વરસે પણ એ લોકો કંઈ ભૂલ્યા નથી. જ્યાંત્યાંથી ગમે તેમ કરીને એનું નામ ખોદી કાઢે છે. શું હું એક જ હાર્યો છું કે એ લોકો મારું જ નામ આગળ કર્યા કરે છે?'

ત્યાં તો કાકાએ એક મોટું પાકીટ કેસરી તરફ ફેંક્યું. કેસરીએ એ ઉઘાડ્યું તો એની અજાયબી વચ્ચે સારામાં સારાં દોડવાનાં બૂટ નીકળ્યાં. નીચે ખીલાવાળાં, સુંદર ઘાટનાં, સૌથી ઊંચી કિમ્મતનાં બૂટ જોતાં કેસરીનું મન ડગવા માંડ્યું. પણ કરતારની ૪–૨૨ ની વાત હજી હમણાં તાજી જ વાંચી હતી. પોતાની બે વરસથી બેઠાડુ સ્થિતિ અને હારનો ચિતાર આવતાં બધું જાણે ઓસરી ગયું.

'આ જન્મારામાં તો નહિ, કાકા.' કેસરીએ માથું ધુણાવી બૂટ પાછાં મૂક્યાં.

'ત્યારે મારે નામ બદલવું જ પડશે. મારો નામેરી આવો નીકળશે એવી કોને ખબર હોય? ઠીક છે કે આજે તો જીતવાનાં શરતનાં મેદાનમાં જ છે; નહિ તો સહેજ ઉઝરડો થતાં તને તો પડદે નાખવો પડત.'

પછી, એ પહેલેથી ગોઠવેલી બાજી હોય કે અકસ્માત હોય, પણ બરાબર એ જ વખતે ઉસ્તાદ ખેટકર આવી પહોંચ્યો. એની નજર પહેલવહેલી બૂટ પર પડી. કોઇ કિંમતી જવાહીર જોતો હોય એમ હાથમાં ફેરવી તેણે કહ્યું: 'આ માર્કાના બૂટ બહુ જ ઓછાં મળે છે. અહીં એની કોઈ કિમ્મત ન આપે એટલે ન આવે. મુંબઇથી લીધાં લાગે છે. તમે ઠીક કર્યું, કાકાજી. આ કેસરી અમારાથી માને એમ નહોતો. જો માને તો હું એને એવો તૈયાર કરું કે ભલેને કરતાર આવે. ચાલો આ તો ઓચિંતા આવવાનું થયું ને એમાં આ સારા ખબર મળ્યા.'

અને હજી કેસરી કંઈ આનાકાની કરે એ પહેલાં તો કાકાએ નક્કી પણ કરી નાખ્યું:

'જો કેસરી, આ જોડી અહીં મૂકી જાઉં છું. આ વરસે પાછી ઑલિમ્પિકની ચૂંટણી છે અને તેમાં તારે ઊતરવાનું જ છે. તૈયારી માટે હજી તને પાંચ માસ છે એ ઓછા નથી. અને શરતમાં ઊતરીને તું છેલ્લો આવે તોપણ કૉલેજનાં ચાર વર્ષનું ખરચ મારી પાસેથી લઇ જજે.' કાકાએ સાટું નક્કી કર્યું હોય એમ ઊભા થઈ ગયા અને ચાલતા થયા.

અરધી શરતના મેદાનની તમન્ના અને અરધું કાકાની ઇચ્છાને માન કેસરીને શરતમાં ઊતરવા તૈયાર થવાને નક્કી કરવામાં સફળ થયાં. ઉસ્તાદ ખેટકરે એની તૈયારી કરવાની ઇચ્છાને ઉત્તેજન આપવા માંડ્યું. સવારે વહેલાં ગામ બહાર સડક પર એ દોડતો; સાંજના દોડતો. સ્ટૉપ વૉચથી એ દર અઠવાડીએ આતુરતાથી પોતાની ઝડપ માપતો. ધીમે ધીમે એ ૪ મિનિટ ૨૭ સેકંડે પહોંચ્યો. કરતાર ૪–૨૨. એ તો હવે સહેલાઇથી! પણ એને કરતાર સાંભરતો ત્યાં તો એના ૪–૨૭ ના ૪–૩૩ થઈ જતા. એ બીજી નાની નાની શરતોમાં પણ તૈયારીની પરીક્ષા તરીકે ઊતરતો. બીજો કે ત્રીજો એ આવતો અને ખેટકરે એને પહેલા આવવાની ના જ પાડેલી એટલે એને બહુ લાગી ન આવતું.

વર્તમાનપત્રોમાં હવે કેસરીની તૈયારીનાં વર્ણન આવતાં, અને કેસરી આ વખતે પણ કરતારની સાથે હરીફાઈ ખાતર જ ઊતર્યો છે એમ કહેતાં. સાથેસાથે કોઈ, કરતારની બે વરસની લાગલગાટ તાલીમ અને વધતી જતી ઝડપ જોતાં કેસરીને આશા જેવું નથી એમ પણ ટીકા કરતાં લખતાં; ત્યારે કોઈ વળી કેસરીને ચડાવતાં. આ વાંચીવાંચીને કેસરીના મનની સ્થિતિ સારંગીના તાણેલા તાર જેવી થઈ ગઈ હતી.

શરતનો દિવસ નક્કી થયો. મન અને શરીરની સ્થિતિ સારી રહે એમ માનીને ખેટકર તથા કેસરી ત્યાંથી ઊપડ્યા. કેસરીનું મન ઘડીકમાં આમ ને ઘડીકમાં તેમ થતું હતું. એ ઘણી મહેનત કરીને પોતાનો વખત ૪–૨૪ સુધી તો લાવ્યો હતો, હવે બધો આધાર એ શરતમાં કેવી મનઃસ્થિતિમાં ઊતરે છે એના ઉપર જ હતો. ખેટકર રોજ માલિશ કરતાં કેસરીને ઉત્તેજન આપતો, અને બીજો કે ત્રીજો આવે તો પણ એની સ્થિતિમાં તો ચમત્કાર જ મનાય એમ કહેતો.

કેસરી પોતાના નાના તંબૂમાં બેઠો હતો ને ખેટકર એને સમજાવતો હતો. કાકાએ શરત જ્યાં પૂરી થાય ત્યાં જ ખુરશી મેળવી હતી અને એ ત્યાં જરૂર



કેસરીએ બૂટ આગળ ધર્યાં અને
કાકાએ તેના પર સહી કરી આપી.

આવી પહોંચશે એમ લખ્યું હતું. કેસરીના પગ ઢીલા થતા હતા. ખેટકર એને હિમ્મત આપતો હતો, પણ કેસરી વધુ ને વધુ અસ્વસ્થ થતો જતો હતો.

'ખેટકર, કાકાએ મારે માથે આ એક ભારે તૂત નાખ્યું છે. હું ના પાડતો હતો અને તમે બંનેએ મળીને મને ભોળવ્યો. તમને શું ? બદનામી મારી થશે. અને પેલો કરતાર મને જીતવા દેવાનો હતો શું? એનો તો ૪ મિ.–૧૯ સે.-નો રૅકોર્ડ છે. વખત આવ્યે શા માટે એ ૪–૧૮ પણ ન કરે ? અને હું તો ૪–૨૩.'

'જો કેસરી, હું એમ નથી કહેતો કે તું પહેલો જ આવશે. પણ બે વરસના ગાળા પછી તું જો આ શરતમાં બીજો કે ત્રીજો આવે એ પણ ઓછું નથી. તારા મગજમાં "પહેલો જ" ભરાઈ ગયું છે, એ બધું તૂત મગજમાંથી તું કાઢી નાખ.' ખેટકરે એના પગને માલિશ કરવા માંડયો ને એને લાંબો સુવાડી દીધો: 'તુ અરધી કલાક એકદમ આરામ કરી જા.'

અરધા માઈલની શરત પૂરી થયા પછી ૧૦ મિનિટ બાદ એક માઈલનો વારો આવતો હતો. કેસરીના તંબૂમાં ખેટકર આંટા મારતો હતો ને મનમાં ગણગણતો હતો કે 'પગની ઝડપ એકલી જ શરત જીતતી હોય તો કેસરી જીતે. રજપૂત છે પણ હિમ્મત જરા યે ન મળે.' કેસરી ગોઠણ પર માથું મૂકી બેઠો હતો. ત્યાં બહારથી કોઈએ કેસરીસિંહ જાડેજાનું નામ પોકાર્યું ને ખેટકર દોડતો બહાર ગયો. કેસરીનો તાર હતો. કેસરીને તાર આપવો કે ન આપવો એનો વિચાર કરે છે ત્યાં તો કેસરી આવ્યો ને તાર લીધો. તાર એના બાપનો હતો ને લખ્યું હતું કે 'કાકાને ત્યાં આવતાં મોટરનો અકસ્માત થયો છે અને હૉસ્પિટલમાં છે. શરત પૂરી કરીને તુરત આવ. ચિંતા જેવું નથી. કાકાની શુભેચ્છા.'

કેસરીએ તાર વાંચ્યો ને ખેટકરને આપ્યો. ખેટકરને જે કંઈ થોડીઘણી આશા હતી એ પણ હવે ઓસરી ગઈ. બહાર એક તીણી સીટી થઈ ને કેસરી કંઈ પણ બન્યું ન હોય એમ પોતાના કાકાનાં આપેલાં નવાં બૂટ પહેરીને બહાર ગયો. લોકો આંગળી ચીંધીચીંધીને જુદાજુદા દોડનારાઓને ઓળખાવવા માંડ્યા. કરતાર રેલિંગને અઢેલી ઊભો હતો. એણે જરાક હસતાં

હસતાં કેસરીને લટકેથી સલામ કરી. કેસરીએ એનો જવાબ આપ્યો ને પગ છૂટા કરવા થોડુંક કૂદતોકૂદતો દોડચો. બીજી સીટી થઇ ને બધા પોતાની લાઇનમાં ગોઠવાઈ ગયા. પિસ્તોલ ફૂટી ને શરત શરૂ થઇ ગઇ.

પહેલાં તો બધા જણ લગભગ સાથે રહ્યા, પણ ધીમે રહીને બે જણા આગળ થયા. એ પછી કેસરી ને કરતાર. પણ આ વખતે કરતાર આગળ હતો અને કેસરી પછવાડે હતો. પાછળથી વાપરવા માટે બન્ને જણ જોરનો સંગ્રહ કરતા હતા. આગળ જનારાને દોડવા દેવાનો એ લોકોને વાંધો ન હતો. ત્રીજું ને ચોથું ચક્કર અરધું પૂરું થયું ને કરતારે ઝડપ વધારવા માંડી. કેસરી એનું પગલે પગલું દાબતો આવતો હતો. એના પગમાં કાકાનાં બૂટ હતાં અને કાકા અકસ્માતના ભોગે હૉસ્પિટલમાં હતા એ જ એનો ખ્યાલ હતો.

પાંચમા ચક્કરને અંતે તો પહેલો કરતાર અને બીજો કેસરી થઇ ગયા. બેટકર હાથમાં ઘડીઆળ લઈ ઊભો હતો. એ બોલી ઊઠચો: 'આ ઝડપે એ હવે પૂરું નહિ કરી શકે. બન્ને જણ મરવા માટે દોડે છે.' કેસરીએ દાંત પીસ્યા. હાથની જરા જોરથી મૂઠી વાળીને પગથી શરીર જાણે કેમ ફેંકતો હોય એમ એણે ધસારો કર્યો અને કરતારની સાથે થઇ ગયો. લોકોમાંથી એકદમ એક શાબાશીનો પોકાર આવ્યો. પણ એ અવાજ આ બેમાંથી કોઇએ સાંભળ્યો હોય એ બને એમ ન હતું. કરતારને ન ધારેલું બન્યું હોય એમ લાગ્યું. હવે કરતાર પણ પોતાની છેલ્લી શક્તિ વાપરવા તૈયાર હતો. એકાદ ઇંચ કરતાર આગળ આવ્યો ને કેસરીને કાકા સાંભર્યા. મગજની નસો જાણે તણાઈને તૂટી જશે એમ લાગતું હતું. બધે અંધારું હતું અને પડખે કરતાર હતો કે નહિ, ને હોય તો એ કેટલે હતો એ પણ જાણવાની જરૂર ન હતી. આ દસ ફૂટ રહ્યા છે ને છેલ્લું જોર કરવાનું હતું. કેસરીએ અંધારે શરીરની બધી શકિત—સાંભળવાની, જોવાની દરેક શકિત—પગમાં મોકલી. છેલ્લું જોર કરીને એ દોડચો. દોરી તૂટી ગઈ અને પહેલો સ્વયંસેવકના હાથમાં જઈ પડચો. ફકત નહિ જેવા ફરક માટે કરતાર હાર્યો. કેસરીએ દોડવાનો રૅકોર્ડ તોડચો હતો. એનો રૅકોર્ડ ૪–૧૦નો હતો!

ગામની હૉસ્પિટલમાં કમાન્ડન્ટ સાહેબ ખાટલા પર પડચા હતા ને પાસે કેસરી બેઠો હતો.

'કાકા, આ તમારાં બૂટ ઉપર તમે એક સહી કરી આપો. એ બૂટ ફરીવાર હવે શરતમાં નહિ ઊતરે. તમારો તાર આવ્યો ને મારામાં ઓચિંતું જોમ આવી ગયું. જ્યારે હું મારો રૅકોર્ડ ૪–૧૦ નો વાંચું છું ત્યારે આશ્ચર્ય જ લાગે છે, અને કોઈ દિ' એ ન બને એમ લાગે છે. આ બધું તમને જ આભારી છે.'

'એમ? જો મારા પગ ભાંગ્યે તારા પગમાં જોર આવે છે એમ ખબર હોત તો બીજા બે પગ હોત તે પણ ભાંગી નાખત. તેં મારું નામ સાર્થક કર્યું.'

કેસરીએ બૂટ આગળ ધર્યાં અને કાકાએ બૂટ પર સહી કરી આપી.

(અંગ્રેજી ઉપરથી) **વિનોદરાય વસાવડા**

અત્યારે આખા દેશ ઉપર નિરુત્સાહ અને ગમગીનીનું એક મોજું ફરી વળેલું છે ત્યારે આપણે ધ્યાનપૂર્વક વિચાર કરવો જોઇએ કે આપણી હિલચાલોમાં નિર્બળતા શાથી આવી છે?

એક જમાનો ન કરી શકે તે બીજા પાસે માગે છે. જ્યારે જ્યારે વિદ્યાર્થીઓ મોટાઓને બોલાવે છે ત્યારે ઉપદેશ માગવા નથી બોલાવતા, પણ પોતાનાં કયાં કામો અધૂરાં રહ્યાં છે તે કહી શકે તે સારૂ.

વિદ્યાર્થીઓ માટે કરેલો પ્રયત્ન તો સૌથી વધારે તેમની સાથે રહીને કરેલો જ વધારે ઊગે છે.

નિર્બળતાનાં કારણોમાં સૌથી પ્રથમ તો આપણું શરીર ખરાબ છે. અખાડો તો છે જ પણ છેક સુધી દરેક જણ ઉત્સાહથી કામ કરે. સ્કાઉટિંગ ગમે તેવી તો પણ મને તે પરદેશી સંસ્થા લાગી છે. સ્કાઉટનો ધર્મ મદદ કરવાનો છે. પણ તેનો પહેરવેશ જોઇને કોઇ બાઈ પાણીનું બેડું માથે ચઢાવવા માટે કે છાણનો સુંડલો ઊપડાવવા માટે તેની પાસે મદદ માગશે ખરી? સ્કાઉટિંગની સારી વસ્તુઓ લઇ લો. તમે ઝાડ ઉપર ચઢી શકો છો. વાંદરાવેડા કરી શકો છો. તેમાં શરમાવાનું કંઇ જ કારણ નથી. જુવાનો આજે ડાહ્યા થઈ બેસી રહે તે મને ગમતું નથી.

સ્કાઉટિંગ મને ગમે છે. પરંતુ તેને આપણી પરિસ્થિતિને અનુકૂળ બનાવી લેવું એ જ મુખ્ય બાબત છે. આપણા માણસોથી અલગ રહીને તેમનામાં કામ કરવા માગીએ છીએ એવો દેખાવ ન લાગે તેવું કરો.

(પાટણના વિદ્યાર્થીસંમેલનમાં) **—રામનારાયણ પાઠક**



અરુણનું અદ્ભુત સ્વપ્ન

પ્રકરણ ૭ મું
મિસરદેશ
ચાલુ

નીચેથી જ પીરામીડનાં દર્શન કરીશું. ઉપર ખૂબ ચડવાનું છે ને તું થાકી જઈશ.' એમ કહી ગરુડરાજ એક જબરદસ્ત પૂતળા આગળ જઇને બેઠા. એ પૂતળાનો આકાર વિચિત્ર હતો. એનું માથું અને છાતીનો ભાગ માનવીના જેવાં હતાં અને શરીરનો ભાગ સિંહના જેવો.

આ શાનું પૂતળું ? મેં ગરુડરાજને પૂછ્યું.

'એ સ્ફિન્કસ (Sphinx) ને નામે ઓળખાય છે.' ગરુડરાજ બોલ્યા. 'એને માટે એવી દંતકથા છે કે એ એક રાક્ષસી પ્રાણી હતું અને અહીંની રખેવાળી કરતું હતું. જે કોઈ મુસાફર આ બાજુ આવે તેનો કોયડો પૂછે. એ કોયડાનો ઉત્તર જો મુસાફર આપી ન શકે તો તેને મારી નાખે. એક મુસાફરને એણે કોયડો પૂછ્યો કે "એવું કયું પ્રાણી છે કે જે સવારે ચાર પગે ચાલે છે, બપોરે–મધ્યાહ્ને બે પગે ચાલે છે અને સંધ્યાકાળે ત્રણ પગે ચાલે છે?" મુસાફરે ખૂબ વિચાર કરી જવાબ આપ્યો કે "માણસ" મનુષ્ય એના જીવન પ્રભાતમાં–બાળપણમાં ઘૂંટણિયાં તાણે છે, એટલે કે ચાર પગે ચાલે છે; એના જીવનના મધ્યાહ્ને–ભરજુવાનીમાં બે પગે ચાલે છે; એની જીવન સંધ્યામાં—ઘડપણમાં લાકડીના ટેકાથી એટલે ત્રણ પગે ચાલે છે. આ ખરો ઉત્તર મળતાં સ્ફિન્કસે મૌન ધારણ કર્યું છે અને ત્યારથી પથ્થરનું પૂતળું બની અહીં બેઠું છે.'



મિસરના પ્રાચીન રાજ્યકર્તા ફારાવોના ૧૮મા રાજવંશમાં થઇ ગએલા તુતાનખામનનું આ પૂતળું ઇ. ૧૯૨૩ના કબરોના ખોદકામ વખતે ઇજિપ્તમાંથી મળી આવેલું. તુતાનખામનની એ કબરમાંની સામગ્રી, સમૃદ્ધિ તથા ઐતિહાસિક અવશેષોએ આખી દુનિયાનું ધ્યાન ખેંચ્યું છે, અને તે વખતે કલા કારીગરી કેટલાં ખીલેલાં હતાં તેના તથા મિસરદેશના ઈતિહાસને લગતા આશ્ચર્યજનક પુરાવાઓ, આંજી નાંખે તેવી સમૃદ્ધિ સાથે તેમાંથી મળી આવ્યા છે.

આસપાસ નાના નાના પીરામીડો પુષ્કળ હતા પણ મોટા પીરામીડના જેટલી ભવ્યતા ભાગ્યે જ નજરે પડતી.

'આ મોટો પીરામીડ બાંધતાં ફારાવ કીઓપ્સને પચાસ વર્ષ લાગ્યાં હતાં. એ બાંધ્યો ત્યારે લગભગ ચારસો એંશી ફીટ ઊંચો હતો; અત્યારે એની ઊંચાઈ ચારસો સાઠ છે, કારણકે લગભગ વીસ ફીટ જેટલી ઊંચાઈના પથરા ખલીફના વખતમાં હસનની

મસ્જિદ વગેરે ઇસલામી ઈમારતો બાંધવાને કાઢી લેવામાં આવ્યા હતા. આટલા મોટા મોટા પથ્થરો ઊંચે ચઢાવતાં કેટલાં માણસો કામે લાગ્યાં હશે તેનો ખ્યાલ કર. એ પીરામીડ બાંધ્યાને લગભગ ચારથી પાંચ હજાર વર્ષો થયાં હશે. એ ગીઝેના પીરામીડ તરીકે ઓળખાય છે. એથી યે જૂનો સકારા આગળ ફારાવ ઝોસરનો બંધાવેલો પગથિયાંવાળો પીરામીડ છે. એની ઊંચાઇ તો માત્ર અઢીસો ફીટની જ છે, . પણ એ દેખાવમાં આના કરતાં વધારે સુંદર છે. એનો બાંધનાર ઇમટેપ પણ દેવ તરીકે પૂજાયો હતો.'

'પીરામીડ એટલે શું?' મેં પ્રશ્ન કર્યો.


'પીરામીડ એટલે કબર—શબગૃહ' ગરુડરાજ બોલ્યા. મિસર (ઇજિપ્ત)ના લોકોમાં મરણ પછી શરીરને દાટવાનો રિવાજ હતો. એ લોકોમાં એક બીજી પણ માન્યતા હતી, અને તે શરીરને સાચવી રાખવાની. સૂર્ય ઊગે છે, આથમે છે અને પાછો ઊગે છે, એ ઉદયાસ્તના ચક્ર પરથી તે વખતના મિસરવાસીઓએ માન્યતા બાંધી કે જેમ સૂર્ય મરણ પછી પાછો સજીવન થાય છે તેમ મનુષ્ય પણ મરી ગયા પછી પોતાનો સમય આવતાં સજીવન થાય. આ કારણથી મરણ પામેલા મનુષ્યનું શરીર ખૂબ જ સાચવીને રાખવામાં આવતું. પહેલાં તો સૂક્ષ્મ શસ્ત્રો વડે એના શરીરના કેટલાકએક ભાગ કાઢી લેવામાં આવતા, અને તેમાં રાસાયનિક પદાર્થો ભરવામાં આવતા. બહારથી પણ શરીર પર એક જાતનો રાસાયનિક લેપ કરવામાં આવતો કે જેથી શરીર સડી ન જાય અને જેમનું તેમ રહે. પછી એ શરીરને વસ્ત્રની અંદર ખૂબ વીંટાળી એક એના માપની મનુષ્યાકાર પેટીમાં મૂકતા. આવા શરીરને મમી કહે છે. હજારો વર્ષનાં જૂનાં આવાં મમીઓ હજી અહીં મળી આવે છે અને તે પરથી પંડિતોને ઐતિહાસિક દૃષ્ટિએ ઘણું જાણવાનું મળ્યું છે.

કબરો પણ એ જ માન્યતાની રૂએ બાંધવામાં આવતી. જે રહેણીકરણી તેઓ પૃથ્વી પર પાળતા તે જ રીતનો બધો સાજ એમની કબરમાં પણ મૂકાતો. ફારાવ એટલે મોટા ઘરમાં રહેનારા એવો અર્થ થાય છે એ તો મેં તને કહ્યું. એટલે મરણ પછી પણ એમના મૃત શરીરને મોટું ઘર જોઇએ. એ ખ્યાલથી આ પીરામીડો બંધાયા હશે. જેમ પીરામીડો મોટા તેમ ફારાવની મોટાઈ વધારે. એટલે મોટી કબરો બાંધવામાં ઠીક ચડસાચડસી થઈ હશે. જોકે પાછળના ફારાવો, જ્યારે ધર્માચાર્યોનું જોર વધ્યું હશે ત્યારે, મોટા પીરામીડો બાંધવાને બદલે મોટાં મંદિરો બાંધવામાં પોતાની મોટાઈ બતાવવા લાગ્યા હતા. કબરો ઊંચી ન બાંધતાં ભોંયરાં કરી મૃતદેહને અંદર રાખતા, અને પોતાના વૈભવ પ્રમાણે એ ભોંયરાંઓ શણગારતા. તને કદાચ ખબર તો હશે કે લકઝોરમાં થોડાં વર્ષ પર ફારાવ તુતાનખામનની કબર ખોદવામાં આવી હતી તેમાંથી બાદશાહી વૈભવનાં પુષ્કળ ચિહ્નો મળી આવ્યાં હતાં. એ ચિહ્નો પરથી મિસરની તે વખતની જાહોજલાલી તેમજ સંસ્કૃતિનો સારો ખ્યાલ આવી શકે.

મિસરની સંસ્કૃતિ કેટલે દરજ્જે આગળ વધી હશે તે તો એ લોકોના જ્ઞાન ઉપરથી જ જણાઈ આવે છે. શરીરને રાસાયનિક પદાર્થોની સહાય વડે જાળવી રાખવું એ બતાવે છે કે એમને રસાયનનું સારૂં જ્ઞાન હોવું જોઇએ. તે ઉપરાંત શરીરના અંદરના ભાગ જે રીતે એ લોકો કાઢી નાખતા તે ઉપરથી શરીરશાસ્ત્રનું જ્ઞાન તેમજ શસ્ત્રક્રિયાનું જ્ઞાન પણ તેમને ઘણું સારૂં હોવું જોઈએ. એ કબરોની અંદરથી જે ઉત્તમ કારીગરીની વસ્તુઓ નીકળી આવી છે તે ઉપરથી તે વખતના મિસરીઓ જબરા કારીગરો હોવા જોઇએ એમાં તો જરા યે શક નહિ. કાચ બનાવવાનું, માટીની સુંદર ચીજો બનાવવાનું અને મીનાનું કામ એ લોકો ઘણી સારી રીતે જાણતા.

આ સામેના પીરામીડમાં માત્ર ભવ્યતા છે. એ ભવ્યતા મનુષ્યબળની ભવ્યતાનો ખ્યાલ આપે છે. કુદરતની ગણત્રીમાં મનુષ્ય એક નિર્બળ પ્રાણી છતાં કાળ અને કુદરતના કોપ સામે અડગપણે હજારો વર્ષોથી ટકી શકનાર આ ફીઓપ્સ બાદશાહનો પીરામીડ મનુષ્યબળ અને એણે કરેલી કુદરત પરની જીતનું પ્રત્યક્ષ પ્રમાણ છે. એવી ભવ્ય સત્તાના અધિકારી ફારાવો દેવરૂપે પૂજાય તેમાં શી નવાઈ?

શરૂઆતમાં તો ફારાવો પોતે જ દેવરૂપે પૂજાતા, પણ પાછળથી લોકો વધારે ધર્માંધ બન્યા હશે અને મનુષ્યદેવને પૂજવાને બદલે પારલૌકિક દેવોની પથ્થરની પ્રતિમાઓ પૂજવા તરફ પ્રેરાયા હશે; કે પછી



મિસરદેશનું જગવિખ્યાત સ્ફિંક્સનું પૂતળું. વચ્ચે તેના પેટ આગળ અંદર જવાનું દ્વાર છે. પાછળ મોટો પીરામીડ દેખાય છે.

પુરોહિતોની સત્તા એટલી વધી હશે કે દેવના પ્રતિનિધિ ફારાવો નહિ પણ પોતે જ એમ લોકો પાસે મનાવવા લાગ્યા હશે. પણ પાછળના ફારાવો, મેં આગળ કહ્યું તેમ, આવાં ભવ્ય શબગૃહો બાંધવાને બદલે દેવગૃહો બાંધવા પાછળ જ પોતાનાં જીવન સાર્થક માનવા લાગ્યા. એ દેવમંદિરો જોવાં હોય તો આપણે થીબીસ જવું પડે.

થીબીસ એટલે મંદિરો અને મહાલયોનું નગર. ગ્રીક કવિ હોમરે એનું વર્ણન કરતાં કહ્યું છે કે એ નગરને સો તો દરવાજા હતા. મિસરના પૂર્ણ વૈભવનું એ સ્થાન હતું. થીબીસમાં બેઠાંબેઠાં ફારાવો છેક દક્ષિણમાં ઈથીઓપિયા લગી અને ઉત્તર-પૂર્વમાં ઠેઠ એશિયાની યુફ્રેટિસ નદીના કાંઠા લગી પોતાની આણ વર્તાવતા. આજે મિસરમાં જ્યા કાર્નાક અને લક્ઝૉર આવેલાં છે તે પ્રાચીન થીબીસના ભાગ જ હતા. મધ્ય એશિયા પર વિજય મેળવી ત્યાંની લક્ષ્મી મિસરમાં.ઘસડી લાવી ફારાવોએ એ થીબીસને મંદિરો તથા મહાલયોથી ખૂબ શણગાર્યું હતું.' આટલું પ્રસ્તાવના

રૂપે સમજાવી ગરુડરાજે મને ખાંધ પર લીધો અને જોતજોતાંમાં તો આકાશમાર્ગે ઊડતા અમે થીબીસ પહોંચ્યા.

થીબીસ પહોંચતાં નીચે નજર કરી તો આકાશમાંથી નદીનો પટ ખૂબ પહોળો લાગતો હતો.

'અહીં નદીનો પટ એક હજાર વાર પહોળો છે.' ગરુડરાજ બોલ્યા; ' એના પૂર્વ કિનારા તરફ કાર્નાક અને લકઝોર છે અને પશ્ચિમ કિનારા પર રાજાઓની ખીણ છે, જ્યાં મૃત ફારાવોને ભોંયરાંમાં ખૂબ વૈભવ સાથે દાટવામાં આવ્યા છે. આ જગ્યાએથી એ તુતાનખામનની કબર મળી આવી હતી.'

અમે ઝડપથી નીચે આવી થાંભલાઓની હારોવાળા એક વિશાળ મકાન આગળ ઊતર્યા.

' આ કાર્નાકનું જગવિખ્યાત મંદિર ' ગરુડરાજ બોલ્યા. ' અસલ મંદિર તો નાનુંસરખું હતું; પણ તે પછી દરેક ફારાવે પોતાનું મહત્વ બતાવવા એની આસપાસ પ્રચંડ મંદિરો અને સભાસ્થાનો બંધાવી દીધાં છે. આ થાંભલાની હારોવાળું સભાસ્થાન તેમજ દેવ આમન રા નું મંદિર ફારાવ રૅમિસિસે બંધાવ્યાં હતાં. એ મંદિર રૅમેશિયમને નામે ઓળખાય છે. આ મંદિરોની દીવાલો પર મિસરનો હજારો વર્ષનો ઈતિહાસ ચીતરાયો છે અને કોતરાયો છે.'


અમે ફરીને બધું જોયું, તે પછી એક થાંભલાને અઢેલી બેઠા, રોમની માફક મિસરની આબાદીમાં પણ પ્રચંડતા જોવામાં આવે છે. આ બન્ને રાજ્યો ખૂબ જ જાહોજલાલીની ટોચ પણ પહોંચ્યાં હતાં. છતાં એ બન્નેની પણ પડતી થઇ. રોમનો ઇતિહાસ તો મેં સાભળ્યો જ હતો; મિસરની પડતી શાથી થઈ એ જાણવાની ઈચ્છા મેં ગરુડરાજ આગળ દર્શાવી,

ગરુડરાજ હસ્યા અને બોલ્યા. અરુણ ! બધે એક જ વાતઃ સત્તાનો લોભ. મિસર પાસે શું નહોતું ? મિસરના લોકો જ્ઞાનથી સમૃદ્ધ હતા; પૈસેટકે સુખી હતા. પણ જેમ જેમ ફારાવો બળવાન થયા તેમતેમ મિસરની સીમાઓ એમને સાંકડી લાગવા માંડી, એશિયા પર એમનો ઝંડો ફરકાવવાનો એમને લોભ લાગ્યો. થુથેમિસ એમનહોટેપ, સેથોસ, રૅમિસિસ વગેરે ફારાવો એશિયા પર દિગ્વિજય કરવા નીકળ્યા હતા. પરિણામે એશિયાની સત્તા બળવાન થઈ ત્યારે મિસર પર એમણે વેર વાળ્યું. મિસરની પડતીનું બીજું કારણ ત્યાંના ધર્માચાર્યોનો સત્તાનો લોભ. એ વેળાએ ધર્માચાર્યોની સત્તા એટલી બળવાન થઈ ગઈ હતી કે ન પૂછો વાત. દેવ-કોમની બીકથી લોકો ધર્માચાર્યોને નમવા લાગ્યા. જાદુમંતરમાં મિસરીઓ ખૂબ માનતા. ધર્માચાર્યો પણ જાદુને નામે લોકોને છેતરવામાં બાકી નહોતા રાખતા. અજ્ઞાન દૂર કરી લોકોને વહેમમુક્ત બનાવવાને બદલે લોકોમાં જાણી જોઇ ખોટા વહેમ ઉત્પન્ન કરી આ લોભી ધર્માચાર્યો પોતાનો સ્વાર્થ સાધતા. કેટલાએક ધર્માચાર્યો તો પોતાની સત્તાને લીધે ફારાવો પણ બન્યા હતા. જે દેશમાં રાજકરણ અને ધર્મનું મિશ્રણ થાય તે દેશનું આવી જ બન્યું સમજવું. પોપના રોમની પણ એ જ સ્થિતિ થઇ અને મિસરનું પણ એમાં જ ગયું. તુતાનખામનનો સસરો ફારાવ આખેનેતન એક કવિ હતો અને એના વિચારો ઘણા આગળ વધેલા તથા વિશાળ હતા. આ ધર્માંધપણું એનાથી ખમાયું નહિ અને એણે ધર્માચાર્યો સામે બળવો ઉઠાવ્યો. પરંતુ એનું કંઇ જ ચાલ્યું નહિ. આ ઉપરથી તને ખ્યાલ આવશે કે ખુદ ફારાવો પણ જેની સત્તા સામે ટકી નહોતા શકતા એ ધર્માચાર્યોનું જોર કેટલું હશે !'

મિસરના ઉદય અને અસ્તનો વિચાર કરતો હું દિવાસ્વપ્નમાં પડ્યો. ગરુડરાજે મને ક્યારે ખાંધ પર ઉપાડ્યો એની કશી જ ખબર મને પડી નહિ. હું ઝબકીને ઊઠ્યો તો અમે આકાશમાં ઊડતા હતા અને નીચે સમુદ્ર ઉછાળા મારી રહ્યો હતો.

(ચાલુ)

હંસા મહેતા



મહીસાગરની તાંડવલીલા



જીવનનો રોમાંચક અનુભવ વર્ણવતો એક પત્ર

ત્યાંથી આવ્યે તો મહિના ઉપર થઈ ગયું. અહીં હમણાં ખાસ કામ જેવું તો કંઇ છે જ નહિ. મહી નદીના કાંઠા ઉપર હમણાં ઠીક રખડયો. બદલપુર આગળ નદીનો પટ પાંચ માઈલ પહોળો છે. ત્યાં હોડીમાં પણ ફર્યો. સામે કાંઠે ભરૂચ જિલ્લાનું કાવી ગામ છે. એ સિવાય નદીને ઉપરવાસ વાલવોડ ગામ છે, ત્યાં અખાડાના નાના છોકરા સાથે ગયો હતો. અહીં પૂનમનો જુવાળ દરિયામાંથી નદીમાં આવે છે. સાબરમતીમાં જેમ કોઈવાર ઘોડાપૂર આવે છે તેમ અહીં તો દર પૂનમે દરિયામાંથી નદીમાં ઘોડાપૂર આવે છે. માર માર કરતાં જંગી મોજાં ઊછળતાં આવે. નદીના પાણી કરતાં દરિયા તરફથી આવતું પાણી માથોડું માથોડું ઊંચું હોય છે. તે ઊંચા પાણીની જાણે આખી ભીંત જ નદીમાં ચાલી આવે છે. માછીઓને આ પૂનમના જુવાળના વખતની જાણ હોય છે એટલે જુવાળટાણે નદીમાં હોડી નાખતા નથી. અમે વાલવોડ હતા ત્યારે એક બાજુથી જુવાળ ધસમસતો દોડતો આવતો હતો ને સામે કાંઠેથી આ બાજુ આવવા હોડી ઊપડી ચૂકેલી. અમે માછીને બૂમ મારી. તેણે અને હોડીમાંના ઉતારૂએ હલેસાં લીધાં ને હોડીને કાંઠા તરફ હંકારવા છાતીતૂટ જોર વાપર્યું. જુવાળના ઘોડા ફીણ ઉડાડતા ધસ્યે આવતા હતા. હોડી અને પૂર વચ્ચે સરસાઈ ચાલી. એકદમ દરિયાના પાણીનો ઠંડો પવન ફૂંકાવા લાગ્યો. જુવાળ પહેલાં ત્રણેક માઈલ દૂર હતો તે હવે માઈલના ટપ્પામાં આવી પહોંચ્યો. હોડી પણ અરધી નદી પસાર કરી ગએલી માછી સુકાન ઉપરથી આંગળી પણ ખસેડતો ન હતો. બેસારૂનાં તો કાળજાં ફફડતાં હશે! હોડી કાંઠે પહોંચી ન પહોંચી ને બેસનારા ઠેકી પડયા. માછીએ કાંઠે દોરડું નાખ્યું ને બીજા માછીએ તે ઝાલી લીધું. ધમ...ધમ...ધમ...કરતો ઘોડો આવી પહોંચ્યો. અંદર વાંસડો લઈ માછી ઊભો રહ્યો. હોડીને નદીના પાણીની સપાટી પરથી જુવાળના પાણીની સપાટી પર ચડાવી દેવાની હતી. એમ સપાટીની બદલી કરવી એ કાંઇ રમત વાત નથી. અંદરનો માછી સાવધ ન હોય ને વાંસને ટેકે પૂરની સપાટી પર હોડી કુદાવવામાં ગાફેલ રહ્યો તો પોતે કયાંય ઊડી પડે, હોડી કયાંય ઊડી પડે અને બંનેની જળસમાધિ જ થાય. બહારનો માછી દોરડું તાણી ન રાખે તો જુવાળના વહેણમાં હોડી નદીમાં તણાઇ જાય. બંને માછી કાબેલ હતા. ધડ, કરતોકને ઘોડો હોડીના મોરાને અથડાયો. બીજી જ ક્ષણે હોડી ને માછી બંને ઊછળ્યાં ને તળિયેથી કોઇ જળઘોડાએ માથું માર્યું હોય તેમ માથોડું ઊંચાં થઇ ગયાં. તળિયેથી ઘોડો પસાર થઈ ગયો ને નિર્વિઘ્ને સપાટી–બદલી થઇ ગઇ. નદીના પાણીમાંથી જુવાળના પાણીમાં તેઓ આવી ગયાં. માછીઓએ અને કાંઠા પર ઊભેલા ધારાળાઓએ જુવાળના પાણીના છાંટા માથે ચડાવ્યા ને મહીસાગરની તાંડવલીલાને વંદના કરી.

વચ્ચે હું પંદરેક દિવસ માટે ગંભીરા ગયો હતો. ત્યાં એકવાર અખાડાના વિદ્યાર્થીઓ સાથે હું હોડીમાં બેઠો હતો ને ભોગજોગે તે જ વખતે જુવાળ આવ્યો. હેઠવાસથી લોકોએ બૂમો મારીને ખબર આપી કે જુવાળ ચડતો દોડયો આવે છે. અહીં તો વધારે બૂરી દશા હતી. હોડી તરવી તો બાજુએ રહી, પણ નદીના કાદવ-

માંછીતી (ખૂંચી) ગઈ હતી. અમે તેને પાણીમાં ઉતારવા મહેનત કરતા હતા એટલામાં જ બૂમ પડી કે જુવાળ આવે છે! એક બાજુથી ઘોડો ધસ્યો આવે ને બીજી બાજુથી કાદવમાં હોડી છીતી ગએલી. અધૂરામાં પૂરૂં માછી પણ છોકરો જ હતો, -ને ભાગ્યે જ સત્તર વર્ષની ઉમરનો હશે. તેણે અમને હોડીમાં ચડી જવાનો 'હુકમ' કર્યો. એ વખત જ 'હુકમ'નો હતો. એને એમ કે આ છોકરાઓ નીચે હશે ને જુવાળ આવશે તો તેમાં તણાઈ જશે ને કોઇનો પત્તો પણ નહિ લાગે. અને હતું પણ તેવું જ. અમે ચડ્યા એટલે હોડીમાં તેટલો ભાર વધ્યો ને વળી તેને બહાર કાઢવાની મહેનત કરનારા તેટલા ઓછા થયા. હવે તો અમે જુવાળને જોઈ પણ શકતા હતા. માછી છોકરો ગભરાઇ ગયો ને અમને બિલકુલ અવાજ ન કરવાનું બીજું ફરમાન છોડ્યું. પણ આ ફરમાનથી કાંઇ છીતેલી હોડી બહાર નીકળે તેવું નહોતું; તેમ જુવાળના ઘોડાને હોડી ડુબાવતાં અટકાવી શકાય તેમ પણ નહોતું. તે શિયાંવિયાં થઈ ગયો. બીજા બેત્રણ ધારાળા તારા હતા તે પણ ઊતરીને હોડીને ધકેલવા લાગ્યા; પણ હોડીએ ચસવાની જ ના પાડી.

સામે કાંઠે જવાની તો હવે આશા જ ન હતી. તેમાં આ કાંઠે જવામાં પણ હવે પૂરૂં જોખમ ભર્યું હતું. હોડી કાદવમાં છીતેલી ત્યાંથી કાંઠાની ભેખડ ખાસ્સી એક ફર્લાંગ હતી. જુવાળનો ધસારો હેઠવાસથી ઉપરવાસ હતો. હોડીનો મોરો સામા કાંઠા તરફ ને સોખાણ આ કાંઠા તરફ હતાં. જો હોડીને ત્યાં ને ત્યાં જ ફેરવીને દરિયા તરફ મોં કરી નખાય તો પછી તે સલામત હતી, કેમકે પછી તે પાણીની સપાટી પર કૂદકો મારી ચડી જાય. પણ જો આડી જ પડી રહે ને જુવાળ તરફ અભિમુખ થવાને બદલે તે તરફ પડખું રાખે તો ઘોડાના ધક્કાથી તે સુઈ જઈને ઊંધી જ થઇ જાય. સદ્ભાગ્યે આ જુવાળ બીજનો કે ત્રીજનો હોવાથી પૂનમ જેટલો ભયંકર નહોતો.

સડ...સડ...સડ....પાણી દોડ્યું આવ્યું. હોડી હજી છીતેલી જ હતી. એ ગયા!–એ ગયા!–થતું હતું. પૂનમ ન હોય તેથી શું થયું? જુવાળ એટલે જુવાળ.

ખબાખબ ખબાખબ મોટા વિદ્યાર્થીઓ હોડીમાંથી કૂદી પડ્યા. મોરાને ચોંટી પડ્યા. રીડિયા, પડકારા ને હાકોટા કરતા બધા મંડ્યા ને કોણ જાણે ક્યાંથી શૂરાતન આવી ગયું તે બધા યે એક જોરથી મંડી પડ્યા. ધક્કમધક્કા કરતાકને બધા એવા તો મંડ્યા કે ઘડીક વારમાં–ઘડીકવાર પણ શેની? થોડીક ક્ષણોમાં જ–હોડીને મરડી નાખીને તેનો મોરો જુવાળની સામે આણી દીધો. પછી કોઇને ઉપર ચડવા માટે માછીને હુકમ આપવાની જરૂર ન હતી. જુવાળ સો પચાસ કદમ જ દૂર હશે - સો કે પચાસ એની ગણતરી તે વેળા કયો કરવા જાય?—છેલ્લો જણ ચડી રહ્યો ત્યાર પછી જ પેલો ધારાળો ને માછી છોકરો ચડ્યા. ઝડપ માછીએ પગથી સોખાણ મરડ્યું ને બે હાથમાં વાંસડો ઝાલીને ઊભો રહ્યો. જુવાળ આવ્યો. હોડી ઊછળીને તેની સાથે એક એવો તો સખ્ત આંચકો લાગ્યો કે બધા એકબીજાની ઉપર જઇ પડ્યા. હોડી નીચેથી દરિયાનાં તોફાની પાણી પસાર થઈ ગયાં. થોડી સેકંડો પહેલાં જે પાણી ખોબા ભરીને અમે પીધું હતું તે જ પાણી ખારૂં ધૂધવા જેવું થઈ ગયું. ડોળું પણ તેવું જ જાણે.

પછી તો અમારા માછીએ હોડી ઉપાડી. જુવાળના જોરથી તણાતા–એટલે કે હેઠવાસથી ઉપરવાસ તરફ પરાણે ખેંચાતા–અમે એક આરાને બદલે બીજે આરે જઈ ઊતર્યાં. ભેખડ ઉપર ચડીને જોઈએ તો બેય કાંઠે મહીસાગર ચિકાર! દરિયામાંથી નદીમાં રેલ આવી હતી ને ઘૂમરી ખાતાં ડોળાં પાણી નદીના મુખમાંથી મૂળ તરફ ધસતાં હતાં!

નદીના મૂળનો ભાગ તો મુખના કરતાં ઊંચો હોય ને નદીનું વલણ જ ઢાળ તરફ હોય એટલે આ ઊલટાં પાણીની રેલથી મને તો ખૂબ નવાઈ લાગી. પણ અત્યારે નદીના પાણી કરતાં દરિયામાં ભરતીનાં પાણીની સપાટી કયાં ઊંચી હશે એટલેજ આ દરિયાઈ રેલ આવી હતી, અને જ્યાં સુધી ભરતીનાં પાણીની સપાટી જેટલી ઊંચાઇએ નદીનું પાત્ર ને તેનું પાણી ન આવે ત્યાં સુધી તે દોડતી જ જવાની.

'આ જુવાળ આમ કેટલેક સુધી જતો હશે'? કુતૂહલથી મેં પેલા ધારાળા તારાને પૂછ્યું 'વાસદના પૂલ સુધી' તેણે ઉત્સાહથી કહ્યું. કહે છે કે બદલપુર અને રાળજ જેવાં, પ્રમાણમાં અખાતની નજીકનાં ગામો તરફ અખાત્રીજનો જે જુવાળ આવે છે તેની ઊંચાઈ દોઢ દોઢ કે કોઈવાર બબ્બે વાંસ સુધીની હોય છે.

તનસુખ ભટ્ટ

બાળવિભાગ

ગધેડાંની વાત્તા

નિવેદન અને અર્પણ

એક બાળકે માગણી કરી: ગધેડાની વાત્તા કહો. અને તુર્ત આ 'વાત્તા' લખી નાખી. બાળક માગણી કરે અને જરા પણ વિચાર કરવા રહે તે વડીલ ગધેડો. મોટા કહેશે: 'અને આમ જરા પણ મેળ વગરનું ભરડે તે પણ ગધેડો.' વળી હું ઉમેરીશ, 'આવી વાત્તામાં મેળ, આદિમધ્યઅંતની સંગતિ, કલાશૈલી આદિનો વિચાર કરવા બેસે તે વાચક ગધેડો; કેમ જે વાત્તા છે બાળકો માટે, અને બાળકો એવા એવા વિચાર ડહોળે નહિ. આમ, આ ગધેડા વિષેની વાત્તા બીજા અર્થોમાં પણ ગધેડાંની વાત્તા હશે, વા કોઈકોઈ વાચકને લાગશે, તે ભલે. હું તો એને અર્પણ કરું છું જે બાળકે એ માગી તેને, જે બાળકો કે બાલસ્વભાવી વાચકોને એ રુચે તેમને.



એક હતો ગધેડો. તે ભૂંકે ભો ભો ભો!

સવારે ભૂંકે, સાંઝે ભૂંકે, બપોરે ભૂંકે, રાતે ભૂંકે; પણ સૌથી વધારે નઠારૂં ભૂંકે મોડી રાતે બે વાગે, જ્યારે સ્વર્ગમાં ઇન્દ્ર અને ઇન્દ્રાણીના દરબારમાં નાટક, નાચ અને ગાનતાન પૂરાં થાય, અને સૌ દેવદેવી, ગન્ધર્વ, અપ્સરા, દિક્પાલો અને મહર્ષિઓ દરબારના દીવાનખાનામાંથી નીકળી, જાય સ્વર્ગંગાને કાંઠે આવેલા નન્દનવનની હવા ખાવા. ત્યાં એ નદીને કાંઠે અને તેના બેટોમાં આરસ, સ્ફટિક, નીલમણિ, મરકતમણિ, જાંબુમણિ, દાડિમમણિ અને ચંદ્રમણિની શિલાઓ ઠેકઠેકાણે પડેલી, તેની ઉપર આડા થઈ આ દેવ દેવી, ગન્ધર્વ અપ્સરા, દિક્પાલો અને મહર્ષિઓ જરા આરામ લે, અને સ્વર્ગંગાની મીઠી લ્હેરોમાં જરા તાજા થાય. આ દેવ, ગન્ધર્વ, દિક્પાલ વગેરેને ઊંઘ તો હોય જ નહીં; અને ચાર વાગે તો એ સૌ સ્નાન કરી આસનવાળી પોતપોતાની ઉપાસનામાં મંડી પડે છેક સૂર્ય ઊગતાં લગી. એમને જરા વિસામા અને આસાયેશના કલાક આ બે જ, રાતના બેથી ચાર લગીના.

આપણો ગધેડો બરાબર બે વાગે રાતે ભૂંકે. એને એવી ટેવ. અને તે એવું ભૂંકે કે તેવું એ પોતે પણ બીજી કોઈ વખતે ભૂંકી ન શકે. દિવસે એ ભૂંકે તે તો શેરીમાંજ સંભળાય; સાંઝે ભૂંકે તે આખા ગામમાં સંભળાય; મધરાતે ભૂંકે તે એનું ભો ભો ચડે આકાશમાં; અને આ બે વાગે ભૂંકે તે તો આકાશને ય ભેદી પેલી પાર જાય; એટલે છેક સ્વર્ગંગાને કાંઠે નન્દનવનમાં દાખલ થતાં આ દેવ દેવી, ગન્ધર્વ, અપ્સરા, દિક્પાલો અને મહર્ષિઓ પણ એ બે વાગ્યાની ભૂંક સાંભળે.

(ઈતિ ગધેડાંની વાત્તાનું પ્રકરણ ૧લું સમાપ્ત.)

વસન્તપંચમીની રાત હતી. શંકરનો તાંડવ નાચ ગંધર્વ ચિત્રરથ ભોળા શંકરનો વેશ લઇને નાચતો હતો. પાર્વતીનો લાસ્ય નાચ અપ્સરા મેનકા નાજુક પાર્વતીનો વેશ લઇને નાચતી હતી. હતી તો પાંચેમ. પણ સ્વર્ગમાં હમેશ પૂનેમનો ચંદ્રમા જ પ્રકાશે. આ બે નાચવામાં ગુલતાન હતાં અને બીજા બધા તે જોવામાં છક્ક થઈ ગયાં હતાં. ત્યાં બાળક ગજાનને સૂંડ ઊંચી કરી. તેની છાયા પડી પાર્વતીનો વેશ લઇને નાચતી મેનકા ઉપર. એને વ્હેમ પડ્યો કે મારે ખભે આ કાળો નાગ કયાંથી ! તેનાથી મુક્ત થવા હાથ ઊંચો કરી ખભેથી નાગને ઊસેટવા ગઇ, ત્યાં એના તાલમાં પડી ભૂલ. અને એનો નાચ કથળ્યો, એટલે શંકરનો વેશ લઇને નાચતા ચિત્રરથે પોતાનો પણ અટકાવી દીધો. ગજાનન ઉપર દેવ દેવી ગંધર્વ અપ્સરા દિક્‌પાલ, મહર્ષિ સૌને રીસ ચડી કે આ બાળક મકનિયા*એ તાલ બગાડ્યો. પણ બાળક એટલે તેને કરે પણ શું ? બહુ તો એક બે ચૉંટી ભરે અને તેને રડાવે. પણ એને કંઈ બાંધી મરાય છે ? એટલે આ વસંતપંચમીની રાતે દેવોના દરબારમાં નાચ જરા વ્હેલો પૂરો થઇ ગયો. સૌ જરા વ્હેલાં નીકળી સ્વર્ગંગાને કાંઠે નન્દનવનમાં આવી પોતપોતાને મણિમય ઓટલે આરામ લેવા બેઠાં. અપ્સરા મેનકા એની પુત્રી શકુન્તલા અને અપ્સરા ઉર્વશી ત્રણે સાથે સ્વર્ગંગાના એક બેટમાં એક જાંબુમણિની શિલા ઉપર બેઠાં ને જરા વિસામો લઇએ એમ ધારતાં’તાં ત્યાં તો નીચેથી આ લો લો લો નો અવાજ ત્રણેએ સાંભળ્યો, કેમ કે તે જ ઘડીએ બે વાગ્યા, અને બીજા ટકોરા સાથે જ આપણો ગધેડો તો એની આદત પ્રમાણે ભૂંક્યો !

(ઇતિ ગધેડાંની વાર્તાનું પ્રકરણ ૨જું સમાપ્ત.)

મેનકા વિશ્વામિત્ર મહર્ષિની સાથે આ દુનિયાનું સુખ માણવાને પૃથ્વી પર આવેલી હતી; ઉર્વશી રાજાધિરાજ પુરૂરવસ સાથે આ દુનિયાનું સુખ માણવાને પૃથ્વી પર આવેલી હતી. અને આવેલાં ત્યારે એઓ બંને અહીં વર્ષોને વર્ષો રહેલાં તથા અહીંનાં પશુ, પંખી, ઝાડ, વેલા, ગિરિ અને રણ, નદી અને નાળાં, ઉન્હાળાના તાપ



ઉર્વશી મેનકા અને શકુન્તલા.

અને હિમાલયના બરફ વગેરેથી વાકેફ થયાં હતાં. પણ તેને તો દાયકા ને દાયકા વીતી ગયા હતા અને તે દરમિયાન બંને પાછાં સ્વર્ગનાં ઉદ્યોગી ઉલ્લાસી જીવનમાં સામેલ થઈ પૃથ્વી વિષે પોતે જે જોયેલુંજાણેલું તે ઘણુંખરૂં ભૂલી ગયાં હતાં. એટલે આ ભૂંડો, આ બેસૂર, બેતાલ, કાનને પીડતો, મગજને હેરાન કરતો, બાળકોને બ્હીવડાવતો અને મોટાંને ગુસ્સો તેમ દયા સાથે ઉપજાવતો અવાજ કોનો હશે, એવો અવાજ તે શા માટે કરતો હશે, એ કશું જ તેમને સમઝાયું નહીં; પણ શકુન્તલા તો પૃથ્વી ઉપર જ રહેતી હતી. હાલ તે પોતાની માતા મેનકાને મળવાને જ આવી હતી અને સ્વર્ગમાં માત્ર વસન્તઋતુ જ ગાળવાની હતી. તેણે પોતાની માતાને અને માસીને કહ્યું, ‘વાહ રે તમને તો પૃથ્વીનું હવે કશું જ યાદ રહ્યું નથી ને શું? પૃથ્વી ઉપર તો હરકોઈ માણસ જાણે, જે આ અવાજ ગધેડાનો છે. ગધેડો એક ચોપગું, ઉદ્યોગી, ગરીબ, ઠાવકું જાનવર છે. એ સૌથી વધારે ઉપયોગી કુંભારને છે, અને કુંભારને જેઓ પ્રજાપતિ કહે છે તેઓ ગધેડાને પ્રજાપતિનો ઘોડો પણ કહે છે. પણ ઘોડો વેગમાં કદમાં અને સુન્દરતામાં ચડે; તો ય ઉદ્યોગમાં કે ઉપયોગમાં ગધેડાથી કંઇ ચડે નહિ; અને અવાજમાં તો ઘોડો ગધેડો બેય ઠીક જ. અમે પૃથ્વી ઉપર બેયથી ટેવાઈ જઇએ એટલે અમને ઓછું લાગે. અહીં

* હાથીના બચ્ચાને મકનિયું કહે છે.

સ્વર્ગના જેવાં અતિ સુન્દર અને મોહક ગાનતાન, નાચનાટક પણ પૃથ્વી ઉપર અમને જોવા સાંભળવા મળે નહીં, એટલે અમારા કાન જ જરા બૂઠા અને બ્હેરા અને જાડા. તમારા સ્વર્ગવાસીઓના જેવા તીણા અને ઊંચી મધુરતાના સૂક્ષ્મ નમૂનાઓથી ટેવાયલા નહીં; તે અમને તો નથી ગધેડાના ભૂંકવાથી કે નથી ઘોડાના ખોંખારાથી એવું કંઈ લાગી આવતું.' અને જાતે જરા ટીખળી એટલે શકુન્તલાએ તો આ પણ ઊમેર્યું: 'બા, મારી, ચાલો પાછાં પૃથ્વી પર; થોડો વખત ત્યાંની પણ સ્હેલ કરો. ભૂલી ગયાં છો તે બધું તાજું થશે. સુન્દરતા અને મધુરતાના અતિ સૂક્ષ્મ અનુભવોથી વાજ આવી ગયાં છો, તે અમારા લોકમાં આવશો કની, એટલે તમારા કાન અને તમારાં મગજ જરા રીઢાં થશે; જરાજરામાં કચવાય છે, બેચેન થાય છે અને ચીડવાય છે, તે પાછાં ઠેકાણે આવશે. આટલી બધી સૂક્ષ્મતા અને વિલાસિતા તો બા, કંઈ કામની નહીં: એક ગધેડાનો જરા સ્વર કાને પડ્યો અને કકળી ઊઠો છો ? જાઓ મારાં બાઇ! બ્રહ્માવિષ્ણુમહેશે આખું બ્રહ્માંડ રચ્યું છે તે શું એકલાં દેવદેવી, અપ્સરા ગન્ધર્વ જેવી ઊંચી યોનિઓ માટે જ રચ્યું છે ? એમાં ઘોડાને પણ સ્થાન છે, એમાં ગધેડાને પણ સ્થાન છે.'

(ઈતિ ગધેડાંની વાત્તાનું પ્રકરણ ત્રીજું સમાપ્ત.)

પણ મેનકા અને ઉર્વશી જેવી આધેડ બાઈઓ ટિચકુડી શકુન્તલાને ગાંઠે ખરી કે! એ તો શકુન્તલાને જાંબુમણિની શિલા ઉપર એકલી મૂકીને ઊઠી ગયાં અને ચાલ્યાં આ અસહ્ય પીડાનો શો ઉપાય કરવો તેનો વિચાર કરવા. પણ તેથી શકુન્તલા એકલી પડી ગઈ એમ ન માનશો. સ્વર્ગવાસીઓ એટલે જિજ્ઞાસુ; કંઈપણ નવતર જોવા જાણવાનું સાધન દેખે તેને વળગે; કોઈ પણ નવો વિચાર સૂઝે, સાંભળે, વા વાંચે, તેનું મૂલ શોધવા અને તેને જુદી જુદી અનેક રીતે તપાસવા અને લાગુ પાડવા મંડી પડે; તેનું નામ સ્વર્ગવાસી. તેમાં વળી પૃથ્વી ઉપરથી કોઈ ચીજ કે કોઈ માણસ આવ્યું હોય, ત્યારે એક પછી એક બધા જ સ્વર્ગવાસી તેની કને આવે જ. નવું આવેલું તે તો મેહમાન. તેની પરોણાગત કરવી જ જોઈએ. વળી નવું નવું સાંભળવા જાણવાનું ય મળે.

મેનકા ઉર્વશી ઊઠીને ચાલતાં થયાં તેવો શકુન્તલા કને આવ્યો સુન્દરતાની દેવી વિષ્ણુની અર્ધાંગના લક્ષ્મીજીનો લાડકો પુત્ર કામદેવ. કામ એટલે ઈચ્છા. કામદેવ એટલે ઈચ્છાનો દેવ. આપણા હૃદયમાં ન હોય ત્યાંથી અવનવી ઈચ્છાની કૂંપળો ફૂટે છે અને તેમાંથી ફૂલ બેસે છે અને ફળ આવે છે તે બધાંનાં બીજ વાવનાર આ કામદેવ છે. એ બડો ખેડૂત છે. બ્રહ્માંડનો મોટામાં મોટો ખેડૂત એ જ છે. જ્યાં ને ત્યાં બીજ વાવ્યા જ કરે. તેમાંથી ફૂટે ઈચ્છારૂપ કૂંપળ. તેની વધીને થાય કામના રૂપ કળી. કળી વધે તેનું નામ વાસનારૂપ ફૂલ. ફૂલ પાકતાં ફળ લાગે અને ફૂલ ખરી પડે તેનું નામ કામસિદ્ધિ. શકુન્તલા પાસે આ કામદેવ આવીને બેઠો એટલામાં વાયુદેવ પણ ત્યાં જ આવ્યો. અને વાયુદેવ એટલે અવાજ માત્રનો બ્રહ્મા. વાયુદેવ સ્વર્ગંગાનો પતિ છે અને પોતાની એ પત્નીની ચાલ ઉપર તથા તેના અંગે અંગની મરોડ ઉપર આફરીન છે. એ મરોડ અને એ ચાલની લીલામાં જ તે તન્મય રહે છે અને મંદ-મંદ હસ્યા જ કરે છે. એના હાસ્યની સુવાસ પાણીમાં પેસે છે અને સ્વર્ગંગાનાં પાણીની ઠંડક એના એ વ્હેતા હાસ્યમાં પેસે છે; અને આ લીલા, આ વહન, આ રૂપ, આ ઠંડક, આ સુવાસ અને આ હાસ્ય સ્વર્ગમાં ખૂણેખૂણે ફેલાઈ રહે છે. તેથી જ સ્વર્ગ સ્વર્ગ છે. શકુન્તલા કામદેવને પૂછે, '*બાપુમામા, તમારી ખેતીકળા ય અજબ છે! ફૂલમાં રજ થાય, તે ઉપર પતંગિયું બેસે એટલે રજ તેના પગે ચોંટે, અને પતંગિયું ઊડી, બીજા ફૂલ પર બેસે, એટલે તે રજ ત્યાં વળગે. પતંગિયું નહીં ને મધમાખ, તે નહીં ને ચકલી દેવચકલી કે બીજું પંખી. પણ ક્રિયા આ જ. આમ ખાતર ત્યાં બીજ અને બીજ ત્યાં ખાતર પહોંચાડો અને ફળ નીપજે; તેમાં પાછાં બીજ થાય. શી તમારી ચતુરાઈ!'

(ઇતિ ગધેડાંની વાત્તાનું પ્રકરણ ૪ થું સમાપ્ત.)

વાયુ કહે, 'અરે, શકુન્તલા બ્હેન, એ તમારો બાપુમામો દેખાય છે નાનો, નબળો, રમતિયાળ, સ્વચ્છન્દી બાલક જેવો, પણ એની તો વાત જ ન કરશો. તમે પંખી પતંગિયાનું કહ્યું. પણ એ તો

*મામો હોય, પણ પોતાથી નાનો દેખાતો હોય, તે બાપુમામો.



ભલભલા કને પોતાનું કામ કાઢી લે એવો છે. આ હું, આખા બ્રહ્માણ્ડનો શ્વાસોચ્છ્વાસ, હું નહીં ત્યાં કશું નહીં, હું હોઉં ત્યાં બધું જ, તેવાને પણ એ તો પોતાનું સાધન કરવાનો ને કરવાનો. વળી વિનંતિ કરવા આવે, જે મોટાકાકા, મારું આટલું જરા સમારી આપશો, તે વાત જ નહીં. હું જતો હોઉં કે આવતો હોઉં, ચડતો હોઉં, પડતો હોઉં, કે વળ ખાતો હોઉં, ચક્રદાવ રમતો કે સુસવાટ પૂરપાટ દોડતો, કે ગમે તે કરતો હોઉં, તે દરમિયાન એનાં અસંખ્ય બીજ મને વળગે જ, અનુચિતમાંથી ઉચિત જગાએ અને ઉચિતમાંથી અનુચિત જગાએ મારી પીઠે ચડી બેસીને જાય, અને અમલ કરે ત્યારે આ તમારા બાપુમામાની આજ્ઞાઓનો.'

કામદેવ કહે, ' અરે મોટાકાકા, બ્હેન શકુન્તલા, તમે બસ એટલું જ જાણો છો કે ? તો લ્યો તમને વધારે પણ કહું. તમે તો માત્ર ફૂલ, બીજ, પંખી એવી એવી વાત કરી. પણ જે ઊંચી યોનિઓમાં બ્રહ્માએ સ્ત્રી જાત અને પુરુષજાતને અલગ શરીર આપ્યાં છે તેમના જીવનમાં હું પ્રવેશું છું ત્યારે તેઓ એકબીજાને આકર્ષવા કંઈ કંઇ કરે છે. તેમની ઈચ્છા ગતિનું રૂપ લે, ગાનનું લે કે વાણીનું. તે એકનાં ગતિ વાણી ને ગાન, બીજાને પહોંચાડે છે કોણ વારુ ? આ મારા મોટાકાકા વાયુદેવ ! એઓ કહે છે, હું વિનંતિ કરતો નથી, જણાવતો નથી. પણ હું તે કેટલી વિનંતિઓ કરું, કેટલી વાર જણાવું, વારુ ? અને ધારો કે હું તેમ કરું, તો એમને એ બધી યે વાત સાંભળવાની ય ફુરસદજ ક્યાં છે જે ? કામ એવાં કુદરતી, તે આપોઆપ થઈ જતાં જ હોય, કામ એટલાં અસંખ્ય કે બ્રહ્માણ્ડને ખૂણે ખૂણે કાલ પિતામહની પલેપલ તે ચાલી જ રહ્યાં હોય, ત્યાં કહેવાં કહાવવાં વિનંતિઓ અને પરવાનગીઓને અવકાશ જ ક્યાં છે વારુ ?'

(ઇતિ ગપેડાંની વાત્તાનું પ્રકરણ ૫ મું સમાપ્ત.)

દરમિયાન અહીંથી ઊઠી ગએલી મેનકા અને ઉર્વશી અહીંથી વિચાર કરવાને ઊઠી ગઇ હતી તે વિચાર કરી લઇને ગઈ મહર્ષિ વૈદ્યરાજ ધન્વન્તરી પાસે. એ મહર્ષિ આરામ અને આસાયેશનો વખત ડીલ ચોળીને નહાવામાં જ ગાળતા હતા. એવી એમને ટેવ હતી. જ્યારે નવરા પડે ત્યારે ડીલ ચોળતા કે ચોળાવતા હોય, દાબતા કે દબાવતા હોય, અથવા નહાતા હોય. એમને પોતાની તનદુરસ્તી જાળવવા માટે ત્રણ વાતમાં જ શ્રદ્ધા હતી. પહેલી વાત કામ સાથે કામ ! જ્યારે કામ હોય ત્યારે તેની પાછળ મંડી જ પડતા. ન જુએ લીલું ન જુએ સૂકું; ન જુએ સવાર ન જુએ સાંઝ. ખાવાનું ય ભૂલી જાય. અને સ્વર્ગમાં ઊંઘ તો મુદ્દલ ન મળે એ ઉપર આવી ગયું. કામ વિનાના ન રહેવું, જે આવે તે પૂરેપૂરી ખંતથી કરવું, તેમાં જ મશગૂલ થઈ જઇ આનંદ માણવો, કામ ન હોય તો ગમે ત્યાંથી જાતે ઊભું કરી તેને વળગવું, પૂરી એકાગ્રતાથી કરાતું કામ એ જ જીવનની વાસ્તવિક અમરતા. આ એમની પહેલી શ્રદ્ધા હતી. વળી રોગ, અશક્તિ, બેચેની, જડતા, નીરસતા, મૃત્યુ એ સર્વને તે એક જ બાબતની જુદીજુદી મુદ્રાઓ માનતા અને તેના પંઝામાં પોતે સપડાઈ ના જાય તેટલા સારુ તેઓ રોજ નિયમિત રીતે ગમે તેટલું કામ હોય તથાપિ પૂરતો વખત કહાડીને એ દોષમાંથી મુક્ત વિમુક્ત, અત્યંત મુક્ત થવાને મથતા. પહેલો દોષ મેલ; બીજો દોષ-લોહીની મંદતા. આ મંદતા બને



તેટલી દૂર રાખવાને. તેઓ ડીલ ચોળતા ચોળાવતા, દાબતા દબાવતા: આ મેલ દૂર રાખવાને પણ તેઓ ડીલ ચોળાવતા અને નહાતા. ચોળ્યા જ કરતા; ચોળાવ્યા જ કરતા. દાબ્યા જ કરતા અને નાહ્યા જ કરતા. ખાસ કરીને વિસામા અને આસાયેશના કલાકોમાં.

મહર્ષિઓમાં શકિત હોય. માટે જ તે મહર્ષિ કહેવાય. માણસ સામે જોતાં જ જે તેના મનની વાત કળી જાય, પેલો હજી તો બોલ્યો ય નહીં ત્યાં, તેનું નામ મહર્ષિ. મેનકા અને ઉર્વશી આ જાણતાં હતાં એટલે તેઓ કશું બોલ્યાં નહીં. માત્ર આવીને પોતપોતાના બે સુંદર હાથ જોડી તે ઉપર પોતાનાં વધુ સુન્દર મસ્તક નમાવીને અરજદારની જેમ ઊભાં રહ્યાં. ધન્વતરી કહે, ‘વિલાસિનીઓ–’ આ પણ મહર્ષિઓને- એક આદત હોય છે. જે માણસો માત્ર પોતાના તાનમાં ગુલતાન રહે, પોતાની પ્રવૃત્તિથી કોઇની સેવા થતી હોય તથાપિ તે સેવાની જેમને પરવા નથી, તે તો પોતાના તાનાનંદને લઇને જ પોતાની પ્રવૃત્તિમાં મચ્યા રહે છે, તેવા તમામને મહર્ષિઓ ‘વિલાસી’ કહે છે. ધન્વન્તરી કહે, ‘વિલાસિની, તમને વિચાર કરતાં લાગ્યું કે ગધેડાંની ભોં ભોં ભૂંક રોગની જ નિશાની હોવી જોઇએ. જે ભૂંકથી તમને આટલું દુઃખ થયું, તે ભૂંક તેના ઉચ્ચારનારનો પણ દુઃખનો ઉદ્દગાર હોવો જોઇએ. વળી ગધેડો ભૂંકે તેટલી વાર વધુ તીવ્ર કે ઓછો પણ આવો દુઃખનો જ ઉદ્દગાર કરે છે, તો ગધેડો જાતે મહારોગી હોવો જોઇએ. અને તમારૂં અનુમાન તમને એટલું તો ચોક્કસ લાગે છે કે એ મહારોગીની તમને દયા આવી અને એના ઉપચાર કરીકરી એને નીરોગી બનાવવાની વિનંતિ કરતાં તમે અહીં આવીને ઊભાં છો. કેમ, ખરૂં કે?’

મેનકા–ઉર્વશી કહે, ‘જી, આપ યથાર્થ જ બોલો છો. બાપડા ગધેડાને નીરોગી બનાવો. એ ઉદ્યોગી ઉપયોગી પ્રાણી નીરોગી બનતાં વધુ ઉદ્યોગી ઉપયોગી પણ થશે. મહા દુખિયારૂં છે તે સુખી થશે અને સુખી માણસના જેવો અવાજ કુદરતી રીતે જ પામશે, એટલેકે એની ભૂંક, હાલ એમાં છે તે કઠોરતા, ભયાનકતા, બેચેન વિલાપ આદિ દોષોથી મુકત થઇ કદાચ સુન્દર ન બને તો યે તે સહેવા જેવી તો બનશે.

(ઈતિ ગધેડાંની વાત્તાનું પ્રકરણ ૬ ઠું સમાપ્ત.)

બ્રહ્મર્ષિ જેને વિલાસી કે વિલાસિની ગણે છે તેને પણ જેટલીવાર બોલે તેટલીવાર એ જ શબ્દથી વધાવતા નથી. એટલે ધન્વન્તરી મેનકા અને ઉર્વશીને કહે, ‘બ્હેનો, તમે જાણો છો કે મને વિનંતિ નકારવી ગમતી નથી. જેટલા વૈદ્ય એટલા પ્રયોગખોર, અને વૈદ્યને જેટલા રોગી દવા કે બીજો ઉપચાર ઈચ્છતા આવે તે દરેક નવા પ્રયોગ અજમાવવાનું ક્ષેત્ર. એટલે રોગી પોતે આવે ત્યારે, તે ધારો કે રોગી ના હોય, તથાપિ તેની વિનંતિ માન્ય રાખવી. બીજો નહીં ત્યારે ય એ ભ્રમરૂપ રોગ એનામાં છે તે દૂર કરવાને બનતો પ્રયાસ કરી જોવાની અમારી ફરજ જ છે. પરંતુ એ તો જેને દવા આપવાની છે અથવા જેના ઉપર ઉપચાર કરવાનો છે તે જાતે આવ્યો હોય તેવા પ્રસંગની વાત. અહીં જુદી જ બીના છે. દવા કે જે લાગુ પડતો હોય તે ઉપચારની વિનંતિ તમે કરો છો, પણ તે અજમાવવાનું છે ત્રીજા ઉપર. હવે એ તમને પોતાની ભૂંકે રોગી લાગે છે તે ગધેડો રોગી હો કે ન હો, એ તો જે હો તે હો, પણ જે કોઈ વૈદ્ય આમ ત્રાહિતની વિનંતિ ઉપરથી

અમુકને રોગી માની લઈને તેને દવા આપવા જાય, તે વૈદ્ય તો જાતે ગધેડો કહેવાય એટલું નક્કી. અને વળી મને કોઈકોઈવાર અતિ વિચિત્ર ઈચ્છાઓ થઈ આવે છે એ પણ નક્કી, તોપણ હજી મારા ધંધાબંધુઓમાં હું ગધેડો ગણાઉં એવી ઈચ્છા મને થઈ જ નથી; એટલે મને માફ કરશો. તમે માગો કે કોઈ પણ ત્રાહિત માગે અને આપવી ગધેડાને, એવી દવા મેં કદી કરી નથી, કદાપિ કરીશ પણ નહીં; માટે મારી કને વખત ગુમાવ્યે મળવાનું નથી. તમે જેવો સૂઝે એવો બીજો વિચાર કરશો. સિધાવો.

(ઈતિ ગધેડાંની વાત્તાનું પ્રકરણ ૭ મું સમાપ્ત.)

મેનકા-ઉર્વશી પાછી વળી એટલે ધન્વન્તરીને મનમાં વિચાર આવ્યો : 'હજી મારામાં કંઈક અક્કલ છે ખરી. સારૂં થયું ને કે મેં મારી જાતને ગધેડો કહ્યો! પોતે પોતાની જાતને ગાળ દઈ શકે તે માણસની નમનતાઈ. અને નમનતાઈવાળું માણસ કુન્દન, બાકી બધાંયે કથીર. પણ માગે રામ ને દવા દેવી રાવણને તે આપનાર વૈદ્ય જો ગધેડો, તો એ માગનાર રામ પણ કેવો ગણાય વારૂ? ત્યારે સારૂં થયું ને કે મેં માત્ર મારી જાતને ગધેડો કહ્યો! આ અપ્સરાઓને એ ઉપનામ દીધું હોત તો આ સ્વર્ગમાં અને નન્દનવનમાં મારો શો ફજેતો થાત! એ અપ્સરાઓ પણ જાત તો બૈરાંની. ને તો કોયલડી ચકલી કાબરએ ને કાગડીએ મેના ને એ હોલી સાથે મળીને પોતાનામાંની એને ગધેડી કહેવા માટે કિલબિલાટ કરી મૂકત, અને આ ગધેડાની ભૂંકથી એ એ મુલાયમ પરીઓને જે ચૂંક આવી તે કરતાં, એમના ઘોંઘાટ અને એમના ઘસારાથી મારૂં ભેજું ખરેખર વધારે પાકી આવત. સારુ થયું મેં મારી જાતને જ ગાળ દીધી; અને એઓ ભલે ગધેડી નહીં, પણ અક્કલ એમની જરા ઓછી તો ખરી, કેમ જે જે લાગુ એકને તે લાગુ સૌને એવો દીવા જેવો નિયમ પણ હજી એમના ધ્યાનમાં નથી. એઓ તો પોતાના ગાનતાન વિલાસમાં જ ગરકાવ રહે છે. હશે. ભેંશના શિંગ ભેંશને ભારે, અક્કલની ઓટ ત્યાં વકરની યે ખોટ: આપણે શું? ચલાવો આપણે તો આપણું ઘસ બે ઘસ, દાબ બે દાબ, એ આપણું દસ્તુર પ્રમાણેનું રોગવિનાશક અમરત્વ ટકાવનારૂં તંત્ર.

(ઈતિ ગધેડાંની વાત્તાનું પ્રકરણ ૮ મું સમાપ્ત.)



મેનકા અને ઉર્વશી ધન્વન્તરી કનેથી પાછી જતી'તી ત્યાં એમના ઉપર સરસ્વતીની નજર પડી. સ્વર્ગંગામાં શતદલ સહસ્ત્રદલ અને પદ્મદલ વિવિધરંગી વર્તુલોવાળાં કમલો તો અસંખ્ય થાય છે. વળી પૃથ્વી ઉપરનાં કમલ તો દિવસે ઉઘાડાં અને રાતે બીડાઈ જાય, પરંતુ આ નન્દનવનમાં થઈને સ્વર્ગંગા વહે છે તેટલા ભાગમાં કમલ બીડાય જ નહીં. રાતે પણ પ્રફુલ્લ રહે એવો એટલો કમલને સૂર્યદેવનો પરવાનો છે. દેવોએ જ્યારે પોતાના બગીચા લેખે આ નન્દનવનની રચના કરી ત્યારે દરેક દેવે વચન આપેલું જે મારે આ બગીચાનો બ્હાલ વધારવાને તેમાં એક ઉત્તમ અલંકરણ જાતે ઉમેરી દેવું. તે પ્રમાણે સૂર્યદેવે નન્દનવનનાં કમલોને પરવાનો આપેલો. પણ આ તો આડવાત થઈ ગઈ. પાછા મૂળ વાત ઉપર આવીએ. નન્દનવનમાંની એ સ્વર્ગંગાનાં કમલો વચ્ચે રાજહંસો પણ સંખ્યાબંધ પોતપોતાની હંસી સાથે આમતેમ સેલ્યા કરે. ભૂખ લાગે ત્યારે જરા કાંઠે જઈ કે બેટ પાસે જઈ ત્યાંની મણિમય શિલામાંથી ચાંચપ્રહારે કણિ ખેરવી થોડી હંસીને ચણાવે, થોડી પોતે ચણે, તે કણિ એમના મુખમાં પડતાં જ મણિ મટી મોતી બની જાય વળી એમની જીભ અડકતાં તે પીગળવા માંડે અને તેનો રસ એમના પેટમાં ઉતરે એ જ એમનું અન્ન, એ જ એમનું પાણી, એ જ એમનો મુખવાસ, એ જ એમનું ચવેણું. અને દેવો ને દેવીઓ, ગંધર્વ અને અપ્સરાઓ, દિક્પાલો અને મહર્ષિઓ જ્યારે લાલમણિ નીલમણિ શ્વેતમણિ આસમાનીમણિ સોનેરી-

મણિ, ધાસમણિ અને ચંદ્રમણિની શિલાઓ ઉપર વિસામા અને આસાયેશના સમયમાં આડા થાય ત્યારે સરસ્વતી દેવી તો આ કમલ કે આ હંસ ઉપર જ પોતાનું આસન માંડી સ્વર્ગંગાનાં જલવાયુની લ્હેરે અને હંસની ગતિએ, જેમ ડોલે તેમ તેની સાથે પોતાની ચાર તૂમડિયા વીણાના સૂર મેળવતાં જ હોય. પૃથ્વી ઉપર આપણી વીણા એક તૂમડાની કે બહુ તો બે તૂમડાની થાય છે, ત્યારે સરસ્વતીના વીણાદંડને દરેક છેડે બે એમ ચાર તૂમડાં હોય, અને એ દરેક તૂમડા એટલે સૂરસંગ્રહ. તેને વેદ પણ કહે છે. તેથી જ વેદોની સંખ્યા ચાર છે, નથી ચારથી વધારે, નથી ચારથી ઓછી.

(ઇતિ ગધેડાંની વાત્તાનું પ્રકરણ ૯ મું સમાપ્ત.)

મેનકા અને ઉર્વશી ધન્વન્તરીની પાસેથી પાછી જતી'તી ત્યાં સરસ્વતીની નજર એમના ઉપર પડી, અને બે વાગ્યાથી અત્યાર લગીમાં એમણે તો વિસામો અને આસાયેશ મેળવવાને બદલે એક માત્ર ગધેડા જેવા નિર્દોષ પ્રાણીની કુદરતી ભૂંક ઉપરથી આ વ્યર્થ, આ લાંબી અને ચોડી મગજમારી કરી છેક દેવવૈદ્ય લગી દોડી પણ ગયાં, વળી ત્યાં નકામાં ગધેડાંનો ઇલકાબ મેળવતાં જરામાં જ બચી ગયાં, એ બધી વિગત સરસ્વતીના મસ્તકમાં પાંપણના પલકારાની સાથે આવી ગઈ. એટલે સરસ્વતીને પણ સ્મિત આવ્યું, અને પૃથ્વી ઉપર બહુ જ રૂપાળાં બાળક સ્મિત કરે ત્યારે આપણે તેમાંથી ફુલ ખરતાં દેખિયે છિયે, તેમ સરસ્વતીદેવીને સ્મિત આવતાની સાથે એમના પ્રવાળાં જેવા ઓઠમાંથી કવિતા ખરી, તે આઃ-

ગધેડાની ભૂંક,
ભૂંક જેવી ભૂંક
તેની અપ્સરાને ચૂંક:
ગઇ રે અપ્સરા દોડી
જાણે નન્દનવનની ઘોડી
પણ અકકલ ન મળે કોડી: હા! હા! હા!

(ઇતિ ગધેડાંની વાત્તાનું પ્રકરણ ૧૦મું સમાપ્ત.)

હવે બ્રહ્માજીએ આ બ્રહ્માણ્ડ રચ્યું તેમાં અક્કલની વહેંચણ માટે એમણે અજબ માયાવી પેચ એવો રાખ્યો કે અક્કલનો અખૂટ ભણ્ડાર બનાવી દીધી પોતાની પુત્રી દેવી સરસ્વતીને, અને આ પોતાની બાલિકાને તેમણે સંગીત, નૃત્ય, વેદવેદાંગ, શાસ્ત્રવિજ્ઞાન આદિ ચોસઠે વિદ્યાકલામાં જન્મથી જ એટલી તો પારંગત બનાવી, કે કોઇના જ્ઞાન, કોઈની વિદ્યા, કોઇની પણ અક્કલ વિષે દેવી સરસ્વતીને ઊંચુ મત હોય જ નહીં; જે પર એની નજર પડે તે એને તો અક્કલમાં કે વિદ્યામાં, કલામાં કે અનુભવમાં ઓછું જ દેખાય. અને સરસ્વતી દેવી આ પ્રમાણે સામા માણસની જેમ-જેમ ખામી જુએ અને ટીકા કરે, તેમતેમ તેનામાં અકકલ વિદ્યા કલા અને અનુભવમાંથી જે વિશેષ ખૂટતું હોય, તે તે જ ક્ષણે જરા વધે. સરસ્વતી દેવીએ મેનકા ઉર્વશીમાં ખામી જોઈ, તે જ ક્ષણે પૃથ્વી ઉપરનો કોઈ ગધેડા ભૂંક્યો ભોં ભોં ભો. વળી વાયુદેવ જે કામદેવ અને શકુન્તલાની સાથે જાંબુમણિની શિલા ઉપર લ્હેરમાં બેઠા છે તેની તો આપણને ખબર છે. એટલે આ ભૂંક જેવી આકાશમાં ચડી તેવી વાયુદેવે તેને નન્દનવનમાં ય લીધી, પણ સાથે તેમાં પોતાની સ્મિતલહરનો એક જ વળ ભેળવી દીધો. અને આ નવી ભૂંક કુદરતી રીતે મેનકા–ઉર્વશી પાછાં આવતાં'તાંને એમના કાનને અથડાઈ, ત્યારે બંને ત્યાં ને ત્યાં ઊભાં થઇ ગયાં, એએ અન્યોન્ય સામે જોયું. એક બીજાના વિચાર બંને જાણી ગયાં અને બંને સાથેલાગાં જરા સ્મિત કરતાં કરતાં આવી પહોંચ્યાં મૂળ થાનકે, જ્યાં વાયુદેવ કામદેવ અને શકુન્તલા જાંબુમણિની શિલા ઉપર વિસામો અને આસાયેશ લેતાં હતાં. શકુન્તલા પૂછે, ' બા, માશી, શું કરી આવ્યાં? બિચારા ગધેડાને ફટકારશો બટ્ટ કારશો નહીં ને?' બંને કહે, ' ના રે બ્હેન, ફરીને હમણાં જ અમે એની જ ભૂંક સાંભળી. તે તો કંઈ એવી દુષ્ટ બેડોળ બેતાલ ન લાગી. એક જ ભૂંક અચાનક સંભળાતાં કોઈ વાર આઘાત જેવું લાગે, પણ તેમાં એ બિચારા ઉદ્યોગી ઉપયોગી પ્રાણીનો શો દોષ! ગધેડા ભૂંકે, ને ઘોડા ખોંખારે. જેવી જેની કુદરત. તેમાં ત્રાહિત માણસ કંઇ વાંધો ઉઠાવે તો જાણવું કે એના પોતામાં કંઈક ગધેડા–ગધેડીના અંશ હોવા જોઇએ. વારુ ચાલો એ તો. પણ અમે ત્રણ અહીં આ જાંબુમણિ પર ભરાઇને શું શું કરતાં'તાં, કહો જોઈએ?

(ઇતિ ગધેડાંની વાત્તા સમ્પૂર્ણ)

બલવન્તરાય કલ્યાણરાય ઠાકોર

અમેરિકા પહોંચતાં પહેલાં-

['કુમાર'માં આવતી અમેરિકાથી લખાએલા પત્રોની માળાનો ગયા અંકમાં અધૂરો રહેલો હપતો આવતા અંકમાં આગળ ચાલે તે અગાઉ, અમેરિકા પહોંચતાં પહેલાં લખાએલા આ નીચેના બે પત્રો પણ રસદાયક વાચન આપે તેવા હોવાથી અત્રે આપીએ છીએ. તેમાંનો પહેલો પત્ર, આ પત્રમાળા લખનાર ભાઈ શાન્તિલાલ હીરાલાલ શાહના નાના ભાઈ કાન્તિલાલનો લખેલો છે. તે પણ ઓગણીસ વર્ષની ઊગતી વયે અહીંની કૉલેજના અભ્યાસના અનુસંધાનમાં આગળ ટેક્સ્ટાઈલ ઈન્ડસ્ટ્રીની તાલીમ માટે અમેરિકાની લૉવેલ યુનિવર્સિટીમાં જોડાયા છે. તેઓ યુરોપમાં સ્વિત્ઝર્લૅન્ડ, જર્મની, ફ્રાન્સ અને ઇંગ્લૅંડ થઈને ન્યૂ યૉર્ક ગએલા. એ ટૂંકી સફરનું વર્ણન પહેલા પત્રમાં છે. બીજો પત્ર એમની અગાઉ ગએલા ભાઇ શાન્તિલાલનો છે, પરંતુ તે પણ ન્યૂ યૉર્ક ઊતરતી વેળાનો છે, એટલે પહેલા પત્રના અનુસંધાનમાં સફરનો ક્રમ રસમય રીતે જાળવી રાખે છે.]

આજે સવારે દસ વાગ્યે બોટમાં બેસી લેઇક લૅમનની મુસાફરી શરૂ કરી, ચારે બાજુ પર્વતની માળા અને વચ્ચે મોટું સરોવર. એક બાજુએ દર ૧૫ મિનિટને અંતરે નાજુક ગામડાંઓ આવતાં હતાં અને બીજી બાજુએ મોટા પર્વતોની ટોચોનું દર્શન થતું હતું. દિવસ બહુ સારો હોવાથી પાંચે કલાક જોયા જ કર્યું. સ્ટીમરમાં જ બપોરનું લંચ (ભોજન)લઈ લીધું. રસ્તામાં લુસાન (ગામ) પણ આવ્યું. સૃષ્ટિસૌંદર્ય નિહાળતો ત્રણ વાગ્યે હું મોન્ટ્રે પહોંચ્યો. તુરત ચા લઇ શીલોનનો જાણીતો કિલ્લો કે જ્યાં બૉનીવર્ડને રાખ્યો હતો–તે જોવા ગયો. નવાઇ જેવું લાગ્યું કે ધાર્યા કરતાં પુષ્કળ લોકો જોવા આવ્યાં હતાં. તેમાં પણ રવિવાર તેથી અમેરિકન ટૂરિસ્ટોને બદલે શહેર તથા આસપાસનાં ગામડાનાં લોકો વધારે હતાં. એમ જ લાગતું હતું કે રવિવારનો દિવસ–ધર્મનો તહેવાર–તેથી દેશની પ્રગતિ ને છુટકારા માટે પ્રાણ આપનારનું કેદખાનું જોવું જ જોઇએ!

એકંદરે મોન્ટ્રે શહેર નાનું તેથી ઝાઝું જોવા જેવું કાંઇ નહોતું. બીજે દિવસે બપોરે ત્રણ વાગ્યે ટ્રેનમાં ત્યાંથી ઇન્ટરલાકન ગયો રસ્તામાં એક અમેરિકન ટૂરિસ્ટ મળ્યો. ત્યાં મોટર ટ્રકસ દોડાવે છે. પરસ્પર ઓળખાણ કર્યું અને 'અમેરિકા આવો, ત્યારે જરૂર મળજો' એમ પણ કહ્યું. ઉમ્મર લગભગ વીસેક વર્ષની હતી. અમેરિકન ટૂરિસ્ટના બે વિભાગો હોય છે. એક તો બહુ બુઢ્ઢા અને બીજા તાજા બિઝનેસમાં જોડાયા હોય તે. મોન્ટ્રેથી ઇન્ટરલાકનનો પ્રદેશ અતિશય રળિયામણો અને સુંદર હતો. અમારી લોકલ ટ્રેન ડુંગરોના રસ્તા કાપતી ચાલી જતી હતી. લગભગ સાંજ પડયે ઇન્ટરલાકન પહોંચ્યો. હોટેલમાં જઈ જમ્યો. ખાવામાં તો બાફેલાં શાક બ્રેડ–બટર અને ફળો જ મળતાં. બીજે દિવસ સવારે યોંગફ્રાઉની સફર પણ નક્કી કરી સૂઈ ગયો. જીનીવા અને મોન્ટ્રેમાં ઘડિયાળનું કારખાનું જોવા પ્રયત્ન કર્યો; પણ તેમનું એમ કહેવું હતું કે જો ઘડિયાળ ખરીદો અને પછી કંપનીની મરજી થાય તો તમને દેખાડે. અંતે સમયસંકોચને લીધે માંડી વાળ્યું.

સવારે સાડા આઠ વાગ્યે ગાડી લુટર બ્રુનન માટે ઊપડી. ઝરણાંઓની બાજુમાં fonicular ટ્રેન ચાલી જતી હતી. લગભગ એકાદ કલાક પછી બીજી ગાડી બદલી શેડૅગ પહોંચ્યા. અહીંથી પાછી ગાડી બદલી. અહીં બે અમેરિકન બુઢ્ઢી બાઇઓ, એક હનીમૂન કરવા નીકળેલું સ્પૅનિશ જોડું...વગેરે મળ્યાં. બહુ આનંદી સ્વભાવનાં હતાં. લગભગ બાર વાગ્યે અમારી ગાડી યોંગફ્રાઉન પહોંચી. ૧૧,૪૦૦ ફૂટ ઊંચે અમે હતા, તેથી ચારે બાજુ બરફ સિવાય બીજું કંઈ નજરે નહોતું પડતું. રેસ્ટરાંમાં લંચ લીધું અને એકદોઢ કલાક બરફમાં ફર્યો. દેખાવ બહુ સુંદર હતો. ચારે બાજુ બરફના જ ડુંગરો નજરે પડતા હતા. થોડાંક વાદળાં ઓછાં હોત તો લગભગ જર્મનીના બ્લૅક ફૉરેસ્ટ સુધીના પ્રદેશો નજરે પડત.

ત્રણ વાગ્યે પાછા ગાડીમાં બેસી ઊતરવા માંડયું. ટ્રેન ઝડપથી ચાલતી હોવાથી માથું ભારે રહ્યું, પણ શેડૅગ આવ્યું કે સારું થઈ ગયું. યૉંગફ્રાઉથી શેડૅગ લગભગ નવ માઇલ લાંબો રસ્તો છે. તેમાં આઠ માઇલ તો ટ્રેન ટનલમાં જ ચાલે છે. સાંજે સાડા છએ તો પાછો ઇન્ટરલાકન આવ્યો. તરત જ સામાન બાંધી સાતની ટ્રેનમાં બીજલ ગયો, અને ત્યાં રાત ગાળીને સવારે સાડાનવ વાગે ફ્રાઇબુર્ગ રવાના થઈ ગયો.

અત્યાર સુધી ભાષાનો વાંધો બહુ નહોતો, પણ હવે વધ્યો. જર્મન સરહદ પર અગવડ પડી. વીસા (પાસ) મેં મુંબઈથી નહોતો લીધો તેથી બાર માર્ક આપી અહીં લેવો પડ્યો. નહિતર સ્ટેશન પર અગવડ પડતં અને જગાતી ઑફિસર લુચ્ચો હોવાથી હેરાન પણ થાત. નસીબ-જોગે એક સ્વિસ બાઈ મિસ કુરીડોરી મારી સાથે ડબામાં હતી. તેને ભાંગ્યુંતુટયું અંગ્રેજી આવડતું. તેણે મારે માટે બધી તપાસ કરી. અંતે મારે બાર માર્ક આપવાના છે તેમ સમજાવ્યું. શરૂઆતમાં તો ઑફિસરે પચાસ માર્ક માગ્યા. બાઇ પોલીસ પાસે લઈ ગઇ અને ઑફિસરને ખૂબ ધમકાવ્યો. જો હું કેસ માંડું તો તેને સજા થાય તેમ હતું; પણ તેટલો વખત ન હોવાથી પોલીસે કસ્ટમ ઑફિસરને છોડયો.

બીજે દહાડે સાડા દસ વાગ્યે ફ્રાઇબુર્ગ પહોંચ્યો ને હૉટેલમાં સામાન મૂકી મનુભાઈની તપાસ કરી. યૂનિવર્સિટીમાં છે અને બપોરે મળશે તેવા સમાચાર મળ્યા. બપોરે અમે મળ્યા. તેમને ખૂબ આનંદ થયો. તેમની લૅન્ડલેડી (ઘરની માલેકણ બાઈ) બહુ માયાળુ અને ભલી બાઈ છે. મનુભાઈ પણ ખૂબ આનંદમાં છે. પરસ્પર ગાંધીજીના સમાચાર પૂછ્યા. તેમને એમ લાગતું હતું કે મને ખબર હશે. મને એમ કે જર્મન છાપાંઓ વાંચે છે તેથી એમને ખબર હશે. ત્યાંના છાપાંઓમાં કોઇ વાર ભાંગ્યાતુટયા સંદેશા મળતા.

બપોરે લંચ સાથે લીધું અને બે કલાક ફ્રાઈ-બુર્ગમાં ફર્યો. તેમની યૂનિવર્સિટી હૉલ અને ક્લિનિક જોયાં. તેમનો માસિક ખર્ચ ૧૭૫ માર્ક રહેવાનો, ખાવાનો અને બીજી કૉલેજની ફી...કોઈ વાર આવવાનો વિચાર કરે તો સારૂં. એકંદરે શહેરમાં બહુ પ્રવૃત્તિઓ નહિ. મનુભાઈ ને પૂછતાં જણાયું કે ફ્રાઇબુર્ગ યૂનિવર્સિટીને માટે જ પ્રખ્યાત છે. મોટામોટા આંતરદેશીય પ્રખ્યાત થએલા પ્રોફેસરો અહીં છે. લેબૉરટરી, ચીરવાનો ઓરડો અને ક્લિનિક જોતાં એમ થયું કે મુંબઈ કોઈપણ દરજ્જે ઊતરે નહિ. એટલું કે આટલા હોશિયાર અને વિદ્વાન પ્રોફેસરો મુંબઈમાં મળવા મુશ્કેલ.

સાંજે પાંચના શુમારે મેં ફ્રાઇબુર્ગ છોડયું. ટ્રેન હાઇન નદીના ફળદ્રુપ પ્રદેશ અને જર્મનીનો બ્લૅક ફૉરેસ્ટમાંથી ચાલી જતી હતી. પ્રદેશ બહુ રળિયામણો અને સુંદર હતો. સાથે ડબામાં એક બુઢ્ઢું યહુદી જોડું હતું. બાઈને થોડું ભાગ્યુંતુટું ઈંગ્લિશ આવડતું હતું. બંને બીચારાં બહુ માયાળુ હતાં. મને અગવડ પડે છે જાણી મને ખૂબ મદદ કરવાની મહેનત કરતાં હતાં. તેમનો ચિરંજીવી ઇટાલીમાં એન્જીનિયર હતો. હું ન્યૂ યૉર્ક જાઉં છું એમ જાણી મને તેમના ભાઈનું સરનામું આપ્યું, અને જરૂર પડે તો મળવા તથા પોતે હજી જીવે છે અને બહુ સુખરૂપ છે તેવા ખબર દેવા કહ્યું.

મેં એ લોકોનો ફોટો લીધો છે; બહુ સારો નથી આવ્યો, પણ યાદગીરી માટે સારો છે. આદમી પોતે બર્લિન બૅંકમાં કામ કરતો હતો. એક વસ્તુ નવાઇ જેવી લાગી. હું સેકંડ કલાસમાં મુસાફરી કરતો ત્યારે ભાગ્યે જ કોઈ વાત કરતું, અથવા લાંબી વાતો કરવાનો પ્રસંગ પડતો; થર્ડ કલાસમાં તો એક કલાક બેસીએ તેટલામાં જેને કોઇને થોડું ઘણું અંગ્રેજી બોલતાં આવડતું હોય તે લગભગ બધા વાતો કરે. હિંદુસ્તાન અને ગાંધીજી એ બે વસ્તુ માટે જ પૂછે. ગાંધીજી દૈવિક છે એમ જ એ લોકો માને છે. રાત્રે સાડા દસે ડાર્મસ્ટાટ પહોંચ્યો. હૉટેલમાં જઈ સૂઈ ગયો.

સવારે ઊઠી પહેલું તો સ્નાન કર્યું ને ઘણા દિવસનો ભેગો થએલો કચરો શરીર પરથી ઉતાર્યો. નાહીને મૂળજીભાઈનો કાગળ લઈ પ્રતાપ કામદારને મળ્યો. હું હિન્દી અને વળી ગુજરાતી છું જાણીને ખૂબ આનંદ પામ્યા. ગઈ કાલે ફ્રાઇબુર્ગમાં ગરમી મુંબઈ જેવી લાગતી હતી; આજે ડાર્મસ્ટાટમાં વરસાદ અને ઠંડી હતી; નહિતર ભાગ્યે જ બંને સો માઈલ દૂર હશે. બીજા એક મિ. પટેલ ત્યાં મિકૅનિકલ એન્જીનિઅરિંગ માટે હતા. બે અમીન ભાઈઓ કેમિકલ માટે ભણતા હતા. મિ. અમીનનું વડોદરામાં ઍલેમ્બિક કેમિકલ વર્કસનું કારખાનું છે. એક ભાઇને પાંચ વર્ષ થયાં અને બીજા હમણાં બે વર્ષથી અહીં છે. એકંદરે ઠીક હિન્દી મંડળ ઊભું કર્યું છે. બીજા એક પુરુષોત્તમ પટેલ કરીને હતા. પાઠકને તે સારીપેઠે ઓળખે છે. છેલ્લાં પાંચ વર્ષથી તેઓ અહીં ઇલેકટ્રિક એન્જીનિઅરિંગના અભ્યાસ માટે છે. ડૉકટરની ડિગ્રી લઇને મુંબઈ પાછા ફરશે. ...નો કાગળ કારખાનાં જોવામાં ક્યાં સુધી કામ આવશે તે તેમને શંકા પડતું લાગ્યું. યુનીયન–મેટેકરી વાળાના ડાયરેકટર મિ. મૅનન જાણતા હશે કે કેમ ? છતાં પણ તેમણે કહ્યું કે તમે પોતે જાતની જ ઓળ-

ખાણ પરથી જાવ અને ટેક્સ્ટાઇલ મશિનરીના કારખાનાં જોવાની રજા મળે (ઘણુંખરૂં ના તો પાડતા જ નથી) તો તેમ જાઓ. પણ તમને સમજણ શું પડશે? એન્જીનિઅરિંગ તો આવડતું નહોતું. વળી જર્મન સિવાય બીજી ભાષા જાણતો માણસ ત્યાં ભાગ્યે જ મળે. તેના કરતાં તો તેમની એમ સૂચના હતી કે હું અહીં રહી અભ્યાસ કરૂં અથવા તો બી. એસસી. ટેક્સ્ટાઇલ એન્જીનિઅર લૉવેલ (અમેરિકા) માં થઈ આગળ અભ્યાસ માટે અહીં આવું. કાં તો ડૉકટર માટે જવું અથવા તો પ્રેકિટકલ શીખવા માટે ડિપ્લોમા કોર્સ લેવો. દાખલ થવા માટે તો હિંદી વિદ્યાર્થીને કોઈપણ કારખાનાં સુદ્ધાંમાં વાંધો નહિ આવે; ફકત પ્રજાકીય ઉદ્યોગો જેવા કે રંગનાં કારખાનાંમાં જ કામ નથી કરવા દેતા. એટલે અમેરિકા જઈ પહેલું કામ ફ્રેંચ અને જર્મન તો ખાસ શીખીલેવું અને પછી એક વૅકેશન પૂરતા અહીં આવી ટેક્સ્ટાઇલિ માટે કેવું ડેવેલપમેન્ટ છે તે ધ્યાનથી જોવું. જો અમેરિકાથી સારૂં હોય તો બે વર્ષ જર્મનીમાં જ ગાળવાં. થોડો ખર્ચ વધારે થવા સંભવ છે.

અહીંનું વિદ્યાર્થીજીવન બહુ જ સાદું અને સરળ. છોકરીઓની સંખ્યા છોકરાઓ કરતાં વધારે. આખો દિવસ કામ કરે, રાત્રે ફરે અને કન્યામિત્રો સાથે કાફેમાં નાચે અને બીર પીએ, અથવા તો સીનેમામાં જાય. તે દિવસ હું પ્રતાપનો મહેમાન જ રહ્યો. સાંજે જર્મન સીનેમા અને ત્યાનું રાતનું કાફેનું જીવન પણ જોયું. રાતે બાર પહેલાં સૂનારા અહીં બુઠ્ઠા અને નાનાં છોકરાંઓ જ.

સવારે ઊઠી પ્રતાપને મળ્યો. ગઇ કાલે તહેવાર હોવાથી શહેર બંધ હતું તે આજે ખૂલ્યું. ચેકો બૅંકમાં વટાવ્યા અને પ્રતાપે કહ્યું કે હાઇન નદીનો પ્રદેશ જોવા જેવો છે; માટે બર્લિન જવાનું માંડી વાળી હાઇનમાં જ ફરો. એક તો થોડા વખતમાં બર્લિન જોવું શકય જ નથી. તેથી બપોરે સાડાબારે ડાર્મ-સ્ટાટ છોડયું. માઇન્ઝ એક વાગ્યે પહોંચ્યો. બોટ લગભગ પોણા બેએ ત્યાંથી ઊપડતી હતી. માઈન્ઝમાં સૌથી વધારે અગવડ પડી. અને પરદેશમાં એકલા હોઇએ અને ભાષા ન આવડતી હોય ત્યારે કેવી અથડાકૂટ થાય છે તે બરોબર અનુભવ્યું.

હિટલરના રાજ્ય પછી લગભગ બે ત્રણ દિવસને અંતરે એક પ્રજાકીય દિન તો હોય જ. આજે પ્રજાકીય દિન હતો. મારે ઊતરવું પડયું એક નાના લોકલ સ્ટેશન પર. ત્યાંથી નદીકિનારે જવું શી રીતે?

મોટરો કે બસ તો કયાંય દેખાતી જ નહોતી. ત્રણ ડાગીના ઉચકી એકાદ ફર્લાંગ ચાલ્યો. અથડામણ સારી-પેઠે થઇ. ઉતાવળથી પહોંચવાનું હોવાથી થોડોઘણો ગભરાટ પણ થયો. નસીબજોગે રસ્તે એક બુઠ્ઠો પાદરી જતો હતો તેને થોડુંઘણું અંગ્રેજી બોલતાં આવડતું હતું. ખૂબ મહેનતે તેને કંઇક સમજણ પડી. અને મને ટ્રામમાં બેસવા કહ્યું. જેમતેમ કરીને હું બેઠો, ત્યાં પાછી ટ્રામ બદલવાની આવી. પણ કન્ડકટર સારો હતો. ટ્રામ ઊભી રાખી મારો થોડો સામાન ઉચકી બીજી ટ્રામમાં મૂકી મને બેસાડયો. અંતે મહામહેનતે પાંચ મિનિટ જ વખતમાં બાકી હતી ત્યારે બંદરે પહોંચ્યો. ત્યાંથી મજૂર કરી બંને જણા ખૂબ દોડયા અને એકાદ મિનિટ બાકી હશે ત્યારે બોટ પર ચડી ગયો. ખૂબ થાક લાગ્યો હતો. શરીરના સાંધા પણ દુખી ગયા. નીરાંતે સ્ટીમરમાં ખાધું અને હાઇન નદીની મુસાફરી બપોરે બેને શુમારે શરૂ કરી. બોટ લગભગ ત્રણ કલાક સુધી સુંદર રળિયામણા પ્રદેશ વચ્ચે ચાલી. છુટાછવાયા કિલ્લાઓ અને દુર્ગો બંને બાજુ નજરે પડતા હતા. બાજુમાં ટ્રેન પણ ચાલી જતી હતી.

પ્રદેશ અતિશય ફળદ્રુપ અને સરસ હતો. ફોટોગ્રાફો પાડયા અને પોસ્ટકાર્ડો ખરીદ્યાં. હું માઈન્ઝથી કોબ્લેંઝ સુધી હાઇનમાં ફર્યો. આ પ્રદેશ આખા યુરોપમાં ખૂબ રસાળ અને રળિયામણો ગણાય છે. માત્ર મોટી ફેકટરીઓ સૃષ્ટિસૌંદર્યમાં ખટકતી હતી. અંતે સાંજે પોણાઆઠે કોબ્લેંઝ પહોંચ્યો. અહીં પણ અથડાકુટ થાત; પણ નસીબજોગે બોટમાં એક જર્મન વિદ્યાર્થી મળી ગયો. તેણે મને જર્મન ભાષામાં કાગળ પર મેં મારો મુસાફરીનો ક્રમ કહ્યો તે લખી આપ્યો અને થોડાં જર્મન વાકયો પણ શીખવ્યાં. ત્યાંથી હું સ્ટેશને ગયો. ૮-૨૦ વાગ્યે કોબ્લેંઝ છોડી બેન્જરબુક રાત્રે સાડા દસે પહોંચ્યો. અહીં ગાડી બદલી શનિવારે આઠ વાગ્યે પારીસ પહોંચ્યો.

સ્ટેશને સામાન મૂકી સોમચંદભાઇ (વૃદ્ધિલાલ-વાળા) ને ત્યાં ગયો. સોમચંદભાઈના સાળા અમૃતલાલ

ત્યાં હતા. તેમણે કહ્યું કે હું એકલો છું અને તમે સાથે રહેશો તો મને વાંધો નથી. હું ધારતો હતો કે કોઈ સારી હૉટેલમાં જ્યાં વેજીટેરીઅન ખાણું મળી શકે તેનું નામ દેશે, પણ તેને બદલે ત્યાં જ રહેવા કહ્યું. અમૃતલાલે ત્રણ દિવસ સુધી સારી મહેમાનગત કરી. હિન્દુસ્તાનની રસોઈ પણ ખૂબ આનંદથી અહીં ખાધી. બપોરે પારીસ શહેર જોયું. રાત્રે રંગીન ફૂવારાવાળો ડાન્સ (નાચ) પણ જોયો. પારીસ ખૂબ આનંદી અને રઢિયાળું શહેર લાગ્યું. લોકો પણ ઠંડકથી કામ કરે. કોઈને પણ ઉતાવળ હોય એવું લાગે જ નહિ. સોમચંદ-ભાઈ મોતીના વેપારી હતા. તેમણે એક નોકર (ઝેકો-સ્લોવાકિયની) રાખી છે. તે ઘરનું બધું કામ કરે છે. તેને રહેવા ખાવા પીવા સાથે રૂા. ૧૧૦ નો પગાર હતો. બાઈ બધું દેશી રાંધવાનું પણ શીખી ગઈ છે.

આજે તો આખો દિવસ આરામ લીધો. બપોરે થોડી ચીજો પણ ખરીદી. મારૂં ઘડિયાળ ટાઈમ બરોબર આપતું નહોતું તેથી સારૂં ગજવામાં રાખવાનું એક ઘડિયાળ ખરીદ્યું. અમૃતલાલભાઈને ઘડિયાળીની ઓળખાણને લીધે સસ્તામાં મળતું હતું તેથી લઈ લીધું. કાલને માટે એરોપ્લેનની ટિકિટ પણ લઇ લીધી. ત્રણસો ફ્રાંક એરોપ્લેનની ટિકિટના અને ૨૭૩ ફ્રાંક સેકંડ કલાસ ટ્રેનના હતા. લગભગ ૧૦ કલાકનો ફેર પડતો હતો તેથી ઊડવાનું જ નક્કી કરી નાખ્યું. અહીં આજે વરસાદ અને ઠંડી પણ સારા પ્રમાણમાં હતાં. પણ તબિયત બહુ સારી રહી હતી.

સવારે લગભગ સાડા દસ વાગતાં એરોપ્લેનમાં બેઠો. બારીઓ ચારેબાજુ બંધ હતી તેથી પવન તો નહોતો લાગતો પણ ખૂબ અવાજને લીધે કાન પર થોડી અસર બે કલાક સુધી પાછળથી રહી હતી. હું એકલો જ હોવાથી પાઈલટ સાથે વાતો કરવાની ખૂબ ગમ્મત પડી. એરોપ્લેન ચાલુ–કલાકના ૧૦૦થી૧૧૦ માઈલની–ઝડપથી જતું હતું. જ્યારે ઊતરતું ત્યારે થોડીક લબકારાની અસર થતી હતી. સવા બારે તો ક્રૉયડન પહોંચ્યો. એરોપ્લેન વાદળાંમાં નહિ, પણ સાધારણ રીતે વાદળાં ઉપર જ ઊડતું હતું. નીચે અદ્દભુત દેખાવો ખડા થતા હતા. ઇંગ્લિશ ખાડી આખી નજરે પડી હતી. દિવસ ચોકખો હોવાથી જોવાની મજા ખૂબ પડી. ક્રૉયડનથી લંડન જતાં એક કલાક ને ત્રીસ મિનિટ મોટરબસમાં થઈ. શૉફર સારો હતો તેથી લગભગ બધી જ જાણીતી જગાઓ અને રસ્તાઓ મને દેખાડયા. ટેમ્સ નદી, તેનો જાણીતો પૂલ, વેસ્ટમિનિસ્ટર દેવળ, પાર્લમેન્ટનું મકાન, ઇન્ડિયા ઑફિસનું મકાન, વ્હાઈટ હોલ વગેરે બધું જોઈ અંતે મને Indian Students Home પર ઉતાર્યો. હું ઊતર્યો પણ પાછળથી મને પસ્તાવો જ થયો. આ કલબ લંડનમાં હિંદી જાનવરના સંગ્રહસ્થાનના નામે પ્રખ્યાત છે. કોઇ સારી હૉટેલ જેટલો ચાર્જ લેવા છતાં કોટડી અંધારિયા જેવી હતી. બપોરે દોઢ વાગ્યાના શુમારે હું ત્યાં પહોંચ્યો. બપોરે લંચ લીધું, પણ દેશી ખાવાનું તદ્દન કચરા જેવું મળ્યું. તરત જ અમેરિકન એકસ્પ્રેસની ઑફિસમાં ગયો અને મારી ટપાલ જોઈ. તમારા પત્રો મળ્યા. જો થોડો મોડો પડયો હોત તો સ્ટીમર બ્રેમેનમાં પૅસેજ ગુમાવત. કારણકે ત્યાંથી લખ્યું હતું કે પૅસેજના પૈસા મળ્યા છે, પણ જનારનું નક્કી નથી; તેથી એ લોકોએ બુક કરેલો પૅસેજ પાકો કર્યો નહોતો. બાકીનો દિવસ તો પિકૅડીલી–લંડનની મોટામાં મોટી–સ્ટ્રીટ કહેવાય છે ત્યાં ફર્યો.

બીજે દિવસ સવારે હિંમતનો મિત્ર ચંદ્રકાંત મળ્યો. મુંબઈ, કૉલેજ વગેરેના સમાચાર પૂછ્યા. તે દિવસ આખો તેની સાથે જ લંડનમાં ફર્યો. સાંજે જયંતકુમારને ત્યાં વાળુ કરવાનું હતું તેથી ત્યાં ગયો. બે દિવસ માટે હૉટેલમાં ઊતરવાની જરૂર જ નહોતી એમ તેમણે કહ્યું. મહેમાની ખૂબ કરી. તે દિવસ રાત્રે લંડનમાં જે કોઈને મળવું હતું તેમને મળી લીધું.

બીજે દિવસે સાડા નવ વાગ્યે શાન્તિના મિત્ર સાથે તેની મોટરમાં પોર્ટ્સ્મથ (લંડનથી સિત્તેર માઇલ દૂર) છે ત્યાં ગયો. તેની સાથે પણ ખૂબ ગમ્મત કરી. રસ્તાઓ સારા અને સ્વચ્છ હોવાથી અમે આખો માર્ગ સારી ઝડપથી પસાર કર્યો. બપોરે દોઢ વાગ્યે તેમની રજા લઈ વાઇટ ટાપુ માટે બોટમાં રવાના થઈ ગયો.

પોર્ટ્સ્મથથી ત્રીસ મિનિટમાં વાઈટ બેટ પહોંચ્યો અને ત્યાંથી ત્રીસ મિનિટ ટ્રેનમાં બેસી શેકલીન ગામ ગયો. આ ઇગ્લંડનું જાણવાલાયક ઉનાળાનું વિહાર-સ્થાન છે. દરિયાકિનારે હતું અને ઉનાળાને લીધે લીલું હતું. ઉપેન્દ્ર અહીં કામ કરે છે. તેણે મને

કાગળ લખી ખાસ મળી જવા કહ્યું હતું. છેવટે ઇંગ્લિશ ઢબનું ગમડાનું જીવન જોવા મળશે તે જાણી ત્યાં ગયો. ખરેખર, યુરોપનાં શહેરોમાં ફર્યાં પછી લંડન બહુ dull લાગતું હતું. આખો દિવસ અંધારું અને ઘરો પર પણ કાળાશ લાગતી હતી. ખાસ કરીને શેકલીન તો પ્રમાણમાં બહુ જ સરસ લાગ્યું. ઉપેન્દ્રભાઈ સાથે ફર્યો અને રાતે પણ ખૂબ મજા કરી. તેમની લૅન્ડલેડી ભલી બાઇ હતી. ઘરમાં બધા જ પ્રકારની સગવડ છે. વળી રેડીઓ, ટેનિસ કોર્ટ અને બગીચો છે. એક દિવસ રહેવા ખાવાના આઠ શિલિંગ છે. જોકે લાંબો વખત રહે તો સસ્તું કરી શકે. ઉપેન્દ્રભાઈને પાંચ જ શિલિંગ આપવી પડે છે. આવી સુંદર જગ્યામાં મહિનાઓ પણ ચાલ્યા જાય તો ખબર ન પડે. નજદીકમાં દરિયો હોવાથી ઉનાળામાં નહાવાનો લાભ પણ અહીં સારો મળે. ઉપેન્દ્રભાઈની લૅન્ડલેડીનાં ઘરનાં માણસો પણ વેજીટેરીઅન છે. અહીં વેજીટેરીઅન એટલે ઈંડાં અને માછલી ખાઈ શકે. આ બે વસ્તુ ખાવાની છૂટ હોય તો અહીં ગમે તે માણસ વેજીટેરીઅન રહી શકે છે.

આજે સવારે શેકલીન છોડી રાઈડ પર ગયા અને ત્યાંથી બોટમાં બેસી હું અને ઉપેન્દ્રભાઈ સાઉધમ્પ્ટન ગયા. બપોરે સાડા બારને શુમારે હું અમેરિકા માટે સ્ટીમર બ્રેમેનમાં રવાના થઈ ગયો. ક્યાં રજપુતાના–આ તો ૫૧,૭૬૮ ટનની જંગી સ્ટીમર! ખૂબ ઝડપથી જતી હતી. ટ્રૂરિસ્ટ સ્ટીમરમાં લોકો ખૂબ મળતાવડા અને આનંદી હતા. ચેસ અને બ્રિજ રમતાં આવડતાં હોવાથી આ લોકો સાથે સારા પ્રમાણમાં મળી શકાયું, નહિતર કંટાળો આવે. ડૅક પરની રમતોમાં તો પિંગપોંગ અને રિંગો હતી. રાતે તો નાચ અને પીણાં. આપણને ન આવડે તેથી જોયા કરવાનું. પાંચ દિવસો તો જોતજોતાંમાં પસાર થઇ ગયા.

અંતે ન્યૂ યૉર્કનું બારું દેખાયું.…ઓગણીસ વર્ષની ઉમ્મરે આટલે દૂર સુધી આવેલો એટલે સરહદમાં દાખલ થવા ન દે. ઑફિસર કહે કે તમે નાના છો માટે તમારી સાથે બાઈ આવશે અને તમને સાચવીને ન્યૂ યૉર્કમાં મૂકી જશે. મેં ખૂબ રકઝક કરીને કહ્યું કે મારા મિત્રો અને મારો ભાઈ બહાર લેવા આવ્યા છે; ત્યારે સ્ટીમર ઊતર્યો ત્યાં સુધી બાઈ સાથે મોકલી ! અહીં શાંતિ, અંતુભાઈ, મિ. બાજપાઈ વગેરેને મળ્યો પછી જ બાઈ ચાલી ગઈ!

ફર્સ્ટ કલાસમાં બ્રેમેનમાં ૬૦૦ પૅસેન્જરો હતાં અને બાકીના ૬૦૦ બીજા કલાસમાં હતાં. ટૂરિસ્ટ થર્ડ અને સેકન્ડ વચ્ચેનો છે. ખાવાનું સાધારણ. ખાસ બનાવી ન આપે. વચ્ચે આટલાન્ટિકમાં દરીઓ એક દિવસ તોફાની રહ્યો હતો, પણ લાગ્યો નહિ. મુસાફરી એકંદરે સારી અને ઝડપથી થઇ. ખૂબ અવનવા પ્રસંગોમાંથી પસાર થયો.

—કાન્તિ

આમારી સ્ટીમર આજે રાત્રે ન્યૂ યૉર્ક પહોંચશે. આવતી કાલે સવારે ન્યૂ યૉર્ક ઊતરવા દેશે. એકંદર આખી મુસાફરી ઘણી આનંદદાયક નીવડી છે. આ સ્ટીમરમાં બીલકુલ દરિયો લાગ્યો નથી. ઉનાળો પૂરો થતો હોવાથી યુરોપથી સૌ અત્યારે પાછા ફરે છે. સ્ટીમરમાં કુલ ૧૧૦૦ પૅસેંજર છે. મને અંદરના ભાગમાં એક આદમીની કૅબિન મળેલી. પણ અહીં ઠંડી સારીરીતે રહે છે અહીંનો ટૂરિસ્ટ કલાસ વિકટોરિઆ સ્ટીમરના સેકન્ડ કલાસ જેવો કહી શકાય. સ્ટીમર મોટી એટલે ફરવાનો ડેક ઘણો મોટો છે. અને ખાવાનું સારું આપે છે.

વેજીટેરિઅન રહે તેને પૂરતી ચીજો મળી રહે છે. આ સ્ટીમરમાં યુરોપના લગભગ દરેક દેશના પ્રતિનિધિઓ છે. બધા મૂળ યુરોપના પણ અમેરિકામાં રહી શહેરી હકો મેળવેલા. તેમાં યે સૌથી મોટો ભાગ જર્મનોનો છે. આ લોકો અંગ્રેજોના જેવા અક્કડ નથી રહેતા. બધા એકબીજા સાથે છૂટથી વાતો કરે. મુસાફરી કરનારાઓનો મોટો ભાગ આધેડ વય અને વૃદ્ધોનો છે. જુવાનીમાં કમાવાની જંજાળ હોય એટલે અત્યારે જરા આરામ કરે.

અમે બધા મળી ચાર હિંદીઓ છીએ. એક ઉત્તર હિંદુસ્તાનના છે. અમેરિકામાં Electical Engineer થએલા બીજા હિંદુસ્તાનની-નાગપુરની કૉલેજના પ્રોફેસર ક્રિશ્ચિયન છે. આકૃતિ–રંગ–ચહેરા અને સ્વભાવમાં બરોબર કુમારાપ્પાને મળતા આવે છે. ફિલોસોફીમાં Ph.d. માટે ન્યૂ યૉર્ક જાય છે. ત્રીજા મિ. ચાગલા અને ચોથો હું. અમે આજે બપોરે પહોંચવાના હતા, પણ ગઈ કાલે એક તોફાન નડ્યું. આખો દિવસ સખત પવન ફૂંકાયો અને વરસાદ પણ પડ્યો. કૅપ્ટનને પૂછવાથી જણાયું કે પવન કલાકના

સો માઈલની ઝડપે ફુંકાતો હતો. પહાડ જેવડાં મોજાંનું વાર્તામાં વાંચેલું તે નજરે જોયું. આવી રાક્ષસી સ્ટીમર પણ રમકડાની માફક ડોલતી હતી. આજે દરિયો તદ્દન શાંત છે. મને દરિયો બીલકુલ લાગ્યો નથી. ગઈ કાલે પણ નિયમિત જમવા ગયો હતો અને પેટ ભરીને ખાધું હતું.

લંડનથી બે પત્રો લખેલા છે. તે પછી એક પત્ર શેરબુર્ગથી અને બીજો પત્ર ન્યૂ યૉર્ક પહોંચીને તરત જ નાખેલો છે. અમારી એટલાન્ટીકની મુસાફરી ઘણી સરસ નીવડી તેને માટે મેં પહેલા પત્રમાં થોડુંક લખ્યું છે. સ્ટીમરમાં ઘણાખરા જર્મનો જ હતા. તે સિવાય ફ્રાંસ, પોલાંડ અને હંગેરીના પણ હતા. બધા અમેરિકાના શહેરી થએલા. અમેરિકનો બહુ જોયા નહિ. બધા સ્વભાવે ઠીક મળતાવડા હતા. જર્મન ભાષા બહુ બોલાતી હતી. હિંદુસ્તાનના છીએ એમ જાણે એટલે તરત જ ગાંધીજી માટે પૂછે. શું કરે છે વગેરે. ન્યૂ યૉર્કમાં તો ટૅક્સી ડ્રાઈવર ને મજૂર પણ ગાંધીજીનું નામ જાણે.

સ્ટીમરમાં ઠંડી ઠીકઠીક પડતી હતી. મારી પાસે પૂરતાં ગરમ કપડાં હતાં એટલે કંઈ વાંધો નહોતો ચોથે દિવસે ઘણું તોફાન નડયું. રાક્ષસી મોજાં બોટના ડૅકથી પણ ઊંચાં ઊછળતાં હતાં. બીજી જ ક્ષણે સો–દોઢસો ફૂટ ઊંડો ખાડો પડે. આવી મોટી સ્ટીમર પણ રમકડાની માફક ઊછળતી હતી. તોફાન કોઈ વાર શિયાળામાં થાય છે. અત્યારે તો અચાનક નડયું. તોફાનને દહાડે પેટ ભરીને ખાધેલું. ખાવાનું ઠીક હતું, વેજીટેરીયનને પસંદગી કરવાની ન રહે. મેનુમાંથી ચીજો શોધી કાઢીએ તો પૂરતી મળી રહે. સ્ટીમર રવિવાર તા. ૧૧ મીએ બપોરે એક વાગે ન્યૂ યૉર્ક પહોંચવાની હતી. એ જ સમયે હિંદુસ્તાન છોડયું હતું તે યાદ આવતાં આનંદ થયો. પણ તોફાનને લીધે દસ કલાક મોડી થઈ. છેલ્લા દિવસે રશિયા વિષે એક પ્રોફેસરે ભાષણ કર્યું. અમેરિકન યેઇલ યુનિવર્સિટીના સમાજશાસ્ત્રના એ પ્રોફેસર હતા. રશિયા ચાર વખત જઈ આવેલા છે. ઘણો લાંબો વખત ત્યાં રહેલા છે. રશિયાનાં વખાણ કર્યાં. તરત જ બીજા રશિયન પ્રોફેસરે એથી વિરૂદ્ધ વાતો કરી. રશિયન પ્રોફેસરે આખી જિંદગી રશિયામાં કાઢેલી. ત્રણ ચાર વર્ષ પહેલાં રશિયા છોડેલું. એક પ્રોફેસર કહે કે અમેરિકન સરકાર રશિયાને નથી સ્વીકારતી એ મૂર્ખાઈ છે; બીજો કહે એ બરોબર છે, સ્વીકાર ન જ કરવો જોઇએ. આ સાઠમારીમાં એક અમેરિકન વેપારીએ તોડ કાઢયો કે અમેરિકન સરકાર કરે તો તેના વેપારને ફાયદો થતો હતો, અને બીજા વેપારીઓને પણ ફાયદો થવો જોઇએ. બીજા કોઈને કંઈ કહેવાની ઊર્મિ થઇ આવે ત્યાં તો આઇલૅંડ દેખાવા લાગ્યો. ન્યૂ યૉર્કની ભાગોળે સૌ આવી પહોંચ્યા હતા, એટલે બધા વેરાઇ ગયા.

કોનીઆઇલૅંડ એ ન્યૂ યૉર્કનું આનંદસ્થાન છે. રાત્રે દેખાવ ઘણો સરસ લાગતો હતો. અમારે તો બીજે દિવસે સવારે ઊતરવાનું હતું. આખી રાત હડસન નદીના મુખ ઉપર સ્ટીમર પડી રહી. સવારે આઠ વાગ્યે ડૅક ઉપર પહોંચ્યા. મગનભાઇને તાર કરેલો એટલે તેમણે મિ. બાજપાઇને સામે લેવા મોકલેલા. પેસેંજર બહુ હતાં. એટલે નીચે ઊતરતાં બહુ વાર લાગી. ઇમીગ્રેશન વિધિ ત્રણચાર મિનિટમાં ખલાસ થઈ થઈ ગયો. બેચાર સવાલો પૂછયાઃ કેટલા પૈસા લાવ્યા છો, કયાં અભ્યાસ કરવાના છો અને કેટલાં વરસ? M. I. T. નું અહીં સારૂં માન છે. એનું નામ સાંભળીને કહ્યું કે ઘણી સરસ કૉલેજ છે. અત્યારે એક વર્ષની રજા મળી છે. પછી દર વર્ષે કૉલેજના ડીનની મારફત વધારાની રજા માગવાની, એટલે એ લોકોને ખાત્રી થાય કે હું બરોબર અભ્યાસ જ કરૂં છું. જ્યાં સુધી અભ્યાસ કરો ત્યાં સુધી રજા આપ્યા કરે. કોઇને પણ અહીં ધંધો કરવો હોય તો તેને પ્રોફેશનલ તરીકે આવવા દે છે. જેમકે વકીલાત કરવી હોય, એન્જિનિઅર, ડાકટર, વેપારી વગેરે. આવી લાયકાત વગરનાને મજૂર વિભાગમાં ગણે છે. તેને માટે કાયદા બહુ કડક છે. હું અહીં ડિગ્રી લઇ અમેરિકા છોડું અને તરત પાછો આવી શકું, કારણકે મારી પાસે ધંધાદારી તરીકે કામ કરવાનું પ્રમાણપત્ર હોય.

જગાતનો વિધિ પણ સરળતાથી પતી ગયો જેવું કડક ધાર્યું હતું તેવું કંઇ નીકળ્યું નહિ. આપણે ગૃહસ્થ છીએ એમ માનીને જ વર્તે છે. મુંબઇની જેમ આપણને ચોર નથી ધારતા. મારી બૅગો ઉપરઉપરથી જોઈ લીધી. બધું પતાવી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીગૃહ (ઇન્ટરનેશનલ હાઉસ ફૉર સ્ટુડન્ટસ) માં ગયા. અહીં જુદાજુદા દેશના વિદ્યાર્થીઓ રહે છે. લગભગ ૮૦૦

ઓરડા છે. મિ. રખીત કરીને એક હિંદી ગૃહસ્થ એની વ્યવસ્થા કરે છે. રહેવાનો રોજનો દોઢ ડૉલર આપવો પડે. અઠવાડિયાના હિસાબે રહો તો ઘણું સસ્તું પડે. સારી હૉટેલમાં માત્ર રહેવાના જ પાંચ ડૉલર આપવા પડે. જમવાના એક ટંકના લગભગ ૪૦ સેન્ટ થાય છે. (૧૦૦ સેન્ટનો એક ડૉલર) નારતાના ૨૫ સેન્ટ પડે. ત્યાંનો રૂપીઓ અને અહીંનો ડૉલર વાપરવામાં બરોબર થઈ રહે. સોમવાર અને મંગળવાર ન્યૂ યૉર્ક રહ્યો. મગનભાઈની મહેમાનીનો સારો લાભ લીધો. બંને દિવસ સાંજે એમને ત્યાં જ જમ્યો હતો. એ અને મિ. બાજપાઈ મિત્રો છે. બંને ઘણા ભલા અને સરસ છે.

ન્યૂ યૉર્કમાં મિ. બોવનને મળી આવ્યો. એમણે બૉસ્ટનમાં એક જણની ઓળખાણ આપી છે. એમના મુખ્ય મૅનેજર સાથે પણ ઓળખાણ કરાવી. મારી સાથે તેઓ એમ્પાયર બિલ્ડિંગ દેખાડવા આવ્યા. આ મકાન ૧૦૨ માળનું અને ૧૨૦૦ ફીટ ઊંચું છે. આખી દુનિયામાં એ સૌથી ઊંચું મકાન છે. હજી બે વરસ પહેલાં જ બંધાયું છે. અહીં ઠેકાણેઠેકાણે નાનાં મકાનો તોડી પાડી ગંજાવર મકાનો બાંધે છે, છતાં આ લોકો કહે છે કે અમારી પાસે હમણાં પૈસા ઓછા થઈ ગયા છે ! નાણાંની છોળ ઊડતી તે ઓછી થઈ એને આ લોકો મોટું depression (મંદી) ગણે છે. મિ. બોવને અવારનવાર કાગળ લખવાનું કહ્યું છે. મિસિસ વ્હાઈટના ભાઈ ગામ બહાર દૂર રહે છે, એટલે તેમને મળવા નથી જઈ શક્યો. નાતાલમાં કદાચ ત્યાં જઈશ તો તેમને મળીશ. તેમને અહીંથી એક કાગળ લખી નાખ્યો છે. બીજે દિવસે વૉલસ્ટ્રીટ જોઈ આવ્યો. પંદર માળથી નાનું મકાન જ ન મળે, એટલે રસ્તા પર ધોળે દિવસે અંધારું લાગે. ધંધામાં અહીં ખૂબ મંદી છે. છેલ્લાં બે વરસથી એવું જ ચાલે છે, એટલે શેર બજારનું કાર્ડ પણ બહુ સસ્તું. ફક્ત એક લાખ ડૉલર. સારા વખતમાં પાંચથી દસ લાખ સુધી બેસતા.

ન્યૂ યૉર્કમાં રસ્તા કે મકાન શોધવાં તદ્દન સહેલાં છે. લાંબા ટાપુ ઉપર આ શહેર વસેલું છે. બંને બાજુએ નદી અને ત્રીજી બાજુ સમુદ્ર. આઠદસ લાંબા મોટા રસ્તા અને તેને કાટખૂણે કાપતી બીજી નાની ગલીઓ. તે પહેલી, બીજી, ત્રીજી એમ નંબરથી ઓળખાય. ડૉ. હોમ્સે ઠેકાણું બદલ્યું છે એટલે મળી ન શક્યો. પછી શોધી કાઢીશ.

બુધવાર તા. ૧૪ મીની બપોરે બૉસ્ટન આવ્યો. ન્યૂ યૉર્કથી બૉસ્ટન પહોંચતાં પાંચ કલાક લાગે છે. અત્યારે હું વિનાયકની સાથે જ રહું છું. એની તબિયત ઘણી મજાની છે. લૉવેલમાં જવાનું જ નક્કી કર્યું છે. M. I. T. માં ટેક્સ્ટાઈલ ડિપાર્ટમેન્ટ છે તો ખરું, પણ તે મશિનરીને લગતું. આ ડિપાર્ટમેંટમાં એક બંગાળી ગૃહસ્થ મિ. વિશ્વાસ પ્રોફેસર છે. પંદર વર્ષ પહેલાં તે અહીં આવી મજૂરી કરી ભણ્યા. મોટી ટૅક્સ્ટાઈલ મીલોમાં વર્ષો સુધી કામ કરેલું છે. રૂના વણાટકામમાં એ ઉસ્તાદ ગણાય છે. તે એક મીલ-માં હતા. મંદીમાં દેવાળું કાઢ્યું એટલે M. I. T માં જોડાયા. કોઈ મીલ M. I. T. માટે હોશિયાર માણસ માગે તો એમને મોકલે. અહીંનાં કારખાનાં અને કૉલેજો વચ્ચે આ રીતનો સંબંધ સારો છે. મિ. વિશ્વાસ થોડા વખતમાં આ રીતે કોઈ મીલમાં જવાના છે. તેમણે પણ લૉવેલમાં જ જવાનું કહ્યું. ત્યાં રંગવાનું અને છાપવાનું ઘણું સરસ થાય છે. ટેક્સ્ટાઈલ માટે અમેરિકામાં તે સારામાં સારું છે. અહીં ધર્માનંદ કોસંબીજીને પણ મળી આવ્યો. એક વર્ષથી અહીં જ હતા. આવતે મહિને હિંદુસ્તાન આવવા રવાના થશે.

આવતી કાલે લૉવેલ જઈને બધું નક્કી કરી આવીશ. વિનાયકે લૉવેલમાં કાગળ લખી મારે માટે પૂછાવેલું. એ લોકો ખુશીથી દાખલ કરશે અને કરેલા વિષયોની ક્રેડિટ આપશે.

અહીં રશિયન અને ચીના વિદ્યાર્થીઓ ઘણા આવે છે. અત્યારે M. I. T. માં જ ચાળીસેક રશિ-યન અને એટલા જ ચીના છે. દર વર્ષે દસથી વીસ રશિયનો તો હોય જ. જર્મની તેમને નજીક છે, છતાં અહીં કેમ આવતા હશે એ સમજાતું નથી. રશિયન સરકાર ખાસ અહીં મોકલે છે. દરેકને વર્ષે ૧૮૦૦ ડૉલર ખર્ચના મળે છે. હિંદી વિદ્યાર્થીઓ સાથે તેઓ સારો પ્રેમ રાખે છે.

અહીં રહેવાનું તદ્દન અનુકૂળ બની ગયું છે. તબિયત સરસ રહે છે. રાત્રે ઠંડી અને દિવસે ગરમી પડે છે. હજુ બરાબર શિયાળો બેઠો નથી. મારા અભ્યાસ વિષે ગયા પત્રમાં લખ્યું છે. અહીં બહારના વિદ્યાર્થીઓને

બધી જાતની સગવડ કરી આપે છે. જુદાજુદા વર્ષમાંથી કોર્સ લેવા દે છે, એટલે કોઈ પણ વિષય રહી નથી જતો અને કોઈનું પુનરાવર્તન નથી થતું.

અહીં જિંદગી તદ્દન નિયમિત થઈ ગઈ છે. સવારે સાત વાગ્યે ઉઠી, શૌચ વગેરે પતાવી સાડાસાતે નાસ્તો લઉં છું. નવ વાગ્યે કૉલેજ શરૂ થાય છે. બપોરે ૧ થી ૨ જમવાની રજા મળે છે. ૨ થી ૫ કૉલેજ હોય છે. સાંજે થોડું ફરી ૬ાા વાગ્યે જમી લઉં છું. અમેરિકામાં સાંજે વહેલાં જમે છે. સામાન્ય રીતે ૬ાા વાગ્યે જમી લે. હું રહું છું એ કુંટુંબનાં માણસો બહુ સારાં છે. ખાવાનું ઘણું સારૂં આપે છે. મારૂં વજન વધે છે. મને કહ્યું કે મારે ત્યાં ત્રણ ચાઈનીઝ વિદ્યાર્થીઓ રહેતા હતા. ચાર વર્ષ રહ્યા. આ જુલાઇમાં ચીન ગયા. દરેક જણ ૨૫ થી ૪૦ રતલ વજન વધારીને ગયો છે. તમારે એમ જ કરવું પડશે. એટલે મારી તબિયતની બીલકુલ ચિંતા કરશો નહિ. શિયાળો નજીક આવે છે એનો પૂરો લાભ લઈશ.

સવારથી સાંજ સુધી કૉલેજ અને રાત્રે વાંચવાનું, એટલે દિવસો જલદી પસાર થતા જાય છે.

અહીંથી ટપાલ નિયમિત નથી જતી. ઇંગ્લંડ સ્ટીમર જાય એની ઉપર આધાર છે. એટલે હું અહીંથી નિયમિત કાગળ લખીશ તોપણ કોઈવાર તમને નિયમિત ન મળે અને બે કાગળ સાથે મળે એવું બનશે.

શાન્તિ

સાગર અને મેઘ

સાગર: મારા હૃદયમાં મોતી ભરેલાં છે.

મેઘ: હા, તે જ મોતીઓ; જેનું કારણ છે મારાં બિંદુઓ.

સાગર: હા, હા; એ તે જ પાણીનાં બિંદુઓ; જેનું તું અપહરણ કરે છે. વાહ ! ચોરીનો ગર્વ ?

મેઘ: હા, હા, તે જ પાણી; જેને મારી પાસેથી લઇને વરસાદથી ઉમટતી નદીઓ તને અર્પણ કરે છે.

સાગર: એ તો ઠીક; પણ શું આઠ મહિના સુધી નદીઓ મને કર નથી આપતી ?

મેઘ: (જરા હસીને) ઠીક, ઠીક યાદ દેવડાવ્યું. મારૂં આપેલું દાન મોટે ભાગે તે પૃથ્વી પાસે થાપણ તરીકે રાખી મૂકે છે. અને તેથી જ તેમનામાં કર આપવાની નિરન્તરતા કાયમ રહે છે.

સાગર: હે બલાષ્પમય શરીર ! શા માટે મોટીમોટી વાતો કરે છે ? છેવટે તો તારે નીચે આવીને મારામાં જ વિલીન થવું પડશે.

મેઘ: હે ખારની ખાણ ! સંસારમાં સૌથી નીચો, આખી પૃથ્વીનો વિકાર, તને હું શુદ્ધ અને મિષ્ટ બનાવીને ઉચ્ચ સ્થાન આપું છું. અને પછી મુજ અમૃતવારિધારાથી તને તૃપ્ત અને શીતલ કરૂં છું. તેનું જ આ ફલ છે ને ?

સાગર: હા, હા; પણ તું તો બીજાનાં કર્તવ્ય પર ગર્વ કરે છે. સૂર્યનો યશ પોતે લેવા આવે છે. પારકાનો શ્રમ અને પોતાનો યશ ? ધિક્ ધિક્ !

મેઘ: (અટ્ટહાસ્ય કરીને) શું હું ચાર મહિના સુધી સૂર્યને વિશ્રામ નથી આપતો ? એ તો માત્ર તેના બદલામાં આ કામ કરે છે. તેનું આ કર્મ મારી સંપત્તિ છે. તે તો બદલામાં માત્ર વિશ્રામનો ભાગી–અધિકારી છે.

સાગર: તેમ હું પણ તેને પ્રતિદિન વિશ્રામ આપું છું.

મેઘ: અને તેના બદલામાં તો તે તારૂં શોષણ કરે છે.

સાગર: છતાં હું મારૂં વ્રત છોડતો નથી.

મેઘ: ધન્ય રે વ્રતી ! શું તું સૂર્યને તે દાન શ્રદ્ધાપૂર્વક આપે છે ? શું તે તારૂં જલ બળજોરીથી નથી લઈ લેતો ?

સાગર: (ગંભીરતાથી) અને વાડવ (સમુદ્રાગ્નિ) જે મને અહોનિશ બાળ્યા કરે છે, છતાં હું તેને હૃદય સાથે ચાંપી રાખું છું. તે ઉપર તો જરા ધ્યાન આપો.

મેઘ: (જરા હસીને) હા, એમાં તો તારો શુદ્ધ સ્વાર્થ ભરેલો છે. જો વાડવાગ્નિ તને ન બાળે તો પછી તારી મર્યાદા ન રહે.

સાગર: (ગર્જન કરીને) તો તેમાં મને શી હાનિ ? હા, હું જો મર્યાદિત ન રહું તો પ્રલય અવશ્ય થઈ જાય.

મેઘ: (નિશ્વાસ લઇને) અહો, આવી હિંસાવૃત્તિ ? શું મર્યાદાનાશ કોઈ સામાન્ય વસ્તુ છે.

સાગર: થયા કરે ! મારો આવાસ તો વધી જશે.

મેઘ: અહો, ઉચ્છૃંખલતાની આટલી મોટાઈ!

સાગર: જરા પોતાની તરફ તો જો; વાયુરૂપ થઈને આકાશમાં આમતેમ માર્યો માર્યો ફરે છે તે.

મેઘ: તમારા જ્ઞાનને ધન્ય છે. જો હું સમસ્ત વ્યોમમાં ફરીને સંસારનું નિરીક્ષણ ન કરું અને જ્યાં જરૂર હોય ત્યાં જીવનદાન નહિ કરું તો આ રસાલ ધરણી નીરસ બની જાય; ઉર્વરા મટીને વંધ્યા થઈ જાય. તું નીચે રહેનાર, અમ ઉપરવાળાઓના આ તત્ત્વને શું જાણે?

સાગર: જો તું મારી ઉપર છે, તો હું પણ તારે માટે ઉપર છું. કેમકે આપણ બન્નેનું આકાશ એક જ છે.

મેઘ: હા, સમજ્યો. આવી યુક્તિઓ તે લોકો કરે છે કે જેમનાં હૃદયમાં કાંકરા, પથરા, શંખલાં ને છિપોલિયાં ભર્યાં હોય.

સાગર: વારે, બલિહારી છે તમારી બુદ્ધિને. જે રત્નોને કાંકરા પથરા અને મોતીઓને છિપોલિયાં સમજે છે.

મેઘ: (ગડગડ કરીને હાસ્ય સાથે) તમારાં રત્નો તો દેવતાઓએ મંથન કરીને ક્યારનાં કાઢી લીધાં છે. હવે તમે પથરાઓને જ રત્ન સમજી બેઠા છો. ધન્ય છે તમારી સમજને!

સાગર: તો પછી માનવ એને માટે નિત્ય આટઆટલો શ્રમ કરે છે અને પોતાનો પ્રાણ ખોઇ બેસે છે તે બધું શું નકામું?

મેઘ: તે તો દેવતાઓની જૂઠી સ્પર્ધા કરવામાં મરી ફીટે છે.

સાગર: જે લોકોનું સ્વરૂપ ક્ષણે ક્ષણે બદલાયા કરે છે તેમની યુક્તિઓનો ક્રમ આવો જ હોય છે.

મેઘ: અને જેઓ એક પલ માટે પણ સ્થિર નથી રહી શકતા તેમના તર્કના નમૂનારૂપ તમારી વાતો છે. કેમ?

સાગર: અરે, સીમામાં રહેવાની મોજને અસ્થિરતા સમજનાર હે મૂર્ખ! ઢગલા જેવો તું તો માત્ર શોરબકોર જ કરી જાણે છે.

મેઘ: હા, હું ગર્જન કરૂં છું અને સાથે સાથે વર્ષણ પણ કરૂં છું. પણ તું તો.........

સાગર: એમ પણ કેમ નથી કહેતો કે વજ્રપાત પણ કરૂં છું.

મેઘ: હાં, આતતાયીઓને યોગ્ય દંડ આપવા માટે!

સાગર: એમ કેમ નથી કહેતો કે સ્વતંત્રોનાં વક્ષ કાપીને તેમને અમલ કરવા માટે.

મેઘ: હાં, સંસારને દલિત કરનારા ઉચ્છૃંખલોનો પક્ષ તું શા માટે ન લે. તું તેને સંતાડે છે ને?

સાગર: હું દીનોનું શરણ અવશ્ય છું.

મેઘ: ઠીક, એ જ દીનોની સહાયતા છે ને, કે સંસારનાં ઉત્પાતિઓ ને અપરાધીઓને સ્થાન આપવું અને સંસારને સર્વદા ભ્રમમાં રાખવો.

સાગર: દંડ તેટલો જ મળવો જોઇએ કે દંડિત સાવધ થઇ જાય. નહિ કે અપંગ થઈ જાય.

મેઘ: એ પણ કોઇ વાત છે કે આતતાયી લોકો સદા પોતાનું માથું ઊંચકતા રહે ને શાસક સદા તેની ચિન્તામાં શસ્ત્ર લઈ ને ઊભો રહે. પોતાના રાજ્યની બીજીઉન્નતિ કરવાનો તેને વખત નમળે.

સાગર: એક નાનાસરખા મૈનાક પર્વતની વાત કરો છો. પણ આટલા મોટા વિશ્વમાં તેની શી ગણત્રી?

મેઘ: તું એ વાતને નથી સમજી શકતો. મણ દૂધમાં અમ્લનું એક ટીપું જે કામ કરે છે તેવું જ કામ મૈનાકનું પણ.

સાગર: અને તું પોતાના હાથમાં નરકંકાલનો એક ટુકડો (વજ્ર) લઇને, બની ગયો મોટો બૃહસ્પતિ!

મેઘ: સૂરરાજ ઇન્દ્રના હથિયારની આવી અવગણના.! તું તો સાઠ સહસ્ર મર્ત્યોનો દ્રવ છે: એની ખબર નથી શું?

સાગર: તો શું એ સત્ય વાત નથી કે વજ્રની રચના માટે એક તપસ્વી ઋષિની હત્યા કરાવવામાં આવેલી.

મેઘ: હાં, કુલિશે (વજ્ર) પોતાની ઉત્પત્તિથી દધીચી મુનિની તપસ્યા સફળ કરી હતી.


સાગર: જીવ લેવો એ તો તમારે મન મોટી વાત નહિ ખરૂં?

મેઘ: અમો હત્યા, વધ, બલિદાન, હિંસા, નાશ વગેરેનો ભેદ સારી રીતે જાણીએ છીએ. આવા ગહન વિષયોને તું શું સમજે?

સાગર: હું હત્યારાઓ સાથે વાત કરવા નથી માગતો.

મેઘ: અને હું પણ આવા દુર્બલ હૃદય વાળા સાથે વાત કરવા નથી માંગતો—જે કાયરતા ને કાપુરુષતાને ધર્મ-ભીરૂતા માને છે. **શંકરદેવ વિદ્યાલંકાર**

(શ્રીરાયકૃષ્ણદાસજીના હિંદી ઉપરથી)



ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ માસનું પહેલા ઇનામને પાત્ર ચિત્ર 'ઉપહાર' ભાઈ જયંતી કે. મહેતા પાલનપુરથી મોકલે છે. એમાં ચિત્ર યોજના બધી રીતે સરસ છે. એકાંતનો લાભ લઈ આ બે જુદી જાતનાં જાનવરો સંપીને નાસ્તો ઉડાવે છે, તેમાં કુતૂહલ ઘણું જણાય છે. ચિત્રના નામ માટે હજુ વધુ વિચાર થવો જોઈતો હતો. બીજું ઈનામ 'બા, જો!' કહી બારી આગળથી ડોકું કાઢતો બાળક રંગુનથી શ્રી ઠા. લ. ગાંધીએ રજુ કર્યું છે. ચિત્ર નામનો પ્રભાવ દાખવતું નથી, પરંતુ બાલજીવનની કંઈક લિજ્જત તેમાં છે. આસપાસની સામગ્રી રોચક નથી. બારીના સળિયાને બહારની ખપાટિયાં વાળી બારીથી ગમગીની ઉપજે છે. ત્રીજું ઈનામ લેનાર દેવરામ રાજા (મોંબાસા) નું ચિત્ર 'કિલિન્ડિની નહેર' અથવા 'બરાકી પીઅર' સાદા નામ સાથે શોભતું અચ્છું ચિત્ર છે. આ ભાઈ એ ચિત્રને જરા કાળજીથી છાપ્યું હોત અથવા જરા મોટું બનાવ્યું હોત તો અમે તેને પ્રથમ ગણીને ખુશ થાત.

આ સિવાયનાં આ માસમાં આવેલાં બીજાં સારાં ચિત્રોમાં ભાઈ નૃસિંહ પરમાર (બનારસ) નું 'છુટ્ટીના દિવસો' વાળું ચિત્ર મોજ આપે એવું છે, પણ એમાં બાળકોના અભિનય કૃત્રિમ બની જતા લાગે છે, પાછળનું બધું દશ્ય ઉડાવી દઇ માત્ર દીવાલની ધાર પર એ નવરી ટોળી બતાવી હોત તો ચિત્રનો ઉઠાવ ઓર થાત. બ્રિટ્સ (આફ્રિકા) થી એસ. એ. બી. મિયાએ 'જંગલ' નામનું ચિત્ર મોકલ્યું છે. ભાઈ! આવા વિશાળ પ્રદેશનાં દશ્યો માટે ચોક્કસ સ્થળનું નામ લખવું જોઇએ. તમારા ચિત્રમાં વધુ બારીકાઈ સચવાઇ હોત તો સારૂં થાત. વડોદરાના ભાઇ શંકરલાલ, તમારૂં વરસાદના પૂરનું ચિત્ર પ્રાસંગિક માહીતી આપનારૂં છે. બનાવના દિવસોમાં જ તે કોઇ પણ દૈનિક સામયિક પ્રકટ કરે તો ઠીક ગણાય. 'કુમાર'માં તો ચિત્રરસ પ્રગટ કરતા ફોટોગ્રાફને જ આગળ સ્થાન આપવાની પ્રથા છે. ચંદ્રશંકર રાવળ (અમદાવાદ) ના, ચિત્રમાં છાયાવાળા ભાગોમાં વધુ ઉજાસની જરૂર રહી ગઇ છે. બાળકની ચેષ્ટા તે ચિત્રને અપાએલા 'પ્રથમ પાઠો' નામની બરોબર સૂચક નથી. રમેશચંદ્ર મહેતા (પાલનપુર)ના, ચિત્રમાં ફોટોગ્રાફી તથા પાત્રો ઠીક હોવા છતાં વસ્તુનું સૂચન બરાબર થતું નથી. ચિત્રમાં કયો વ્યવસાય છે તે ખેડુ જીવનનો પરિચય મેળવીને ઉતારો તો સારૂં.

કાસમભાઈ પાનવાળા (સુરત), તમે ફોટોગ્રાફી અચ્છી કરી છે: પણ પાત્રોને વધુ મહત્ત્વ આપવા સારૂ મોટાં લેવાં જોઇએ. તમારી નેગેટિવમાંથી એન્લાર્જમેન્ટ કરી નકામા ભાગ બાદ રાખી શકશો. એમ. એમ. મહેતા (મદ્રાસ), 'નિશાન' માંડનારાં તમારાં પાત્રો વધારે સૂચક ને આકર્ષક રીતથી સ્થળ ને વાતાવરણમાં ઉતારો. આ ઉપરાંત ઘણાં ચિત્રો કોઇપણ જાતની એકાગ્રવૃત્તિ વિના લેવાએલાં જણાયાથી તેની નોંધ જતી કરીએ છીએ. પણ તે મોકલનારા ઉપરની નોંધો પરથી પોતાના કામ માટે તોલ કરી શકે એવું ઈચ્છીએ છીએ.

કવિ ગોલ્ડસ્મિથે પહેલાં દાક્તરીનો અભ્યાસ કરેલો ને પદવી પણ મેળવેલી. એકવાર એક ગરીબ સ્ત્રીએ એને પત્ર લખી પોતાનો પતિ અતિશય બીમાર હોવાના ખબર જણાવ્યા. ગોલ્ડસ્મિથે એને ઘેર જઇ એને તપાસ્યો અને કહ્યું: 'હું રોગ ને ગરીબી બંનેની દવા મોકલું છું.' થોડી વાર પછી એ બાઇને એક નાની દાબડી મળી. તેમાં દસ ગીની હતી. ઉપર લખેલું હતું: 'જરૂર પડયે આનો ઉપયોગ કરજો. ધીરજ ધરજો, સદ્ભાવ ખોશો નહિ.'

અનેકાર્થી શબ્દ **સારંગ** માટે ભાઈ મૂળશંકર નર્મદાશંકર દ્વિવેદી, ગયા અંકમાં પ્રગટ થયા તે ઉપરાંતના નીચેના વધારાના અર્થ મોકલે છે: મોર, સર્પ, વાદળ, જળ, ચાતક, રાજહંસ, સિંહ, કામદેવ, રંગનું નામ, મધમાખી કપૂર, કમલ, આભરણ, પુષ્પ, છત્ર, શોભા, રાત્રિ, દીપક, સ્ત્રી, શંખ, વસ્ત્ર.

સદુપયોગ કરો

ધનવાન હોઇએ પણ ધન વાપરતાં ન આવડે તો ધન બોજા રૂપ છે.

જ્ઞાનવાન હોઈએ પણ જ્ઞાનનો સદુપયોગ કરી ન જાણીએ તો તે શાપ રૂપ છે.

શકિતમાન હોઈએ પણ તેનો સંચય કરી, સેવાર્થે તે ન વાપરીએ તો શકિત કલંક રૂપ છે.

પ્રાણવાન હોઇએ પણ પ્રાણને નિષ્ફળ તરંગ પાછળ વેડફી નાખીએ તો પ્રાણનું અપમાન કરીએ છીએ.

બધી વસ્તુ સદુપયોગ માટે છે.


ગિજુભાઈ

આફ્રિકાની માનવભક્ષી પ્રજા ચાળીસ વર્ષ ઉપરનાં મનુષ્યોને ખાતી નથી. યુવાનો સાવચેત!



ચોખાના એક દાણા ઉપર ૨૮૭૧ અક્ષરો લખનાર ઈ. એલ. બ્લાઈ સ્ટોન નામનો આ અમેરિકન દુનિયામાં સૂક્ષ્માક્ષરી લેખન કળાનો આંક તોડનારો ગણાય છે. નવાઈ જેવું તો એ છે કે એ બંને હાથે અપંગ જેવા છે. ૧૯ વર્ષની ઉમરે રેલવેના એક અકસ્માતથી એ પોતાના નિતંબ તથા પેડુનાં હાડકાં, જમણો હાથ અને ડાબાની કોણી ભાંગી બેઠા અને ડાબા હાથની ત્રણ આંગળીઓ કપાવી નાખવી પડી. દાક્તરોએ તેના જીવવાની આશા છોડી દીધી, પણ એક મહિનામાં તો તે સાજો થઇને ચાલતો ઘેર ગયો, અને એક વર્ષ બાદ પોતે જાતે યોજેલા બનાવટી હાથો પહેરીને ગેડીદડો રમવા લાગ્યો.

થોડાં વરસ પહેલાં બ્લાઈ સ્ટોને, એક દાણા પર ૪૦૦ અક્ષર લખવાનો એક હિંદીનો આંક તોડીને ૧૨૦૦ અક્ષર લખેલા. તે પછી એણે ૧૬૧૫ લખ્યા અને હવે ૨૮૭૧ લખ્યા છે. એ ચોખાનો દાણો તથા એની કલમ આ હકીકત પૂરી પાડનાર મિ. રિપ્લી તરફથી ન્યૂયૉર્કમાં ખોલાએલા 'માનો યા ન માનો' નામના ઑડીટોરિયમના પ્રદર્શનમાં મૂકાએલાં છે. આને લખવા માટે તેને મિ. રિપ્લીના હરીફાઇના પહેલા ઈનામની સીડાન મોટર મળી છે.



ચોમાસા દરમ્યાન કેટલો વરસાદ પડયો તે ઇંચથી મપાય છે એ તો સૌ જાણે છે. એક ઇંચ એટલે, જમીન પર પડતું પાણી શોષાયા વિના, ઢળી ગયા વિના કે સૂકાઈ ગયા વિના ભૂમિ પર જે રહે તો એક ઇંચની ઊંડાઈ થાય તે ગણત્રી છે. આને માટે ઉપરનું સાદું યંત્ર વપરાય છે. ડાબી બાજુએ બરણીમાં રાખેલા પ્યાલામાં ઉપરની ગળણીમાંથી પડતું વરસાદનું પાણી ઝીલાય, અને તે ચોક્કસ આંકાવાળા માપિયામાં રેડી કેટલા ઇંચ થયું તે માપી લેવાય.